
કુમાર



વર્ષ ઓગણીસમું · અંક પાંચમો · મે · ઓગણીસસો બેતાલીસ
તંત્રી · રવિશંકર મહાશંકર રાવળ : સંપાદક · બચુભાઈ રાવત
૨૨૧

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

કુમાર
મે ૧૯૪૨
અંક ૨૨૧

ચિત્રો

કવિતા

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક·બચુભાઇ રાવત, તંત્રી અને પ્રકાશક·રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬।।, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના: મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ; આર. આર શેઠની કું. અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં: નૂતન ફોટો સ્ટૂડિયો, રાવપુરા.

વર્ષ ૧૯ **કુમાર** અંક ૫

મે · ૧૯૪૨

ચપટી રાખ

· પૃથ્વી ·

હતા મનુજ તેય ને મનુજ હું ય છું: કિન્તુ ના
જરીક પણ સામ્ય છે જીવનના પ્રવાહો મહીં !
પડ્યા **સુગત**-કર્ણ બોલ જનશૂન્ય રાત્રિ મહીં,
સુતપ્ત રણવાલુકામહીં સુણ્યા ફરી ઈશુએ;
અને વતનથી ય દૂર, પશુતાભર્યા વર્તને
(મનુષ્ય પ્રતિ માત્ર માનવી જ જે શકે દાખવી)
મનુષ્યરચિયા કઠોર જડ વર્ણભેદો મહીં
સુણ્યાં જ વળી **ગાંધીએ** વચન તે ફરી કારમાં!

મને ન પથચિહ્ન! ના નયનનો ઇશારો જરી!
મને ન શિર પે અનન્ત નભતારકો કહે કદી!
અનેક મહીં એક હું ય વણજાર આ વિશ્વની
મહીં ભળી જઉં વિના જીવનધ્યેય કો;–કિન્તુ શું
શકીશ થઇ હું ન રાખ ચપટી ય?—જે કોઇ દી
ઉડી દુરિત કોકની તણખ કારમી ઠારશે ?

સ્નેહરશ્મિ

જનશૂન્ય રાત્રિમાં બુદ્ધને, પાલેસ્ટાઇનનાં ધીકતાં રણોમાં ઇશુને કે વતનથી દૂર પારકા પરદેશમાં કઠોર રંગભેદાનો પશુતાભર્યો અનુભવ કરતાં ગાંધીને કાને પડ્યા હતા એવા, જનપશુજગનો કલ્યાણયજ્ઞ રચવાનો આદેશ આપતા અદૃષ્ટના પ્રેરણાબોલ કાને પડવા જેવું મારું સુભાગ્ય નથી; હું ય તેમના જેવો માનવ છતાં અમારા જીવનમાં કશું જ સામ્ય જણાતું નથી; તો શું, આ જગતનાં અન્ય મનુષ્યોની જેમ કશા જ જીવનધ્યેય વિના મારે પણ વિશ્વની વણઝારમાં વિલીન થવાનું જ રહેશે ?–એમ વિમાસતું કવિનું અંતર ઝંખે છે કે હું એક ચપટી રાખ પણ નહિ થઈ શકું, કે જેથી કયાંક, કદિક, કોઈક દુરિતના તણખાને ઠારવાની યે જનસેવા કરી શકું ?

કડવી બદામ

· મિશ્ર ·

'એકાદશી ભીજી ભલે તું ના કરે,
પરન્તુ આજે નહિ એવું ચાલશે;
એકાદશી દેવપ્રબોધિની આ
કર્યાતણું પુણ્ય ઘણું ગણાય છે.'
દાદાતણા સાંભળી બોલ આવા,
મારે ન ઇચ્છા કરવાતણી છતાં
એકાદશી આ કમને કરી હતી.
ત્યાં બાર વાગ્યા, પડી પેટ ફાળ,
ભૂખેથી મારો જીવ તો મૂંઝાય !
ફરાળનું મોડું થશે હું જાણી,
ફંફોસતો સર્વે ડબા કબાટ.
ઘણી ઘણી શોધ પછી પરિશ્રમે,
ત્યાં હાથ લાગે જ ડબો બદામનો;
ઉભા ઉભા આહૂતિ આપતો હું
બદામની, મૂઠીથી મુખકુંડમાં.
અચિંતી ત્યાં તો કડવી બદામ એ
ચવાઇ મારાથી ગઇ અજાણમાં
'થૂ' 'થૂ' કરી હું થૂંકી નાખવા ગયો
બદામ ચાવેલી બધી મુખથી.
મીઠી બદામો પછી ચાખીચાખી
ખાધી ઘણી, તો ય પરંતુ પેલી
બદામ એની કડવાશ ના ખસી;
પરંતુ એથી ઊલટું મને તો
મીઠી બદામો કડવી જ લાગતી.
મેં તે સમે કારણ એનું શોધવા
કર્યાં હતા શક્ય પ્રયત્ન વ્યર્થ,
પરન્તુ આજે જ જવાબ એ જડે
કે માનવી જિંદગી આખી એવી છે.

અંબાશંકર જોષી

યાચના

તારાં ચુમી ચરણ હું નવ રાજ્ય યાચું,
યા સ્વપ્ન શાં તુજ મનોહર સ્વર્ગ વાંછું,
મારે પીડિત તુજ વિશ્વતણા જનોનાં
આંસુતણા વિલયની જ ઉરે તમન્ના.
એ એક-એક ક્ષણ આ જગદીશ આપ.

બંધુત્વભાવ સહુ માનવજનતનાનો
ને ભાઇના હૃદયમાં નિજ ભાઈ માટે
વાત્સલ્યનાં ઝરણ ત્યાગની ભાવનાની
ઝાંખી કરે મનુજઅંતર, તે ક્ષણે તો
તારે ય આ વિલયનૃત્યની ના અગત્ય.

આ અલ્પ આશા કરશે મુજ પૂર્ણ, ઇશ ?
ને અર્ધ્ય દગ્ધ ઉરનાં લઈ તું શકીશ ?

હૈદરઅલી હુસેન જીવાણી

આ પૃથ્વીના ગોળ સમાન સત્ય
સમગ્ર દેખાય ન એકદૃષ્ટ.

ર. સો.

મારી નજરે

ઉત્તર ભારતનાં કલાકેન્દ્રોના સંપર્ક અર્થે તંત્રીએ કરેલી સંસ્કાર-યાત્રાની પ્રવાસરેખાના આ નકશામાં ઘેરી લીટી પરનાં મોટા અક્ષરોવાળાં સ્થળોની મુલાકાતનાં રસપ્રચુર વર્ણનો ગયા વર્ષથી શરૂ થયાં છે. તેમાં ગયા અંક સુધીમાં શાન્તિનિકેતન અને કલકત્તા પૂરાં થયાં. હવે ઝરિયા અને પટણા આવે છે.



ઝરિયા

● કલકત્તે જતા આવતા પ્રવાસીઓને ભાગ્યે જ રાણીગંજ ને ઝરિયાની મુલાકાત લેવાનો ખ્યાલ આવે છે. પણ મારા પ્રવાસની જાહેરાત થતાં જ મારા ચિરકાળના સ્નેહી શ્રી પ્રાણજીવન પંડ્યાનો પત્ર આવ્યો કે તમે પ્રવાસમાં અહીં મુકામ કરવાનું ભૂલતા નહિ. ધનબાદ સ્ટેશન રસ્તામાં જ આવે છે અને ઝરિયા ત્યાંથી માત્ર પાંચ જ માઈલ છે.

બપોરે ત્રણ વાગ્યે કલકત્તાથી ઉપડતા તુફાન મેઈલમાં જગ્યા મેળવવા બે કલાક વહેલા હાજર થવું પડેલું; પણ તુફાન મેઈલના નામની સાર્થકતા તો સાંજે આઠ વાગ્યે અમે ધનબાદ સ્ટેશને ઉતારુઓનો ધસારો જોયો ત્યારે જ સમજાઈ. એકેએક બારીમાંથી માણસો અને સામાનનું તોફાનું ચાલુ થયું. તેમાંથી નીકળવાનો માર્ગ જ મળે નહિ. સાથીદારો સામાન એકઠો કરી સાચવતા ઊભા એટલે મેં ભાઈશ્રી પંડ્યા માટે નજર દોડાવવા માંડી. એમનું નાનપણનું હુલામણું નામ 'નાનાસાહેબ', અને મારી જીભે તો એ જ ગુંજતું હતું. એમના પિતાશ્રી સ્વ. હરગોવિંદદાસ પંડ્યા (મોટાભાઈ) દક્ષિણામૂર્તિના એક આદ્ય સ્થાપક અને સંચાલક તેમજ અમારા બાલ્યકાળના સંસ્કારસંવર્ધક પુરુષ હતા. કુટુંબ જેવો ગાઢો સંબંધ અને સ્નેહ એમના પુત્રો સાથે આજ સુધી ચાલુ હોવાથી હું તો તેમના પરિવારના મેળાપની ખાતર જ ધનબાદ ઊતર્યો હતો. પણ જોઉં છું તો આઠદસ સંભાવિત ગૃહસ્થોનું ફૂલહારો સાથેનું મંડળ દોરતા નાનાસાહેબ ડબ્બાઓ તપાસતા ચાલ્યા આવતા હતા. શાળા અને રમતના દિવસોમાંથી આજ હિંદના એક અગ્રણી ઉદ્યોગના એક કેન્દ્ર પર પ્રતિષ્ઠિત એન્જીનીઅર અને એજંટ તરીકે દીપી રહેલા એ મિત્રને એમના કાર્યક્ષેત્રમાં જ મળતાં જીવનનો પરમ સંતોષ અનુભવ્યો.

એ ઉપરાંત ગુજરાત આજે જે નવી રાષ્ટ્રભાવનાએ ધબકી રહ્યું છે તેનો પણ ત્યાં પરિચય થયો. ઝરિયા ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી રા. બ. ઠક્કર સમાજ તરફથી સ્વાગત કરવા સ્ટેશન સુધી પધાર્યા હતા એ પ્રસંગ મને સૂચક લાગ્યો. ઝરિયાના અગ્રણી ખાણ માલિકોમાં મારા જૂના સંબંધી શ્રી ગોવર્ધનદાસ ભટ્ટના સુપુત્ર કનુભાઈ પણ એ મંડળમાં હતા. ઝરિયામાં પેટ્રોલબંધી નરમ લાગી. બહાર બેત્રણ મોટરોમાં મંડળી ગોઠવાઈ ગઈ અને ધનબાદ વચ્ચે થઈ ઝરિયા ઈન્ડસ્ટ્રી કોલીઅરીના એજંટના, નાની ઢાળ પડતી ટેકરી પર આવેલા વિશાળ બંગલામાં પહોંચી ગયા. ત્યાં નાનું બાળ મંડળ ઉત્સાહભેર જાગતું રાહ જોતું બેઠું હતું. કુટુંબ અને ઘરના વાતાવરણમાં પ્રવાસનો થાક છેટો આવી ગયો એમ લાગ્યું. ચાંદની રાતને લીધે ચારે તરફની ટેકરીઓના વિસ્તારમાં ક્યાંક બૂંગળાંઓ અને એન્જીનરૂમોનાં તથા મજૂરોનાં છાપરાં દેખાતાં હતાં; પણ આખા હિંદુસ્તાનનાં કારખાનાં,



ઝરિયામાં પાંચ કોલીઅરીનું મૅનેજમેન્ટ સંભાળતા અને ખાણમાલિકોના મંડળમાં સારી પ્રતિષ્ઠા અને નૈતિક અસર જમાવનાર બાહોશ એન્જીનીઅર તેમજ એજન્ટ—મારા બાળપણના મિત્ર શ્રી પ્રાણજીવન પંડ્યા

★

સ્ટીમરો અને ગૅસ કંપનીઓનાં રાક્ષસી ઉદરો પૂરનારો કોલસાભંડાર અમારી નીચે ભૂગર્ભમાં કેવી રીતે અને કેટલા પ્રમાણમાં છુપાયો હશે તેનો ખ્યાલ એ દૃશ્યમાંથી તો જરાયે ન મળે. અમે જે બંગલામાં હતા તેની જ નીચે સો ફૂટને તળિયે કોલસાના મોટામોટા ખંડો ને માર્ગો પડી ગએલા છે એ જાણ્યું ત્યારે આશ્ચર્ય થયું. પણ નજરે જોવાથી વધારે સમજાશે, કહી યજમાનરાજાએ વાત ટૂંકી કરી (વિગત માટે જુઓ આ અંકની માધુકરી) અને નવરાત્રી ચાલતી હતી, એટલે જમીને ઝરિયાની કચ્છ-કાઠિયાવાડની જનતાએ ગામમાં ગરબી માંડી હતી ત્યાં જવાનું કર્યું.

સળગતી ખાણ

● ઝરિયા વસાવવાનું માન કચ્છી કૉન્ટ્રૅક્ટરો અને કાઠિયાવાડના સાહસિક વેપારીઓને જાય છે. ખાણોના મોટા ભાગનો કબજો યુરોપિયનોના હાથમાં છે, પણ કુનેહ અને સિફતવાળા કચ્છ-કાઠિયાવાડના સાહસિકોએ નવ ટકા જેટલો ધંધો હાથ કર્યો છે ને લગભગ તે બધાએ ત્યાં સારી એસ્ટેટો જમાવી છે. ઝરિયામાં ગુજરાતી શાળા, મંદિરો વગેરે સ્થાપ્યાં છે અને સૌ એમાં એકદિલીથી સારો ભાગ લે છે. ટૂંકમાં ઝરિયાને ગુજરાતનું એક સંસ્થાન કહી શકાય એવું વાતાવરણ ત્યાં લાગ્યું.

શિવાલયમાં જતાં રસ્તામાં એક મોટા વિસ્તાર પર અમે આગો બળતી જોઇ. તેનો ખુલાસો એ મળ્યો કે બે વરસ પહેલાં કચ્છના એક કૉન્ટ્રૅક્ટરની ખાણમાંના ટેકા ઉપરના ભારથી તૂટી પડતાં તે બેસી ગઈ અને અંદરના ગૅસ સળગી ઊઠ્યા. આજ લગી હજુ પણ તે અંદર સળગે છે ને તેની જ્વાળાઓ ચિરાડોમાંથી નીકળ્યા કરે છે. એ જમીન પરનાં મકાનો બધાં તારાજ થયાં, પરંતુ એક પણ જાનની હાનિ થઈ નથી એટલી બીનાથી એ ત્રાસજનક પ્રસંગ હળવો બન્યો. ખાણ તો ગઇ. એને ઓલવવી કે ફરી ઉઘાડવી અશક્ય જ છે. રાતના અંધકારમાં એ સળગતી જ્વાળાઓ દોજખની કલ્પના સજીવ કરતી લાગતી હતી. ઉદ્યોગોની આબાદી અને વૈભવ પાછળ કેવા કારમા પ્રસંગો બન્યા કરે છે તેની કલ્પના દૂરના લોકોને મળવી મુશ્કેલ છે. વર્તમાન પત્રના એકાદ ફકરામાં એ બનાવ વાંચી મનને કંઈ જ થતું નથી, પણ નજરે જોએલું આ દૃશ્ય જીવનમાં ન ભુલાય.

અમે તરત પાછા મંદિરમાં આવ્યા ત્યાં ઉત્સાહી શ્રીમાનો અને ખાણોના વહીવટી ખાતાના યુવાનો ગરબીઓ જમાવી રહ્યા હતા. આ સંસ્થાનવાસીઓને ધંધાનો સારો અનુભવ અને તાકાત મળી ગયાં હતાં એટલે કોઇએ ખાલી ડિગ્રીઓ પાછળ મહેનત લીધી નહોતી અને તેથી જ આવા તહેવારોનો ઉત્સવ ભાવપૂર્વક ઊજવી રહ્યા હતા. ત્યાં બેઠેલા લખપતિ ખાણમાલિકોની સાદાઇ અને વિવેકમાં જૂનવટનું ગાંભીર્ય હતું. ગરબી બરોબર જામતી નહોતી એ જોઇ અમારા સાથી ભાઈ વ્રજલાલથી ન રહેવાયું, એટલે ઊભા થઇને દાંડિયા ઉઠાવ્યા ને સૌને પડકારો દીધો, તાલ ઠરાવ્યો અને એકબે ગરબીઓ લેવડાવી. પણ અમારે તો થોડી રાતમાં ગ્રાગ્રા વેશ કરવાના હતા, એટલે રોકાવું પાલવે એમ નહોતું. બીજા દિવસની આશા આપી વ્રજલાલને છુટા પાડ્યા અને આરામ ખાતર મુકામ ભેગા થઇ ગયા.

વિદ્યાર્થીઓમાં

● ઝરિયામાં એક જ દિવસ રોકાવાનું ધારેલું, પણ ત્રણ દિવસ થઈ ગયા. હિંદુસ્તાનમાં ભૂસ્તરનું જ્ઞાન મેળવવાની જરા યે તમન્ના દેખાતી નથી; નહિતો હજારો વિદ્યાર્થીઓ ઝરિયાની ખાણો જેવો કુદરતી અજાયબીનો પ્રદેશ જોયા વિના ન રહ્યા હોત, શાળાઓ અને કૉલેજોએ તેના વિષે ખૂબ પ્રચારકાર્ય કર્યું હોત, ખાણોના પ્રદેશોનાં ચિત્રો અને ખાણોની રચનાનાં નાનાં દૃશ્ય મૉડલો મ્યૂઝિયમોમાં જોવા મળત, અને શ્રીમંતો જે આજે માત્ર પોતાના દ્રવ્યલાભથી જ સંતોષ માની બેઠા છે, તેઓ ભવિષ્યના સાહસિકો અને નિષ્ણાતો તૈયાર કરવાને પણ એ કાર્યમાં સહકાર આપત. હિંદુસ્તાનના ઉદરમાંથી નીકળતા આ ઉદ્યોગવૈભવ પર યુરોપિયનોએ પહેલી તરાપ મારી ને જ્ઞાનના બળે જ તેનો મોટો હિસ્સો હાથ કર્યો છે ને હિંદી જનો પોતાની જ ભૂમિમાં અજ્ઞાનના કારણે દારિદ્ર્ય ભોગવે છે. વિજ્ઞાન અને યંત્રની શક્તિઓનો પરિચય તથા તેના વ્યાવહારિક પાઠો આપણા શિક્ષણમાં કે જીવનમાં ઉતારવાનો સાચો પ્રયત્ન કદી જ થયો નથી, અને ગોખણિયા શાળાઓ આખા દેશ પર ખર્ચનો જ બોજો વધારી રહી છે.



ઝરિયાના ખાણપ્રદેશનું દૃશ્ય (સ્કેચ : ર.મ.રા.)

કોલસાની ખાણોના પ્રદેશમાં

● રાણીગંજ અને ઝરિયાની ખાણો સાવ અકસ્માતે જ હાથ ચડી હતી. ઈસ્ટ ઇન્ડિયા રેલ્વે નાખવાની સડક ખોદાતી હતી ત્યારે ત્યાંની ટેકરીઓ કાપતાં કોલસાના થરો નજરે પડ્યા. તરત યુરોપિયન એન્જીનીઅરોએ ઇંગ્લંડની ખાણોના નિષ્ણાતો બોલાવી તપાસ કરાવી અને હિંદીઓને તેની જાણ પણ થાય તે પહેલાં સારામાં સારી ખાણોવાળાં ક્ષેત્રોના સરકાર પાસે તાબડતોબ પટા કરાવી લીધા. બિહાર અને બંગાળાના લોકોએ તો મજૂરી જ કરી. તે પછી, ભણતરનો અક્ષરે ન જાણનારા પણ ગણતર પાકું સમજેલા કચ્છના સાહસિક કૉન્ટ્રૅક્ટરોએ જ્યાર એ ધંધામાં હાથ નાખ્યો ત્યારથી યુરોપિયનોને તે કણી જેવા લાગ્યા હશે. પણ આજે તેમનું સંગઠન થઈ રહ્યું છે. શ્રી ગોવર્ધનદાસ ભટ્ટ જેવા એક શિક્ષક ગૃહસ્થે વર્ષો પહેલાં તેમાં જોડાઈ પોતાના કુટુંબનો ઉત્કર્ષ કર્યો એટલું જ નહિ પણ ભાઈશ્રી નાનાસાહેબ જેવા તરુણોને ત્યાં ખેંચી જઇ ધંધામાં પોતાના નિષ્ણાતો તૈયાર કર્યા. એક વખત યુરોપિયનો સિવાય ખાણનું મૅનેજમેન્ટ કોઈ કરી શકે નહિ એવું ગણાતું અને શ્રી પંડ્યા (નાનાસાહેબ)ને સિબપુરની માઇનિંગ એન્જીનીઅરિંગ કૉલેજમાં દાખલ થવાની પણ મુશ્કેલી પડેલી. આજે તો ઘણી માઇનિંગ કૉલેજો થઈ ગઈ છે અને એ બધીના સર્વશ્રેષ્ઠ અધિકારી એ જ શ્રી નાનાસાહેબના ભત્રીજા ડૉ. અનંત પંડ્યા છે, જેમનો પરિચય ગયા હપતામાં આપણે કરી ગયા. સમય અને સાનુકૂળતા હોય તો ભારતીય તરુણો જગતની કોઈ પણ જવાબદારી સંભાળવા શક્તિવાન છે એ પુરવાર થતું જ જાય છે. આજે શ્રી નાનાસાહેબ પાંચ ખાણોનું મૅનેજમેન્ટ સંભાળે છે, એટલું જ નહિ પણ ખાણમાલિકોના મંડળમાં પણ તેમણે સારી પ્રતિષ્ઠા અને નૈતિક અસર મેળવી છે. ખાણમાલિકો સંસ્કાર અને કેળવણીમાં પ્રગતિ સાધવા ખૂબ જ ઉતેજાર જણાય છે. શાળાનું સુંદર મકાન, સારા શિક્ષકો, સારું પુસ્તકાલય વગેરે સંવૃદ્ધ કરતા જાય છે. મારા પરિચયાર્થે શાળામાં અને બીજી એક અગાશીમાં શહેર સમસ્તના આગેવાન વેપારીઓ, વકીલો, ડૉક્ટરો અને અધિકારીઓના સમાગમમાં બે પ્રસંગો યોજાયા, તેમાં મારા પ્રવાસનો આશય, કળાનું જીવનમાં સ્થાન તથા તેની અસર વગેરે વિષયો પર મેં ભાંગીતૂટી હિંદીમાં જ વાર્તાલાપ ચલાવ્યો હતો; પણ એ ભાવિક શ્રોતામંડળે જે ઉત્સાહ અને સહૃદયતાથી તે વધાવી લીધો, તેની ખબર તો, તેનો લાંબો રીપોર્ટ બિહારના 'સર્ચલાઈટ' પત્રમાં આવ્યો ત્યારે મને પડી.

ઝરિયા મ્યુનિસિપાલિટીના સભ્યો તેમજ કેટલાક સંભાવિત ગૃહસ્થો સાથે બીજો એક મેળાપ પ્રસંગ પણ યોજેયો હતો. મેં દરેક તકે ગુજરાતી ગૃહોમાં તળપદી સંસ્કૃતિનાં સ્વરૂપો અને સાહિત્ય વસાવવા વિનંતી કરી હતી, જેથી બાળકો વતનના સૂરો ભૂલી ન જાય.

ગુજરાતના વિદ્વાનો અને પ્રવાસીઓને મારી ભલામણ છે કે કલકત્તા જતાં આવતાં ઠરિયાનો સંપર્ક જરૂર મેળવે.

પટણા

● પટણા બિહાર પ્રાંતનું પાટનગર હોવાથી ઠરિયાના વકીલો અને વેપારીઓની સગવડ માટે રાતની ગાડીમાં ઈન્ટર ક્લાસનો એક ડબ્બો ખાસ જોડવામાં આવે છે તેમાં અમે બિછાનાં લગાવ્યાં. પછી રાત્રે ક્યાં ક્યાં ગાડી બદલાઇ તેની ખબર પડી નહિ. સવારે દસ વાગ્યે પટણા જંકશન પહોંચી ગયા. પટણામાં પરિચિત વ્યક્તિ તરીકે મારા લીંબડીવાળા મિત્ર ભાઈ વિજયશંકર જાનીના પુત્ર ગુણવંત જાનીએ ફોટોસ્ટુડિયો નાખેલો છે. તેને ખબર આપેલા એટલે તે ભાઇ સ્ટેશને હાજર રહેલા. આજીવિકા અને ધંધા માટે આવેલા આ પિતાપુત્રે બિહારમાં ઠીક લોકપ્રિયતા મેળવી છે સ્વાનુભવ અને સ્વાશ્રયના પાઠો કોઈ ને કોઈ માર્ગ કરવાની આવડત આપી રહે છે તે એમના દાખલામાં મેં સ્પષ્ટ જોયું. ગુજરાતના સંસ્કારી તરુણો અને ગૃહસ્થો પરપ્રાંતોમાં સહજે સારી છાપ અને આદર મેળવી શકે છે, કારણકે ચીવટ, ધંધાની શાખ ને મુલાયમ પ્રકૃતિમાં ગુજરાત બીજા પ્રાંતો કરતાં કંઈક વિશેષતા ધરાવે છે. ભાઈ ગુણવંતે પટણાનાં સરકારી થાણાં, કોર્ટ ને કૉલેજવાળા લત્તામાં Shadow નામનો સ્ટુડિયો જમાવ્યો છે. બાજુમાં આવેલી કો-ઑપરેટિવ બૅંકના મૅનેજર તરીકે શ્રી વીનુભાઈ ઠાકોર સત્તર અઢાર વર્ષથી બિહાર પ્રાંતના નિવાસી બની ગયા છે તેમની મુલાકાત કરી. પણ પટણામાં શું જોવું ને કોને મળવું તે તરત નક્કી થઈ શક્યું નહોતું. શ્રી રાજેન્દ્રબાબુના જ્યેષ્ઠ પુત્ર ઉપર ચિઠ્ઠી હતી તેમને બીજા દિવસે સવારે મળ્યા ત્યારે તેઓ બહારગામ જવાની તૈયારીમાં હતા; પણ પોતે સાબરમતી આશ્રમમાં આવી રહી ગએલા ત્યારથી મારા નામથી પરિચિત બન્યા હતા, એટલે તેમણે પટણાના એક બીજા જાગીરદાર રાય મથુરાપ્રસાદજી પર ચિઠ્ઠી આપી તથા પટણા આર્ટ સ્કૂલના પ્રિન્સિપાલ ઉપર ભલામણ આપી. આ ઉપરાંત એક ચિઠ્ઠી હતી રાય બહાદુર રાધાકૃષ્ણ જલાન ઉપર. ક્યાં કોની પાસે જવું અને શું જોવું તે નક્કી કરવું મુશ્કેલ હતું, પણ પટણાનું વિખ્યાત મ્યુઝિયમ તો પહેલું જોઈ લેવું એ નક્કી કર્યું.

પટણા મ્યુઝિયમ

● પટણા નદીકાંઠે પાઘડીપને બાર માઇલ લાંબું પથરાએલું છે! મોટરબસનું સાધન હોવા છતાં બીજે છેડે પહોંચવા અમારે એક કલાકનો હિસાબ ગણવો પડતો. સાધારણ અંતર કાપવા માટે તો સાઈકલરિક્ષાઓ અને ટાંગાઓ બહુ સસ્તા પડે છે.

પટણાનું મ્યુઝિયમ બહુ સારીરીતે રચાએલું તથા ગોઠવાએલું છે અને આપણા પ્રાચીન અવશેષોના ઉત્તમોત્તમ નમૂના ત્યાં ક્રમસર જોવા મળે છે. નાલંદાના બધા જ સારા નમૂના ત્યાં લાવીને રાખવામાં આવ્યા છે. તે ઉપરાંત શ્રી રાહુલ સાંકૃત્યાયન હમણાં જ તિબેટમાંથી લામાઓના પોષાક, ચિતારાઓના રંગો, કેટલાક ચિત્રપટો વગેરે લાવ્યા છે, તે પણ જોવા મળ્યા. હજુ પણ કસબકામ, રંગકામ વગેરે માટે આ દેશ કેટલી સરસ તળપદી ચીજો ઉપજાવી શકે છે તે જોઈ આશ્ચર્ય થયું અને હિંદુસ્તાન જેવા વિશાળ અને સળંગ દેશમાં જાણીબૂઝીને આ ધંધાઓ પર દુર્લક્ષ કરવામાં આવ્યું છે તે સ્પષ્ટ થયું. વસ્ત્રો, ચિત્રો અને મકાનો રંગવા માટેના રંગોની વપરાશનો મોટો વેપાર દેશમાં ચાલતો હોવા છતાં તેની બનાવટોની કોઈ શક્યતા પર આપણે ત્યાં સરકાર, વેપારીઓ કે કેળવણી ખાતાંઓ આંગળી પણ હલાવતાં નથી. પટણા મ્યુઝિયમમાં બુદ્ધ સમયની જે મૂર્તિઓ જોઇ તેના સુંદર ફોટોગ્રાફો કે પ્લાસ્ટરની પ્રતિકૃતિઓ આજના અભ્યાસમાં રજૂ કરવામાં આવે તો યુરોપના વિદ્યાગુરુઓને હાથ ઘસવા પડે. પણ એ તો મ્યુઝિયમના કબાટો ભરવાની જ સામગ્રી ગણાઈ છે. દેશની યુનિવર્સિટીઓ ને શાળાઓમાં એના સંસ્કારપાઠો ઝીલવા કોઈ નવરૂં દેખાતું નથી. બિહાર, યુ.પી. (અવધના સંયુક્તપ્રાંતો) અને સી.પી. (મધ્યપ્રાંતો) માં ચાર ચાર યુનિવર્સિટીઓ નજીકનજીક છે; બધા પ્રાંતોની સામાન્ય ભાષા હિંદી છે; પટણા, અલ્લાહાબાદ, લખનૌ અને બનારસમાં વિદ્યાપીઠોનાં કેન્દ્રો છે; પ્રાચીન કળાના ભંડારો ભરેલા છે; ઉત્તમ ઇતિહાસકારો અને પ્રાચ્ય વિદ્યા વિશારદો પણ એ પ્રાંતોમાં ઓછા નથી; છતાં આ તરફના તરુણોમાં કલાપરીક્ષણ અને કલાભિરુચિની ગંધમાત્ર પણ જણાતી નથી, કોઈ સાહસિક પુરુષ સારાં પ્રકાશનો માટે પણ પ્રયાસ કરતા નથી, અને લોકોમાં પ્રચલિત ભદ્દાં ચિત્રો તથા કદરૂપાં ધાર્મિક ચાડાં અને ચિત્રશૂન્ય નિશાળો, લાયબ્રેરીઓ ને કૉલેજો કળાબુદ્ધિની વિફળતાની સાક્ષી પૂરે છે.

પટણા આર્ટ સ્કૂલ

● તેના પ્રિન્સિપાલ રાધેમોહનબાબુ મૂળ તો પટણાની હાઇકોર્ટના વકીલ હતા, પણ પટણામાં કળાભિરુચિનો અભાવ જોઇ તેમણે આ આર્ટ સ્કૂલ પોતાના જાતપ્રયાસથી સ્થાપી, ઘણી લાગવગ ચલાવી એક મોટું જૂનું સરકારી મકાન હાથ કર્યું છે. પોતે વારંવાર લેખો લખી, ભાષણો કરી તેનું પ્રચારકાર્ય કર્યું છે. પણ શાળામાં કોઈ આદર્શો હજુ સ્થિર થયા નથી. કલકત્તા, મુંબાઈ, લખનૌ, બનારસ, લાહોર વગેરે સ્થળે શું શું કાર્ય થઈ રહ્યું છે તેનો સંસ્પર્શ પણ નથી. પરંતુ તેમનો ઉત્સાહ અદમ્ય હતો. તેમણે બહુ પ્રેમથી મારૂં સ્વાગત કર્યું. એક મોટી હાઈસ્કૂલ થઇ શકે એવડું મોટું મકાન તેમના કબજામાં આવ્યું છે, એટલે અંટઅંટ વિદ્યાર્થીઓના નમૂના ભરી કાઢ્યા છે. મેં થોડીક પ્રાથમિક સુધારણાની સૂચનાઓ કરી. બિહારમાં છેલ્લી મહાસભા થઇ તે વખતે શ્રી રાજેનબાબુની સૂચનાથી બિહાર પ્રાંતના પ્રાચીન ઇતિહાસનાં કેટલાંક ચિત્રો મુંબાઇના કલાકાર ભાઈ ગોકુળદાસ કાપડિયા તથા બિહારના તરુણ કલાકાર શ્રી ઉપેન્દ્ર મહારથીએ કરેલાં તે એ શાળાને સોંપાએલાં છે. એ ચિત્રો ખરેખર પ્રશંસનીય કૃતિઓ છે. ભાઈ કાપડિયાએ સિરાજુદ્દૌલાની તસ્વીર અને તેનું બંદૂકનું કારખાનું તેમજ બુદ્ધ સમયનાં એક બે ચિત્રોમાં બહુ સારી સંયોજનાશક્તિ બતાવી છે. ચિત્રો અતિશય આછી રેખાઓમાં હોવાથી તેનાં પ્રકાશનોમાં તે બહુ સારાં ઊઠ્યાં નથી. શ્રી મહારથીએ 'મિથિલામાં સીતાસ્વયંવર' ચિત્ર સારૂં બનાવ્યું હતું. એ ચિત્રો કોઇ જનોપયોગી મહાલયમાં ખરેખરા માનવ માપે ચીતરવાં ઘટે છે.

ખુદાબક્ષ લાયબ્રેરી

● પટણાની નામચીન ખુદાબક્ષ લાયબ્રેરી જોવાનો મનસૂબો હું ઘણાં વર્ષથી સેવી રહ્યો હતો. આર્ટ સ્કૂલની બાજુમાં જ તે આવેલી છે. ઘણા અભ્યાસીઓએ આ ગ્રંથાલયનું નામ ઇતિહાસ-પુસ્તકોની ગ્રંથસૂચિમાં વાંચ્યું હશે, પણ તેની સમૃદ્ધિનો ખ્યાલ તો જોનારને જ આવે. ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સમયમાં સરદાર ખુદાબક્ષ પટણાના એક જાગીરદાર હતા ને મુઘલ સમયના ગ્રંથો એકઠા કરી રહ્યા હતા. ઇસ્ટ ઇન્ડિયા કંપનીમાં એક બીજા અમલદારે પણ એવો સંગ્રહ કરવા માંડ્યો હતો. એને ખબર પડી કે સરદાર ખુદાબક્ષ પાસે બાદશાહ જહાંગીરના કેટલાક સચિત્ર ગ્રંથો આવ્યા છે, એટલે તે જોવાને બહાને તેણે તે મંગાવ્યા અને પછી ઘણો વખત દાબી રાખ્યા. અંતે સરદાર ખુદાબક્ષ તરફથી ઉઘરાણી થઇ ત્યારે જણાવ્યું કે 'આવી ચીજો હાથમાં આવેલી કોઇ પાછી જવા દેતું હશે?' એ ઑફિસરની સત્તા આગળ કંઈ ઉપજે એવું નહોતું એટલે સરદારે મૌન રાખ્યું, પણ પોતાનો એક જાસુસ


ખૂબીથી તેમની નોકરીમાં દાખલ કરી દીધો. તેણે સાહેબનું મન એટલું તો વશ કરી લીધું કે સાહેબને ઇંગ્લંડ જવાનું થયું ત્યારે સામાનની બધી વ્યવસ્થા સાહેબે તેને જ સોંપી. અમુક સામાન હરરાજ કરી દેવો અને અમુક સામાન વહાણમાં ચડાવવો એમ ઠર્યું હતું. પેલાં પુસ્તકો, આલબમ, વહાણમાં જ ચડવાનાં હતાં. પણ પેલા નસુરે સિફતથી એ પુસ્તકો હરરાજના સામાનમાં ભેળવી દીધાં અને તરફાણથી સરદાર ખુદાબક્ષને ઘેર પહોંચતાં કરી દીધાં. સાહેબને તો ઇંગ્લંડ ગયા બાદ 'ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રુએ' જેવું થયું હશે; પણ આ પુસ્તકોનું આમ અપહરણ થતું બચાવીને તથા તેનું જતન અને સંરક્ષણ કરીને મહુમ સરદાર ખુદાબક્ષે હિંદની કળા અને સંસ્કૃતિની અમૂલી સેવા કરી નામ અમર કર્યું છે.

આર્ટ સ્કૂલના પ્રિન્સિપાલ રાયબાબુની સહાયથી જ મારે આ લાયબ્રેરી જોવાની ચિઠ્ઠી હતી. આ અણમોલ ગ્રંથભંડાર એક ટ્રસ્ટીમંડળ સંભાળે છે. તેમાં સરકારી અફસર પણ હોય છે. સાહિત્ય અને તવારીખના ગ્રંથો ઉપરાંત જહાંગીરના સમયની મુઘલ ચિત્રકળાનાં આલ્બમો મોટાં પુસ્તકો તો લોખંડની તિજોરીમાં જ રાખવામાં આવે છે અને વગદાર માણસો કે પ્રવાસીઓ માટે જ તે ખોલવામાં આવે છે. ગ્રંથપાળને હજુર, જનાબ વગેરે વાતોથી રાયબાબુએ રીઝવી એ કબાટો ખોલાવી, અને મુઘલ કલમની સર્વોચ્ચ કલાકૃતિઓ પાને પાને ઝીણી ઊંડેથી જોવા મળી. બે કલાકમાં અમે માત્ર ત્રણ ગ્રંથો જ જોયા. ખરું પૂછો તો એમાંનું કોઈ પણ એક જ ચિત્ર જોવાને બે કલાકની જરૂર હતી. હિંદી ચિત્રકળા વિષે કંઈ પણ સાચું ભાન નહિ પ્રસારવાથી જ આપણા સુશિક્ષિતોનો મોટો ભાગ તે પ્રતિ બેદરકાર છે. જેઓ આ ચિત્રો જોઇ શક્યા હોય તેઓ પારીસ, જર્મની કે ઇટાલીની કળાની પ્રશંસા કરતાં જરૂર કાટલાં બદલે. મુઘલ કળાના ચિતારાઓમાં જનતાના સામાન્ય જીવનનું સૂક્ષ્મ જ્ઞાન, પદાર્થો અને દૃશ્યોની ઝીણવટ, વનસ્પતિઓનું સચોટ સાચું નિરૂપણ, વિવિધ રંગભેદો અને ક્રિયા તેમજ ગતિની તાદૃશતા અવર્ણનીય છે. એમના ચિત્રનિર્માણના કાનૂનો તથા રંગ અને રેખાની સ્વચ્છતા પ્રત્યેક કૃતિમાં સંપૂર્ણતાએ પહોંચ્યાં લાગે છે. ગ્રંથોમાંના અક્ષરાલેખન અને વેલબુટ્ટીઓની ભરણી તથા હાંસિયાની કળા તો આજના સુશોભનકારોને પાઠ આપે એવી છે. યુરોપ અમેરિકા પોતાની શિષ્ટ કૃતિઓને જે ચીવટ અને ચોકસાઇથી પ્રસિદ્ધિમાં મૂકી રહ્યાં છે એવું આ કૃતિઓ માટે થઈ શકે તો દુનિયાના કળાવિશારદો ઉપરાંત હિંદની જનતાને પણ નવીન રસપ્રવાહનો લાભ થાય.

રાયબહાદુર રાધાકૃષ્ણ જલાન

● એમનું નામ અને પરિચયપત્ર મને ભાઈ નવીન ગાંધીએ શાંતિનિકેતનમાંથી આપેલાં. એ પહેલાં મને એમના વિષે કંઈ જ માહિતી નહોતી. હિંદુસ્તાનમાં કળાપ્રેમીઓ ક્યાં ક્યાં વસે છે, તેમના સંગ્રહોમાં કેવીકેવી વિશિષ્ટ સમૃદ્ધિઓ છે, એ જણાવનારું સાહિત્ય કોઈ પણ માસિક કે પત્રિકામાં યથોચિત રૂપમાં આવતું નથી. કલકત્તાના 'રૂપમ'પત્રે એ કામ થોડે અંશે કર્યું; પણ તેનું પ્રકાશન ખર્ચાળ અને સાધારણ સ્થિતિને પોસાય નહિ એવું હોવાથી હિંદી કળા યુરોપિયન પ્રકાશનોની છાયામાં વિસારે જ પડી ગઈ છે.

રાયબહાદુર રાધાકૃષ્ણ જલાન એક મોટા સમૃદ્ધિવાન જાગીરદાર અને વેપારી છે. 'તેમની પાસે કળાકારીગરીની અમૂલ વસ્તુઓનો સંગ્રહ છે. દેશપરદેશના નામચીન કલાવિશારદો, મોટા પ્રવાસીઓ, ગવર્નરો અને વાઇસરૉયો તેમની મુલાકાત લઇ જાય છે; પણ અમને હજુ તે જોવાની તક મળી નથી' એટલી જ સામાન્ય માહિતી તમે



રાયબહાદુર શ્રી રાધાકૃષ્ણ જલાન (સ્કેચ : ર.મ.રા.)

પટણાના વકીલો કે બૅંકરો પાસેથી મેળવી શકો. મને પણ કંઈક આશંકાઓ હતી અને તેમાં યે હું એક સામાન્ય પ્રવાસી તરીકે તેમને ત્યાં જઈશ ત્યારે મારા માટે કેટલી તક ઊઘડશે તે વિષે હું સાશંક હતો. પરંતુ તેમના વિષેનો મારો અનુભવ મારી કલ્પનાથી પર નીવડ્યો.

'શૅડો' (Shadow) સ્ટુડિયોથી લગભગ દસમાઇલ મોટરબસમાં ગયા પછી ગંગાને કાંઠે આવતો એમણે બંધાવેલો સુંદર મહાલય એમની કલાભિરુચિનો એક નમૂનો છે. વિશાળ પટવાળી ગંગા નદીને કાંઠે રહેતા પટણાવાસીઓને હવાની લહેર અને અનેક ગામોના માલ તથા ઉતારુઓ લઇ જતી નાનીમોટી હોડીઓનાં દૃશ્યો કુદરતની બક્ષિસ છે. ઋતુઋતુના આકાશના રંગો અને ગંગાનાં પાણીમાં પડતી તેની છાયાઓ તથા અમૃતઝરતી ચાંદનીની મોહનીભરી લીલા એમને સહજ છે. પ્રાચીન પાટલીપુત્રના વૈભવો અને ઉત્સવોની વાતો એ પ્રદેશ જોયા પછી જરા યે ખોટી ન લાગે. પણ આજે તો હિંદનું શોષણ બધા પ્રાંતો પર સરખી અસર કરી રહ્યું છે. પટણાની બજાર વીંધીને અમે નીકળી ગયા પણ ક્યાં યે માણસોનાં મોં પર હોશ જોયા નહિ. દુકાનોમાં માખીઓ બણબણતી, મજૂરો અને રિક્ષાવાળાઓ ઘરાકોની રાહ જોતા જ ઊભેલા, મોટરબસો ઉતારુઓ ભરાય તે માટે પા કલાકની મુસાફરી સારુ પણ કલાક રાહ જોતી. માત્ર કોઈક જ ઠેકાણે ઑફિસરો કે જાગીરદારોનાં ઘરોમાં આરામ ને સુખશાન્તિમય સગવડો જણાતી. મુંબઈ કલકત્તા કે દિલ્હી જેવાં શહેરો બાદ કરો તો હિંદનાં બીજાં બધાં શહેરોમાં આવું જ છે.

જલાનબાબુનો હવામહેલ એકદમ નવી જ ભાત પાડે છે. તેનું સ્થાપત્ય જોકે હિંદી નથી, પણ નદીતટની શોભામાં ભળી જાય એવી ઇટાલિયન ઘાટી પર કોઈ અંગ્રેજ નિષ્ણાતે તેનું વિધાન કરેલું છે. અમે ચાલતા તેના દરવાજામાં પેઠા કે તરત અમારી પાછળથી એક મોટી મોટર આવીને આગળ જઇ પોર્ચમાં પહોંચી. તેમાંથી એક પંચાવન

કે સાઠ વર્ષના ઠોઠપાઠણુન અને યુ. પી. ઢબની ગોળ ટોપીમાં સજ્જ ગૃહસ્થ ઊતરીને ઘરમાં દાખલ થયા. એ જ રાયબહાદુર જલાનબાબુ હશે એમ તરત કલ્પી શકાયું. અમે પણ વાંસોવાંસ પ્રવેશદ્વાર આગળ પહોંચ્યા, અને જેવું મારું કાર્ડ મોકલ્યું તેવા જ તેઓ કપડાં ઉતારતા ઉતારતા બહાર આવ્યા અને 'પધારિયે મહારાજ' કહી બહુ ભાવ ને સત્કારથી અમને અંદર લઇને બાજુના એક ગોળ ખંડમાં ગાદીતકિયાની જમીન બેઠક ઉપર બેસાડી પોતે કપડાં બદલવા અંદર ગયા. એ તકિયાઓની ચારે પાસ જૂની કાંસાની મૂર્તિઓ, કલા વિષે તેમના ચાલુ વાચનનાં પુસ્તકો, ટેલીફોન વગેરે પડ્યું હતુ તે પરથી લાગ્યું કે તેમનો કળાનો રસ ઉપલકિયો નહિ, પણ વિશાળ વાચન અને અનુભવ તથા પ્રવાસોના આધારે જામેલો હતો. પોતે લખોપતિ હોવા છતાં કલાકારો અને વિદ્વાનોનો સત્કાર કરતાં જે વિનય અને નમ્રતા દાખવે છે તે આદર્શ અને દૃષ્ટાંત રૂપ છે.

કળાનું આશ્રયસ્થાન

● થોડીવારે તેઓ ધોતિયું અને પહેરણ પહેરી આવ્યા અને નોકર પાસેથી કૂંચીઓ મંગાવી દ્વારપ્રવેશની વચલી ગૅલેરીમાંના કબાટોમાં બહુ જતનથી ગોઠવેલી પોતાની અણમોલ કલાકૃતિઓ જાતે જ બતાવવા લાગ્યા. થોડી વાર તેમણે અમારી પરીક્ષા પણ કરી કે આગંતુકો બતાવેલી વસ્તુઓમાં કેટલો રસ લઈ શકે એવા છે. એમની કલાભિરુચિએ માત્ર હિંદની જ નહિ પણ ચીન, જાપાન, ઇટલી, ફ્રાન્સ, હૉલૅન્ડ વગેરે દેશોની પણ અપ્રતિમ અને બેમૂલ ચીજોનો આદર કર્યો છે. દુનિયાના કોઇ કોઈ ખૂણેથી હાથીદાંત, અકીક, જેઇડ,હીરા, પન્ના, પૉર્સલિન, લાખ આદિની બનાવટો, ચિત્રકૃતિઓ અને સામગ્રીઓ રૂપર્યાં કરાવે એવા ગુણોવાળી એમણે મેળવી છે અને તે દરેકની બારીકી તેમણે પૂરી પિછાની છે. હિંદનું હાથીદાંતકામ બતાવી તે સાથે જર્મનીની પણ એક અજબ દાંતકૃતિ બતાવી ત્યારે લાગ્યું કે કુશળ આંગળીઓ બધે ઠેકાણે સર્જનાની હરીફાઈ કરી શકે છે. લાલ માણેકમાં કરેલી દેવીમૂર્તિ, ચીનાઇ જેઈડના આકારો, એ પથ્થરમાં કુદરતે ઉતારેલા રંગના રેલાનો માનવ કળાએ કરેલો સાર્થ ઉપયોગ વગેરે મને નવા જ પ્રકારો જોવાના મળ્યા. ફ્રાન્સના રાજા સોળમા લુઈની ઇતિહાસપ્રસિદ્ધ રાણી મેરી આન્ત્વાનેત જે જબરી કલારસિકા હતી તેના મહેલની પાંચ ખુરશીઓ તેમને ત્યાં જોવાની મળી ત્યારે કથાલેખકોનાં વર્ણન પાછાં પડતાં લાગ્યાં. જાપાનમાં મેં સાત્સુમા સમયનાં વાસણોની પ્રશંસા સાંભળી હતી. તેનું એક પણ પાત્ર બજારમાં ઉપલબ્ધ નથી, એટલે એ કેવાં હશે તે જાણવાનું મન રહી ગએલું. જલાનબાબુએ એક કબાટ ખોલી સાત્સુમા સમયનો એક મોટો કૂજો બતાવ્યો ત્યારે મેં રોમાંચ અનુભવ્યો. તેની ઉપર હાથ ફેરવ્યો, તેની મોહક ઠંડી ચળકી ઉપર નજર ઠરાવી અને અસંખ્ય ચીનાઇ પ્યાલારકાબી કરતાં તેની કિંમત કેમ વધી છે તે અનુભવ્યું.

ઘરનો એકેએક ખંડ અનેરી વસ્તુઓથી ઠાંસીને ગોઠવેલો હતો. બે કલાક થવા આવ્યા છતાં ઘણું જલદી પતાવતાં યે તેમનાં ચિત્રો અને ગ્રંથોનો ખંડ તો બાકી જ રહ્યાં. તેમની વાતોમાં રસ, પ્રેમ અને આદર હતાં; સાથે વાર્ધક્યનું વાત્સલ્ય પણ વરસતું હતું. બહાર બીજા પરોણા આવી પહોંચ્યા હતા છતાં અમને વિદાય આપવાની જરા યે ચેષ્ટા તેમણે ન કરી. જલ અને ઉપાહાર મંગાવ્યાં અને ગંગાને કિનારે ઝૂલતી અગાશીમાંથી પૂર્ણિમાનો ચંદ્ર રૂપું રેલાવી રહ્યો હતો ત્યાં એમના એ આતિથ્યે અમને આભાર અને આશ્ચર્યની સીમા ભુલાવી દીધી. વાતવાતમાં તેમણે મારી પાસેનાં ચિત્રો જોવા ઇચ્છા બતાવી અને તે નિમિત્તે બીજા દિવસ માટે અમને સર્વેને



જલાનબાબુએ કબાટ ખોલીને જાપાનના સાત્સુમા સમયનો બેમૂલ કૂજો કાઢીને મને બતાવ્યો.

જમવા નોતર્યા. અલ્પ પરિચયે એ આમંત્રણ સ્વીકારવું કે નહિ તેનો ક્ષોભ હું અનુભવી રહ્યો હતો ત્યાં એમણે કહ્યું કે 'આપ જરૂર પધારિયે; આપકા જૂઠા (એઠ) મેરા ઘરકો પાવન કરેગા.' વિનયવાક્યની હદ થઇ ગઈ અને અમારાથી એ આમંત્રણનો અસ્વીકાર ન થયો.

વિશેષ પરિચય

● બીજે દિવસે સાંજે અમે સમયસર ગયા ત્યારે એમણે કેટલાક ગ્રંથો કાઢી રાખ્યા હતા. ઉપરાંત મુઘલ સમયનાં વસ્ત્રો, છીંટો, રૂમાલો આદિ જોયાં ત્યારે અમારી ખાત્રી થઈ કે એ સમયનાં ચિત્રોમાં કે ચિતારાઓએ ચિત્રોનાં પાત્રો પર ક્યાં યે ખોટું સોનું કે કસબ દેખાડ્યાં નથી. બેગમોના તંબુની કનાતનો એક જ ટુકડો જોયો તો તે આખો સોનેરી ભરત પર ગુલાબના બુટ્ટાથી ભરેલો હતો. એવા તંબુની એક આખી છત તેમના એક ખંડમાં છતની જગ્યાએ જડાવેલી હતી, અને સાથે જ ભીંત પર એક ચિત્ર હતું તેમાં એ જ રંગ અને ભાતવાળી છત બતાવેલી હતી. આમ એમણે છૂટક મળેલા પદાર્થો અને કૃતિઓને તેમના મૂળ પ્રસંગો કે સ્થાન સમેત સમજવા ખૂબ પ્રયત્ન કર્યો હતો, જે અઢળક ધનસાધન વગર અશક્ય જ બને. એક ખંડમાં શ્રી અવનીબાબુએ પોતાના પૂર્વ કાળમાં અંગ્રેજી ઢબે કરેલું એક ઑઇલ પેઇન્ટિંગ પણ જોયું.

તેમણે મારી પાસેના ગુજરાતના ચિત્રપટો (ઓળિયા) જોયા એટલે પોતાના સંગ્રહમાંથી નેપાળનો એક સુંદર ચિત્રપટ બતાવ્યો, જેમાં કોઈ રાજકુમારનો જીવનવૃત્તાંત આલેખેલો હતો.


જમવાના ખંડમાં એમણે બધી બાજુએ આરસની કરાવેલી હતી. ત્યાં કેટલાંક શસ્ત્રો પણ જોયાં. એક દ્વાર ઉપર હૉલૅન્ડમાં બહુ વિરલ ગણાતાં ચીની ચોરસાં બહુ રુચિતરીતે જડાએલાં હતાં. પોતે સાથે બેસી પોતાના અનેક અનુભવો કહ્યા, જેમાં પોતે યુરોપ આખો ઘૂમી આવ્યાની વાત કરી. પણ ત્યાં હૉટેલમાંથી પાણીનો છાંટો યે લીધો નથી એ હકીકત કહી. આવા સદાગ્રહચુસ્ત પણ મહા શ્રીમંત કલાભક્તનો પરિચય અને મેળાપ મને જીવનની ધન્ય પળ લાગી. રાતના દસ વાગ્યે વિદાય લેતાંલેતાં તેમના ભાવનો છેલ્લો શબ્દ એ હતો કે 'મહારાજ, પુનઃ પટણામેં આનેકા હો તો મેરે હી મકાન પર ઠહરના પડેગા.'

ર. મ. રા.



વૅકેશનોમાં શું કરશો? ખાસ કરીને આજે ૧૯૪૨માં

લગભગ બધી શિક્ષણસંસ્થાઓમાં અત્યારે લાંબી રજાઓ પડી છે. આવી રજાઓ દરમ્યાન વિદ્યાર્થીઓને પોતાના ભાવિ અભ્યાસના અને ભાવિ કારકીર્દિના વિચારો આવે છે. જે વિદ્યાર્થીઓ શાળાઓમાં અભ્યાસ કરે છે તેમને, સામાન્ય રીતે શાળાન્ત પરીક્ષા સુધી, ભવિષ્યમાં ક્યા ધંધામાં પડવું અને ભવિષ્યનો અભ્યાસ કઈ તરફ વાળવો તેનો વિચાર નથી આવતો. તેઓ લાંબી રજાઓ દરમ્યાન પોતાને ગામ જઇ પોતાની જૂની ઓળખાણો તાજી કરે છે, ગોઠિયાઓ એકઠા મળી પોતાની શિક્ષણ-સંસ્થાની વાતો કરે છે, વાર્તાઓનાં પુસ્તકો વાંચે છે ને મિત્રો એકઠા મળી ઉજાણીની મોજ ઉડાવે છે.



આવા વિદ્યાર્થીઓ હાલની તકે, એટલે કે ૧૯૪૨ની સાલમાં જે વાતાવરણ આપણા દેશ ઉપર છવાઇ રહ્યું છે તેવે સમયે દેશને—એટલેકે દરેક પોતપોતાના ગામને—બહુ ઉપયોગી સેવા આપી શકે. અત્યારના વિશ્વયુદ્ધ પછી દુનિયાની જે નૂતન રચના થશે તેનાથી આ દેશ મુક્ત નહિ રહે. આ નૂતન રચના એટલે આખી પ્રજા અને સમાજનું નૂતન ઘડતર. એ ઘડતરમાં સૌકોઇએ સાથ આપવો જોઇએ.

અત્યારે જ્યારે વિશ્વયુદ્ધની ચિનગારીઓ આપણી સરહદને સળગાવવા લાગી છે ત્યારે દેશ સમસ્ત કે દેશની પ્રતિનિધિ સંસ્થાઓ યુદ્ધમાં સક્રિય સાથ આપે કે ન આપે; તેમ છતાં દરેક પ્રજાજનની ફરજ છે કે યુદ્ધને કારણે આંતરિક અશાંતિ ન ફેલાય તે સામે જાગ્રત રહેવું અને યોગ્ય વ્યવસ્થા ઉપાડી લેવી આ કાર્યમાં રજાઓ દરમ્યાન નાનામોટા તમામ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે. ગામમાં ચોકીપહેરાનું કામ થતું હોય તેમાં નાના-મોટા બધા જ વિદ્યાર્થીઓ સાથ આપી શકે. ચોકીપહેરાનું આ કામ પ્રજાઘડતરમાં મોટો ફાળો આપશે; ભાવિ સમાજબંધારણમાં પણ મહત્ત્વનો ભાગ લેશે.



હાઇસ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓ—સામાન્ય રીતે ૧૩થી ૧૬ વર્ષની ઉમરના વિદ્યાર્થીઓએ મનમાંથી ખોટી બીકને દૂર કરવી જોઇએ. ગમે તેવી અફવાઓથી ગભરાવું ન જોઇએ. બીજાઓમાં ગભરાટ ફેલાતો હોય તો સાચી વાત જાણવા પ્રયત્ન કરી તે ગભરાટ દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ. દાખલા તરીકે ગામડાંમાં એવી અફવા ફેલાય કે મુંબઈ ઉપર, અમદાવાદ ઉપર કે નડિયાદ ઉપર બૉંબ પડ્યા, અગર તો દેશના કોઈ આગેવાનને સરકારે અગર તો દુશ્મને ગિરફતાર કર્યા, તો તેવે વખતે સૌ પ્રથમ તો તેણે સ્થાનિક વાચનાલયમાં આવતાં છાપાંઓ વાંચીને તે ખબરનું સાચાખોટાપણું નક્કી કરવું. કેટલીકવાર બહારગામથી આવતા લોકો સાચીખોટી વાતો લઈ આવે છે, પરંતુ એ વાત જો સાચી હોય તો છાપાંઓમાં આવ્યા વગર રહેતી નથી. આથી આવી અફવાઓથી ગભરાટ ફેલાતો હોય તો લોકોને શાંતિ જાળવવા અને છાપાંના સમાચારો મળે ત્યાં સુધી રાહ જોવા કહેવું જોઇએ; તેમજ સ્થાનિક આગેવાન કે અધિકારી મારફત અગર તો નજીકના શહેરની કોઈ પ્રજાકીય સંસ્થા કે આગેવાન મારફત સાચી હકીકત જાણી લેવા પ્રયત્ન કરવો જોઇએ. આવાં કામમાં—એક સ્થળેથી બીજે સ્થળે દોડી જવામાં, સંદેશા લાવવા લઈજવામાં તથા ગામમાં જાહેરાત કરવામાં ઊગતા કુમારો બહુ ઉપયોગી થઇ પડે. આ કાર્યમાં હાઇસ્કુલ વટાવી ગએલા મોટા વિદ્યાર્થીઓ પણ સેવા આપી શકે. તેઓ વધુ ભણેલા હોઇને વધુ સમજણપૂર્વક તે કરી શકે.





ચોકીપહેરા ઉપરાંત મોટા વિદ્યાર્થીઓ બીજી રીતે પણ પ્રજાની સેવા કરી શકે. બીજાં ગામો કે શહેરો સાથેનો ગામનો વહેવાર જો તૂટી જાય તો ગામને શી શી મુશ્કેલી પડે તેમ છે તેનો અગાઉથી તેઓ વિચાર કરી રાખે. ગામને જીવનની મુખ્ય જરૂરિયાતની વસ્તુઓ—ખાસ કરીને અન્ન અને વસ્ત્રોનો દુષ્કાળ ન પડે તે માટે શું કરવું તેનો વિચાર કરવો. ઉનાળા દરમ્યાન ખેડુતો જ્યાં જ્યાં કુવાઓ હોય ત્યાં ત્યાં વાડીઓ કરી શાકભાજી ઉગાડતા હોય તેમને સમજાવી કુવાનાં પાણીથી ઉગાડી શકાય તેવાં અનાજ ઉગાડવા ખેડુતોને સમજાવવા. એવા પીત મોલ તાત્કાલિક થઇ શકે તેવી સ્થિતિ ન હોય તો ખેડુતોને એમ સમજાવવા કે તેમનાં બકાલાંના વેચાણના પૈસામાંથી બીનજરૂરી ખર્ચો ન કરતાં અનાજ ખરીદી લેવું અને એ રીતે નવું અનાજ આવે ત્યાં સુધી ચાલે એટલું અનાજ દરેક ખેડુતના ઘરમાં સંઘરાય તેમ કરવું.



આ પછી જેઓ રોજેરોજની કમાણી ઉપર નભતા હોય તેમનો વિચાર પણ દરેક સમજદાર અને પ્રજાસેવાની ભાવનાવાળાએ કરવો જોઇએ. ચોકીદળથી જ સલામતી નથી જળવાતી. બેકારી વધતાં પણ પ્રજાની સલામતી જોખમમાં આવી પડે છે. આથી બેકાર માણસોને ધંધો મળે તેવો પ્રબંધ કરવો જોઇએ. જે ઉદ્યોગો સ્થાનિક સંયોગોમાં ઊભા થઈ શકે તેવા હોય તે પગભર કરવાનો વિચાર કરવો. આવા આવા ઉદ્યોગમાં ખાસ કરીને જીવનની જરૂરિયાતને પહોંચી વળે તેવા ઉદ્યોગો સૌથી પહેલાં વિચારવા. લોટ દળવાના સંચા અને તેલના ઘાણા વધી પડતાં ઘંટીને અને ઘાણીને દેશવટો મળ્યો છે. પરંતુ આ સંચાઓને ચલાવવા જોઈતાં સાધનો—વીજળી, મશીનઑઇલ પેટ્રોલ વગેરે—નહિ મળે ત્યારે જ આપણને ખ્યાલ આવશે કે એ સંચાઓએ આપણને કેટલા પરાધીન બનાવી મૂક્યા છે. ગામડાંમાં તો ઘંટી ઘેરેઘેર હોવી જોઇએ. તેમ છતાં ગામમાં એકાદ મોટી અને બળદના ઉપયોગથી ચાલી શકે કે તેવી ઘંટી હોય તો તે ચાલી શકે. તેની મારફત પણ અમુક માણસોને રોજી મળી શકે. એકાદ સાર્વજનિક સ્થળમાં સંખ્યાબંધ ઘંટીઓ રાખી બેકાર માણસોને રોજી મળે તેવો પ્રબંધ પણ થઇ શકે. સંચાના ઉપયોગથી ખોરાકનું સત્ત્વ ચુસાઈ જાય છે એ વાતને બાજુએ મૂકીએ તોપણ અત્યારના સંજોગોમાં આ સંચાઓ આપણને જ્યારે નિરૂપયોગી થઇ પડે ત્યારે આપણે મુશ્કેલીમાં ન

મુકાઇએ તેનો વિચાર કરીને અત્યારથી જ આપણે ચેતી જવું જોઈએ. જેમ અનાજનું તેમ વસ્ત્રોનું. કાપડ શહેરોમાં ખાસ કરીને મુંબાઈ અમદાવાદ જેવાં શહેરોમાં તૈયાર થાય છે. મીલોમાં કાપડ ગમે તેટલા પ્રમાણમાં તૈયાર થાય તોપણ જો રેલવે કે મોટરનું સાધન ન હોય તો દૂરદૂરનાં ગામડાંઓમાં તે પહોંચાડવાની મુશ્કેલી તો રહે જ. પરંતુ મીલોને કોલસાનો દુકાળ ક્યારે પડશે એની કલ્પના આવવી મુશ્કેલ છે. કોલસાની ખાણો પર બૉમ્બ પડે અગર રેલવેનાં વેગનોની




તંગી પડે તો મીલો કોલસાને અભાવે અટકી પડે. આમ બને ત્યારે કાપડનો દુકાળ પડે. પરંતુ તે પહેલાં જો ગામેગામ ખપ પૂરતી ખાદી ઉત્પન્ન થાય તેવી યોજના અમલમાં મુકાય તો કાપડનો દુકાળ કોઇને નડે નહિ.

આજ સુધી એકબીજા દેશો પરસ્પર માલની ખરીદી બાબત કરારો કરતા. પરંતુ હવે દેશદેશ વચ્ચે અવરજવરનાં સાધનો બંધ પડતાં નજીકનાં ગામો વચ્ચે આવી જાતના કરારો થવા જોઇએ. એક તાલુકામાં ઘઉં પાકતા હોય અને બીજા તાલુકામાં જુવાર પાકતી હોય તો બંને એકબીજાની પેદાશનો વિનિમય કરી શકે. એ જ પ્રમાણે કપાસ અને અનાજનો વિનિમય થઇ શકે.

અન્ન અને વસ્ત્ર ઉપરાંત લોકોને રહેવા માટે મકાનો તેમજ ખેતી અને ખાદી માટેનાં ઓજારો તૈયાર કરવા સારુ સુતાર, લુહાર, કડિયા, કુંભાર, દરજી, મોચી વગેરેની જરૂર પડે. આ બધા વર્ગો દરેક ગામમાં નથી હોતા. બહારગામથી—શહેરોમાંથી—આવતા લોકોમાંથી આ કામ માટે ઉપયોગી થાય તેવાઓને રોજી આપી શકાય. બહારથી આવનારા લોકોની શક્તિ અને આવડત જોઇને તેમનો ઉપયોગ થઈ શકે. ગામડાંઓનાં નાનાં જૂથો બંધાઇને એકબીજાની ઔદ્યોગિક ઉત્પન્નનો વિનિમય થઈ શકે.

આ બધું થયા પછી માનવજીવનને લાભકર્તા એવા બીજા ઉદ્યોગ-ધંધાઓનો પણ વિચાર થઈ શકે. દા. ત. મકાન તૈયાર થયા પછી રાતને વખતે તેને પ્રકાશિત કરવા માટે દીવો જોઇએ. ઘાસલેટ ન મળે તો દીવેલનાં કોડિયાં વાપરવાં પડે. આ કોડિયાંને



બદલે કોઈ શોધકવૃત્તિનો વિદ્યાર્થી વધુ સારો પ્રકાશ કઈ રીતે મળે તેનો વિચાર કરી તેવું તેલ અથવા તેને માટે અનુકૂળ દીપકરચના શોધી કાઢે. જમીનની સંપત્તિનો ઉપયોગ કઈ રીતે થઈ શકે તેનો વિચાર કરવો ઘટે. આ બધા વિચારો કરતી વખતે યંત્રો આપણાં દુશ્મન છે એ માન્યતા રાખી યંત્રોનું નામનિશાન નાબૂદ કરવાની વૃત્તિ રાખવાને બદલે જે કાંઈ યંત્ર હોય તે જલદી સુધારી શકાય તેવું, અને માણસને યંત્રના અભાવે પરાધીન ન બનવું પડે તેવો ખ્યાલ રાખવો જોઇએ.

મોટાં શહેરોમાં કારખાનાંઓ ખડકાયાં છે તેને બદલે નાના પાયા ઉપર નાનાંનાનાં કારખાનાં બેકાર માણસોને રોજી મળે તે માટે મોટાં ગામડાંઓમાં ઊભાં કરી શકાય. પરંતુ એ કારખાનાંમાં વપરાતી કોઈપણ વસ્તુ એવી ન હોય કે જેના વગર કારખાનું અટકી પડે. વળી એ કારખાનાંઓ બેકાર માણસોને કામ આપવા માટે છે એ ખ્યાલ મુખ્ય પણે રાખવો જોઇએ, અને ઘણા માણસને બેકાર બનાવીને થોડાં માણસને રોજી આપવા માટે અને એથી યે થોડા માણસોના હાથમાં સંપત્તિ એકઠી કરવા માટે કારખાનાં છે એ ખ્યાલ કાઢવો જોઇએ.

આ બધો વિચાર કૉલેજના મોટા વિદ્યાર્થીઓ અને નિષ્ણાતો કરી શકે. એ માટે જરૂરી અભ્યાસ કરવા પુસ્તકો વાંચી તેની યોજના તૈયાર કરવી અને અમલમાં મૂકવી જોઇએ.

કટોકટીના આપત્તિના કાળમાંથી પસાર થવા માટે ફક્ત ગામડાંનો અને ખેતીનો જ વિચાર કરવો જોઈએ એમ રખે કોઈ માની લ્યે. ગામેગામના પ્રશ્નમાં થોડેઘણે અંશે વિવિધતા હોય જ છે. નાનાં ગામગામડાં અને મોટાં કસ્બાતી ગામોના પ્રશ્ન નિરાળા હોઈ શકે. પોતે જ્યાં રહેતા હોઇએ ત્યાં આપણે કઈ રીતે આપણા ગામને આફતમાંથી સલામત રીતે પાર ઉતારી શકીએ તેનો વિચાર કરીએ અને તેને માટે જે કાંઈ યોજનાઓ અમલમાં આવતી હોય તેમાં પૂરેપૂરો સાથ આપીએ. આવી યોજનાઓ સાથે કાંઈ મતભેદ હોય તો તેવા મતભેદોને આગળ કરી યોજનાને સાથ આપવામાંથી ખસી ન જઇએ તેમજ બીજાના મનમાં મતભેદો ઊભા ન કરીએ. યોજનાનો અમલ કરતાંકરતાં તેના વિધાયકો સાથે યોજનાને વધુ સફળ બનાવવાના મુદ્દાઓ ચર્ચી લઇએ.

શાળાન્ત પરીક્ષા આપીને રજા ભોગવવા વતનમાં આવેલા વિદ્યાર્થીઓ પોતાના ભાવિ અભ્યાસની અને ભાવિ કારકિર્દીનો વિચાર કરે છે. તેમની નજર સમક્ષ અભ્યાસની દાક્તરી, ઈજનેરી, અને બીજી ઔદ્યોગિક શાખાઓ આવીને ઊભી રહે છે. આ બધી શાખાઓ આજે છે તે સ્વરૂપમાં ભવિષ્યમાં કેટલી ઉપયોગી થઈ શકશે એ પણ એક વિચારવાનો પ્રશ્ન છે. વિદ્યાની આ શાખાઓના અભ્યાસમાં કદાચ મોટું પરિવર્તન કરવું પડશે. હાલની કેળવણીની પ્રથામાં પણ મૂળભૂત ફેરફારો કરવા પડશે. સરકારી તંત્ર ચલાવવા કારકુનો તૈયાર કરનારી અને વિદ્યાર્થીમાં વિચારોની પરાધીનતા લાવનારી આજની કેળવણી ભવિષ્યમાં સ્વાધીન ભારતમાં નકામી થઈ પડશે. વર્ધાયોજના કે એવી કોઈ કેળવણીની યોજના ભવિષ્યમાં અમલમાં આવશે જેની સાથે હાલની દાક્તરી ઈજનેરી કે બીજી શાખાઓ બંધ બેસતી નહિ આવે

કોઈ વિદ્યાર્થી કહેશે કે એ બધા મૂલગત ફેરફારો થતા હશે ત્યારે થશે, પણ અમારે આવતા જૂન માસમાં વર્ગો શરૂ થાય ત્યારે શું કરવું?

આવા વિદ્યાર્થીઓએ એટલું સમજી લેવું જરૂરી છે કે હાલની યુનિવર્સિટી જે કેળવણી આપે છે તે વગર કે યુનિવર્સિટીની છાપ વગર આ દુનિયામાં જીવવું મુશ્કેલ છે એ જાતની વિચારસરણી નકામી છે.

જ્યાં અન્ન અને વસ્ત્રની વાત પહેલી જરૂરની હોય ત્યાં દરેક યુવાને દેશને અન્ન અને વસ્ત્ર પૂરતા પ્રમાણમાં મળી શકે તે ખાતર અન્નવિદ્યા ને વસ્ત્રવિદ્યા સૌ પહેલાં શીખી લેવાં જોઇએ. આ માટે જ્યાં જ્યાં કૃષિવિદ્યાલયો કે ખાદી વિદ્યાલયો હોય ત્યાં ત્યાંથી અભ્યાસક્રમ મંગાવી પોતાને અનુકૂળ હોય ત્યાં અભ્યાસમાં જોડાઇ જવું જોઇએ.

હાલ જે કટોકટીના સમયમાંથી આપણો દેશ પસાર થઈ રહ્યો છે તેવો સમય કદાચ હજારો વર્ષથી નહિ આવ્યો હોય. સમસ્ત દેશ ઉપર આપત્તિ આવી પડી હોય ત્યારે તે આપત્તિમાંથી સાંગોપાંગ કેમ પાર ઊતરાય તેનો દરેક વિદ્યાર્થીએ પહેલો વિચાર કરવો જોઇએ. તેઓ જો આજે ફરજ ચૂકશે તો તેઓ પોતાની જાતને જ નહિ, પણ ભવિષ્યની પ્રજાને અને દેશને નુકસાન કરી બેસશે.

આજે શું કરવું તેનો વિચાર કરી અમલ કરવા લાગી જઇશું તો આવતી કાલ આપોઆપ સુધરી જશે. આવતી કાલનાં દીવાસ્વપ્નો રચવામાં આજનો સમય વેડફી નાખીશું તો તેથી નથી આજે લાભ થવાનો કે નથી ભવિષ્યમાં લાભ થવાનો. આજની મુશ્કેલીનો તોડ કાઢશું એટલે તેમાંથી પ્રજાને સાચી તાલીમ મળશે, સંરક્ષણની ભાવના ઊભી થશે, મુશ્કેલી દરમ્યાન ગભરાટ વગર હિંમતથી કામ લેવાની તમન્ના જાગશે, તેમાંથી જ આપોઆપ પ્રજાનું સાચું ઘડતર થશે ને આવતી કાલની નવી સમાજરચના પણ તેમાંથી જ વિકાસ પામશે.

વેણીલાલ બૂચ

ગવર્નર

—સરકારનો નીમેલો નહિ, પણ એની મર્દાનગી જોઈ ગામલોકે બિરદાવેલો



દીવાળીના દિવસોમાં ભીંજવેલું ગોદડું શરીરે વીંટી હાથમાં દારૂની કોઠીઓ લઈ સામા પક્ષને મોરચાથી દૂર ભગાડતો

દસ વરસ શહેરમાં રહ્યા પછી આજે ગામ પાછો ફર્યો હતો. ગામના લોકો માનતા કે હું શહેરમાંથી કંઈ લઈને આવ્યો છું. પણ હું જ જાણતો કે શહેરે મને શું આપ્યું હતું! કિશોર વયનાં તોફાનો, તનમનાટ, નિખાલસ દિલ અને યુવાનીની મહત્ત્વાકાંક્ષાઓ, જોમ, કૌવત, હમદર્દી અને બીજાઓ માટે કંઈ કરવાની ધગશ, બધુંય લઈ લીધું હતું. અને તેના બદલામાં આપ્યું હતું- ખોટું ડહાપણ, વાણીની ચાલાકી, કપડાંની ટાપટીપ, અને શક્તિ ખોઈ બેઠેલું નિર્બળ માનસ.

ફરથી મારા એક મિત્રને આવતો જોયો. એનામાં ન હતા સંસ્કાર, ન હતું ભણતર કે ન હતી સામાન્ય સુધરેલી સભ્યતા. છતાં એ ગવર્નર હતો અને બધાય એને ગવર્નર કહેતા. શાહુડીનાં શિશોળિયાં જેવા માથા ઉપર વાળ. તેમાં અરધા કાળા ને અરધા ધોળા. હરરાજીમાંથી ખરીદેલો ગળાથી પગ સુધી પહોંચતો લાંબો કોટ, અને મોંની બંને બાજુએ બે સળગતી બીડીઓ. આ એનું વ્યક્તિત્વ.

'સાહેબજી, માધુભાઈ! કેમ, ક્યારે આવ્યા? ભઈસાબ બહુ વર્ષે પધાર્યા. હવે તો મોટા માણસ થઈ ગયા નહિ? અમારા સામું પણ શાના જુઓ?'

'ગાંડો થયો, ગવર્નર? તને ભૂલું? બીજા ભૂલાય પણ તું—?'

'ભઈ, તમેય ગવર્નર કહો છો? સાલા ગામના લોક તો ગાંડા છે—ગમે તેમ બોલે. પણ તમે બોલો ત્યારે તો જરૂર દુઃખ થાય.'

'અરે ગાંડા, એવું તે કંઈ હોય? ચાલ, ચ્હા પીએ.' મેં તેનો વાંસો થાબડતાં કહ્યું.

'ના ભઈ, આજે તો હું પીવડાવું.' એમ કહી મને તે હૉટેલમાં લઈ ગયો.

હૉટેલના માલિક જગુકાકાએ અમને આવકાર આપ્યો અને બાંકડો સાફ કરી ચ્હા બનાવતાં બોલ્યા, 'કેમ ભાઈ મઝામાં તો છે ને? હવે અમને પણ ત્યાં કંઈ ગોઠવી દે ને! આ ડોલચાં ધોઈ ધોઈને તો જિંદગી પૂરી થવા આવી.'

મારાં જૂનાં સ્મરણો તાજાં થયાં. આ હૉટેલ, આ જગુકાકા! મૂળ તો મુંબાઈની શેર બજારના સારા વેપારી; પણ ભાગ્ય ફરતાં બધું ગુમાવ્યું ને ત્યાંથી ભાગી, અહીં આવી આ હૉટેલ માંડી. ગામના તોફાની અને ઉતાર ગણાતા છોકરાંઓ ત્યાં જ ચ્હા પીતા, અને હજુ પીએ છે. પૈસા હોય તો પૈસા આપીને, અને નહિ તો કીટલીમાંથી નીતારીને ચ્હા પીતા અને સંતોષ માનતા. દરેકને ત્યાં આશ્વાસન મળતું. કાકા પોતાના જીવનના અનુભવો સંભળાવતા અને શિખામણ દેતા. પણ 'શેઠની શિખામણ ઝાંપા સુધી' ગણી અમે ચ્હા પી રસ્તે પડતા. એક કાને સાંભળેલું બીજે કાને નીકળી જતું. હું અને ગવર્નર કાકાના કાયમના ઘરાક.

'કાકા, દૂધ જરા વધારે નાખજો હોં!' ગવર્નર બોલ્યો ને કાકા સ્વભાવ પ્રમાણે ધૂરક્યા, 'બેસ, હવે ડાહ્યલા. અહીં બેસી બેસીને તો આવડા મોટા થયા ને હવે મને શિખામણ દેવા આવ્યા છે? જાણે કાકાને કંઈ ખબર જ નહિ હોય.'

ત્રણેએ સાથે ચ્હા પીધી. ગવર્નરે સ્ટવ નજીક પૈસા મૂક્યા. કાકાએ સાંડસી હાથમાં લીધી ને ઉગામી: 'ઉઠાવ નહિ તો—પૈસા આપવા આવ્યો છે!' એમ કહી ગજવામાંથી પૈસો ફેંક્યો. 'લે જા, પાન લઈ આવ.' તેણે પૂછ્યું, 'ભાઈ, પેલા છગનને ત્યાંથી લાવું ને? તમાકુ પણ નખાવું ને?' ત્યાં તો કાકાએ બીજો પૈસો ફેંક્યો,' તું પણ ખાતો આવજે. જા, મારે માટે બીડી ભૂલીશ મા.'

તે ગયો અને કાકાએ શરૂઆત કરી: 'મધુ, આ ગામના ઉતારને હવે કંઈક ઠેકાણે પાડ. ગામ આખું થાકે છે. તારી તો ફરજ છે. તને ખબર છે ને કે હવે એનું કોણ રહ્યું છે? બિચારી ડોશી હતી તે પણ માગશરમાં દેહ મૂકી ગઈ. કંઈ કામે નહિ લાગી જાય તો હાથથી જશે. માટે જતી વેળા લેતો જજે તારી જોડે.'

'ખરૂં કહો છો, કાકા. પણ જાણો છો ને કે જ્યાં ગામના શાન્ત વાતાવરણમાં ય એનો મેળ નથી ખાતો ત્યાં શહેરના ચંચળ વાતાવરણમાં ક્યાંથી ખાશે? છતાં સુરેશભાઈને કહીશ.'

'કોને, પેલા મોટર ઍક્સીડન્ટવાળાને?' કાકા પૂર્વકથા યાદ કરી બોલ્યા, 'ગમે તેવો પણ ગવર્નર છે ખરો મરદ, હોં. એની મરદાનગીએ તો રંગ રાખેલો. અને યાદ તો કર પેલો જલપ્રલય. બહાદુર છે, એમાં તો ના નહિ પડાય. જો, એની ચાલ તો જો, કેવો ચાલ્યો આવે છે!'

'લો કાકા, આ એકને બદલે ચાર બીડી. સાલો મરઘો ડ્રાણ કરતો'તો. મેં કહ્યું, ભૂલી ગયો સાલા, આગ લાગી'તી તે?'.

અમે બન્ને હસ્યા.

'ભાઈ, હવે હું રજા લઉં છું. સાંજે મળશો ને?' ને તે ગયો.

અમારી દોસ્તી પ્રથમ અખાડામાં થએલી. અખાડામાં એ સૌથી સારી કુસ્તી લડતો. લાઠી ફેરવવામાં પણ તેને કોઈ પહોંચતું નહિ. નવા દાખલ થનારને તે ખૂબ માયાથી શીખવતો. અખાડામાં સૌ તેને ચાહતા અને તે બધાને ચાહતો. પણ ગામના સંસ્કારી ગણાતા વર્ગમાં તેનું સ્થાન નીચું હતું. ગામમાં તેની ખ્યાતિ તોફાની તરીકેની હતી. ભાગ્યે જ કોઈ તોફાન તેની આગેવાની સિવાયનું હોય. ગામમાં આવેલી નાટક કંપનીમાં તે વગર પૈસે ઘુસી જતો—બે ચારને સાથે પણ લેતો જતો. બોરવાળીનાં બોર ઉડાવી ખાતો ખાતો આગળ વધતો. ને પાછળથી ગાળોનો વરસાદ વરસતાં માત્ર હસતો. હુતાશનીના દિવસોમાં કોઈનું ગાડું, કોઈનું બારણું તો કોઈએ ત્રીજે માળે ગોઠવેલી લાકડાની થપ્પી પાછલી બારીએથી ચડી હોળીમાં સ્વાહા કરતો. દિવાળી પર દારૂખાનાની લડાઈમાં તે અગ્રેસર હોય જ. ભીંજવેલું ગોદડું શરીરે વીંટી હાથમાં દારૂની કોઠીઓ લઈ સામા પક્ષને મોરચાથી દૂર ભગાડી દેતો. ગામમાં કંઈ તોફાન સર્જા-

જાય કે ગામલોક એક જ પ્રશ્ન પૂછતાં: 'પેલો ગવર્નર છે કે?' અને સાચે જ, મોટે ભાગે તેની હાજરી પણ ત્યાં હોય જ,–કેટલેક ઠેકાણે તોફાન બંધ કરવા ને કેટલેક ઠેકાણે તોફાન ઊભું કરવા. મારા બાપુજી પણ મને ઘણી વાર સલાહ આપતા: 'હે ભાઈ, એની સાથે ન ફરીએ. એ તો રખડું, આપણી આબરૂને હાનિ પહોંચે.' છતાં મને ગવર્નર ગમતો ને ઘણોખરો વખત હું તેની જ સાથે ફરતો. તેની જોડે મને ફરતો જોઇ કેટલાયને બોલતા સાંભળેલા કે 'મોહન પંડ્યાનો દિવસ ઊઠ્યો જણાય છે.' એ પણ મારી ખબર રાખતો. બાપુજીની બીકથી તેમની હાજરીમાં ઘેર આવતો નહિ, પણ હું ન ગયો હોઉં તે દિવસે બા બેનને મારા સમાચાર પૂછી લેતો.

એક દિવસની વાત છે. અચાનક જ અખાડામાં ખબર મળ્યા કે ગામથી ત્રણ માઈલ દૂર અમદાવાદ જતી મોટરને અકસ્માત થયો છે અને લગભગ દસ માણસો જાનથી ગયા છે.

'ચાલ મધુ, જોઇએ તો ખરા કે શા હાલહવાલ છે.' અને અમે બંને એકએક લાકડી લઈ ચાલી નીકળ્યા. પણ અમે મોડા પડ્યા.

ખબર પણ મોડી પડેલી અને રસ્તો પણ લાંબો હતો. જઇને જોયું તો બધું શાંત. બચાર લોહીનાં ખાબોચિયાં ને લોહીથી ખરડાએલી ટોપી દૂર પડેલી દેખાઈ. એક રાહદારીને પૂછતાં જણાયું કે બધાઓને પાસેના સરકારી દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા. ગામ દૂર હતું અને રાતના નવ વાગી ગયા હતા. પણ ઘવાએલાને જોવાની પ્રબળ ઈચ્છા હોવાથી અમે કોતરમાં થઇને જતો ટૂંકો રસ્તો પકડ્યો. થોડુંક જ ચાલ્યા હોઇશું ત્યાં તો એક દર્દભરી ચીસ સંભળાઈ. ગવર્નરે દિવાસળી સળગાવી. જોયું તો કોતરમાં લોહીલોહાણ થઇ ગએલો એક માણસ નજરે પડ્યો. તેને બહાર કાઢ્યો. તેનું માથું ફૂટી ગયું હતું અને શરીર લોહીથી ખરડાએલું હતું. આ જોઇ હું તો આભો જ બની ગયો. પણ ગવર્નર હિંમત હાર્યો નહિ. તેણે તેને પીઠ ઉપર ચડાવ્યો ને મને ટેકો દેવા કહ્યું. ને એમ અમે આગળ વધ્યા.

રસ્તામાં એક પુરાણું શિવમંદિર આવ્યું ત્યાં એ જીવને નીચે મૂકી અમે વિસામો ખાવા બેઠા. ગવર્નર ઊભો થયો ને મંદિર સામે ઘૂંટણીએ પડી હાથ જોડી બોલ્યો, 'હે શંભુદાદા, આને જીવતો રાખજે; નહિ તો વળી પાછી બદનામી થશે.'

અમે ધારેલા ગામમાં પહોંચ્યા. રાતના અગિયાર વાગી ગયા હતા. દવાખાનાના ડૉક્ટર સહૃદયી નીકળ્યા. તરત જ વસ્તુસ્થિતિ સમજી ગયા. ઘા ધોઈ હાડકાં બેસાડી એક ખાટલામાં ઘાયલ જીવને સુવાડ્યો ને અમને પાસે બોલાવી કહ્યું, 'જુઓ ભાઇ, આનો જીવ તમારા હાથમાં છે. આખી રાત સતત આ દવાનો શેક કરશો તો પ્રભુકૃપાથી બચી જશે.'

ગવર્નરે મારી સામે જોયું ને મેં ડોકું હલાવી સંમતિ સૂચવી.

'ચાલ ત્યારે તું સૂઈ જા, હું બેઠો છું. જરૂર હશે તો ઢંઢોળીશ. એમ કહી બળજબરીએ એણે મને સુવાડી દીધો. સવારે ઊઠીને જોઉં છું તો એનો શેક ચાલુ જ હતો. કેટલા ધ્યાનથી, કેટલી કાળજીપૂર્વક! હું ક્યારે ઊઠ્યો ને ઊભો થયો તેનું પણ તેને ધ્યાન ન હતું. પેલો માણસ જીવી જાય એ જ એકમાત્ર તેનું ધ્યાન. એ જ ધ્યાનમાં એના હાથ જખમી અને સગડી વચ્ચે એકસરખા ચાલી રહ્યા હતા. એની પુરુષ આંખોમાં ત્યારે મેં માતાની વત્સલતા જોઈ. મને તેને માટે અનહદ માન ઉપજ્યું: 'વાહ ગવર્નર, ધન્ય છે તને.' અને સવારે જ્યારે દરદીએ આંખ ઉઘાડી ત્યારે તેના ચહેરા ઉપર આરામ દેખાયો. પણ તેનું ધ્યાન તો ત્યાં જ હતું. તેના હાથ હજુ યે એકસરખા પોતાનું કામ કરી રહ્યા હતા. દરદીની દૃષ્ટિ આભાર દર્શાવતી જણાઇ. તેણે બોલવા પ્રયત્ન કર્યો, પણ બોલાયું નહિ. લખવાનું સાધન આપવા ઈશારો કર્યો. સરનામું લખી આપી તાર કરવા સૂચવ્યું. તાર કરી ગવર્નર માટે ખાવાનું લઇ હું પાછો દવાખાને આવ્યો. બરાબર બાર વાગ્યા હતા. તેનો શેક તો ચાલુ જ હતો. તે જગ્યા ને તેની જગ્યા મને સોંપી આરામ કરવા જરા આડે પડખે થયો. તે ઊઠ્યો ત્યારે સાંજના છ વાગવાની તૈયારીમાં હતાં. દરદીની સ્થિતિ પણ સુધરતી હતી. એટલામાં ત્રણેક મોટરો દવાખાનાના દરવાજા આગળ આવી ઊભી. તેમાંથી બે મોટા ડૉક્ટરો, બે સ્ત્રીઓ ને ત્રણેક ગર્ભશ્રીમંત જણાતા પુરુષો ઊતર્યા ને અમારી તરફ આવતા જણાયા. પ્રથમથી જ શ્રીમંતાની છાયામાં ઊભા રહેતાં ડર લાગતો એટલે ઓરડાના એક ખૂણામાં અમે જઈ ઊભા. ડૉક્ટરોએ તપાસ કરી ખાસ ભયનું કંઈ કારણ ન હોવાનું જણાવ્યું અને ગામના ડૉક્ટરને તાત્કાલિક સરસ સારવાર માટે ધન્યવાદ આપ્યો. પરંતુ ડૉક્ટર પ્રામાણિક હતા. તેમણે આંગળી ચીંધી કહ્યું, 'ધન્યવાદ મને નહિ પણ પેલા ખૂણામાં ઊભેલા બે છોકરાઓને.' દરદીએ પણ આંખના ઇશારાથી સંમતિ આપી. બન્ને ડૉક્ટરોએ અમારા હાથ પકડી હલાવ્યા અને પીઠ થાબડી બોલ્યા, 'Good Boys' (ગુડ બૉયઝ). અમારાં હૃદય આનંદથી ઉછળવા લાગ્યાં. ગવર્નરને માટે આવો અભિપ્રાય ઉચ્ચારનાર આ પહેલા જ ગૃહસ્થો હતા. બાકી તો તેનાં બાહ્ય તોફાનને લઈ ગામ તેને માટે શું બોલતું તે તો હું જ જાણતો. અમને દરદીની ઓળખાણ આપવામાં આવી. તેઓ અમદાવાદની જાણીતી મિલના એન્જીનીઅર હતા. લગભગ અઠવાડિયામાં તો સાધારણ આરામ થઈ ગયો. એક દિવસ તકિયાને ટેકે તેઓ બેઠા હતા અને અમે બન્ને તેમની નજીક હતા. ગવર્નરને વધુ નજીક બોલાવી તેમણે કહ્યું, 'હું તમારે માટે શું કરી શકું?' ગવર્નર હસ્યો: 'તમે સાજા તો થઇ જાઓ, પછી વાત.' આ અમારો એમને મળ્યાનો છેલ્લો દિવસ; ત્યાર પછી તો અમે ગયા જ નહિ. અખાડાના સેક્રેટરી પાસેથી સાંભળવામાં આવેલું કે જતી વખતે રૂ. ૧૦૦)ની ભેટ અખાડાને એ આપતા ગએલા.

'મધુભાઇ, સલામ.' મારું ધ્યાન તે તરફ ગયું. 'કોણ મહમદ? આઓ, બેઠો. બોલો કૈસે હો? ખૈરિયત તો હૈ ન?'

'હાં ભાઈ, ખુદાતાલાકી મહેરબાની હૈ. બહોત રોજ બાદ આયે? હો તો મઝેમેં ન? વો અપના ગવર્નર તુમ્હેં બહોત યાદ કરતા થા. મિલા યા નહિ અબ તક?'

'હાં, અભી યહાંસે ગયા.'

'બડા નેક ઈન્સાન, ઔર જવાંમર્દ. મગર ઈસ ગાંવકે લોગને ઉસકો આધા પગલા સા બના દિયા હૈ. અબકી બાર તો સાથમેં લે જાઇયે.'

ત્યાં તો શબ્દો સંભળાયા: 'રામરામ, બાબુ રામરામ.' સામે જોઉં છું તો પશવો રાજા.

'કેમ પશાવા મઝામાં છે ને?' મેં પૂછ્યું.

'હા ભઈસાબ, રણછોડરાયની દયાથી લહેર કરીએ છીએ. પણ રાજા, અમને એક કાગળ તો લખવો'તો. ત્યાં તો અલકમલકનો ચીડીયો ઊડતો હશે, રાજા. શાના નવરા થાવ?' મેં હસવું રોક્યું ને તેણે આગળ ચલાવ્યું: 'સાંભળ્યું છે કે ભઈ મુંબઈ જેવાં તો ત્રણ એ શહેરમાં સમાઇ જાય. ને માણસો ગાડી ખેંચે. હશે હશે, ચાલો; બે પૈસા પેદા કરતો થયોને? બોલ, છે તો લ્હેરમાં ને રાજા! અમારે તો એટલું જોઇએ. લે રાજા, આ રણછોડજીનો પ્રસાદ; તારે જયજયકાર!' એમ કહી કાનમાંથી અત્તરનું પૂમડું કાઢી હાથમાં મૂકતાં બોલ્યો, 'અરે, પેલો ગવર્નર તને ખૂબ યાદ કરે છે, મળ્યો કે નહિ?'

'હમણાં જ અહીંથી ગયો.' મેં જણાવ્યું.

'કાકા, "બાપુ"ની સવારી હજુ કેમ નથી આવી ?

'કોણ,રામજી ? આવતો હશે. એને છાપાંમાં જોયા પછી જ બધું સૂઝે છે. તે પહેલાં આંધળો ધબ્બ ! જો, પેલો આવે.'

'નમસ્તે, બંગાલી બાબુ, નમસ્તે. કાકા, જોયો આ તમારો મધુ ? રહ્યો છે પહેલાં જેવો ? હું તો દૂરથી ઓળખી યે શક્યો નહિ. આનંદમાં છે ને ?'

'રામજી, શું ખૂલ્યું આજે ? દુરી કે પંજો ?'

'હજુ ય એવો ને એવો જ રહ્યો કે ? મેં તો ધાર્યું હતું કે સુધરી ગયો હોઇશ. અરે યાર, આજે તો તાલ પડી ગઇ તાલ, પેલો બાબુ માંકડો સવારમાં છની દુરી ખોસી ગયો ને કમબખ્ત ખૂલી પણ દુરી જ. કાકા, બનાવો દોઢ કપ ચા. મધુ પીશ ને ? આજ તો બારે થઈ.' એમ કહી મારી પીઠ ઠોકતો એ બોલ્યો: 'પેલા તારા ગવર્નરની પાવતી આજ હજમ થઈ ગઈ. મળ્યો કે નહિ ? ખૂબ યાદ કરે છે.'

એટલામાં નાનુ દેખાયો:'મોટાભઇ,ચાલો બા જમવા બોલાવે છે.' 'જા, જા, જમી આવ. રહીશને મહિનો માસ ? પછી મળીશું.' બધા સાથે બોલી ઊઠ્યા.

રસ્તામાં દાજીને દૂરથી આવતા જોયા. તેમને જોઇને નાનપણ યાદ આવ્યું, ને મેં તેમણે ઓઢેલી ચાદરનો છેડો ખેંચી બૂમ મારી: 'દાજી ગીલોડી ! દાજીકાકા ધડુસ !'

'કોણ મુઓ છે એ ?' એમ કહી દાજીએ મારા તરફ લાકડી ફેંગવી. તેમની પીઠ પાછળ થઇને હું સામે આવ્યો ને લાકડી તેમના હાથમાં મૂકી. દાજીએ આશીર્વાદ આપ્યા: 'સો વરસનો થજે બેટા.'

'દાજી, મને ઓળખ્યો નહિ ? હું મધુ.' મેં જણાવ્યું.

'મધુ, દીકરા, આવડો મોટો થઇ ગયો ? હવે તો ઓળખાતો યે નથી.' દાજીએ મારે મોંએ હાથ ફેરવ્યો ને પડખામાં લઈ પીઠ ઉપર હાથ ફેરવતાં બોલ્યા: 'પેલા તારા ભાઇબંધને મળ્યો ? મારો બેટો ખરો ગવર્નર હોં !' ને દાજીના ચહેરા ઉપર હાસ્ય દેખાયું.

ધીમે ધીમે સૂર્ય ડૂબતો હતો. પ્રકૃતિ રમણીય લાગતી હતી. આછો અંધકાર છવાતો જતો હતો. પૂલ ઉપર નીરવ શાંતિ હતી. નદીનાં શાન્ત વહેતાં જળને અને પશ્ચિમના આકાશને નિહાળતા હું અને ગવર્નર બેઠા હતા. 'મધુ, જોઇ પેલી ગોંસાઈની હવેલી ? યાદ છે, ત્યારે તો લગભગ પોણી ડૂબી ગએલી. ને જોયો પેલો લીમડો ? પાણી તો ત્યાં સુધી પહોંચી ગએલું.' ગવર્નરે મારી સામે ભૂતકાળ ખડો કર્યો ને મને ૧૯૨૭ની સાલ યાદ આવી.

ત્યારે ગુજરાત ઉપર ભયંકર આફત ઊતરી હતી. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી. નદી, નાળાં, તળાવ બધાં ય પાણીથી ઊભરાઈ ગયાં હતાં. સૂર્ય ભગવાનનાં દર્શન તો દુર્લભ થઇ પડેલાં. અમારૂં ગામ નદીની બંને બાજુએ વસેલું. ઊજળો વર્ણ ઉત્તર તરફ અને મજૂરો તથા ગરીબ વર્ગ દક્ષિણ તરફ. નદીમાં પાણી વધતું જતું હતું. કિનારાની આસપાસનાં મકાનો ડૂબી ગયાં હતાં, પણ દક્ષિણ તરફનો ભાગ ઊંચાણમાં હોવાથી સહીસલામત બચી જવા પામ્યો હતો. નદી ઉપર એક જૂનોપુરાણો પૂલ હતો. સાધારણ તો ખખડી ગયો હતો, પણ હજુ તેના ઉપરથી વાહનવ્યવહાર ચાલતો. પૂલ ઉપર લગભગ અડધો ફૂટ પાણી ચડી ગયું હતું. તાણ સખત હતું, પાણી વધતું જતું હતું. આજથી રેલસંકટના ગણેશ મંડાયા હતા. ઊજળો વર્ગ જોખમમાં હતો. જીવ બચાવવા લોકો તલપાપડ થઇ રહ્યા હતા. પૂલની મદદથી લોકો ધીમેધીમે સામે કિનારે જઇ રહ્યા હતા અને મજૂર તથા હલકા વર્ણના લોકોનાં ઝૂંપડાંમાં આશરો લેતા હતા. હજી યે કલ્પનામાં નથી આવતું, પણ ખરેખર, એ સાચું જ હતું. સગી આંખોએ જોએલું. વર્ણનો ભેદ અદૃશ્ય થયો હતો. તેમની સંસ્કારિતા ત્યારે પોતાનું અસ્તિત્વ ભૂલી ગઈ હતી. જેમને જોઇને તેમનાં નસ્કોરાં ફૂલતાં તેમનાં ઘરમાં વસવાટ કરતાં તેમને શરમ આવતી નહોતી. તેમની સાથે બેસતાં અને જમતાં તેમની સ્વચ્છતા લજવાતી નહોતી. ત્યારે તેમની કડવી વાણીમાં માધુર્ય આવી ગયું હતું. ભગલાને ભગાકાકા ને ભગાભાઈ કહીને બોલાવતા થયા હતા. અમારા ઘરનાં બધાંએ પણ દક્ષિણ બાજુ ગવર્નરને ઘેર જઇ વિસામો લીધો હતો. આજે મારા બાપુજીને પણ ગવર્નરની મહેમાનગીરી મીઠી લાગી ને ઊલટા તેનાં વખાણ કરવા લાગ્યા: 'મરદ છે મરદ ! હોય, ગદ્ધાપચ્ચીસી છે.'

વરસાદ ચાલુ રહ્યો. વંટોળિયો તોફાને ચડ્યો. કડાકા ધડાકા જીવને કંપાવવા લાગ્યા. વીજળી જમીનમાં પેસી જઈ અને ચીરી નાખશે એવી બીક લાગતી. વૃક્ષો મૂળમાંથી ઊખડી રહ્યાં હતાં. મહાદેવના મંદિરનું શિખર તો ક્યાં યે ઊડી ગએલું. કોઇનાં છાપરા તૂટતાં તો કોઈનાં નળિયાં ઊડી જવાથી ઘરમાં પાણીની રેલ ચાલી હતી. દૃશ્ય ખૂબ જ ભયંકર હતું. એવો દિવસ મેં મારી જિંદગીમાં ફરી જોયો નથી. નદી પણ પૂર જોશમાં વહી રહી હતી, અને વરસાદ તો કંઈ થોડો જ અટકે ? ધડાધડ, કડાકા ધડાકા ચાલુ જ હતા. જાણે શંકરે પ્રલયનો શંખ ન ફૂંક્યો હોય એમ લાગતું. હું આ બધો કુદરતનો કોપ નિહાળી રહ્યો હતો. ત્યાં એણે કહ્યું, 'ચાલ મધુ, જરા નદીએ જઇ આવીએ; જોવાની મઝા પડશે.'

મોતિયા મરી જાય એવી એ સ્થિતિ હતી, પણ એ તો એ જ બેપરવાઇથી બોલ્યો હતો. મેં એનામાં ઘણી હિંમત જોઈ હતી, પણ આવા પ્રસંગે તો ગમે તે પણ આંગળાં જ કરડે. ત્યાં તો તેનો આ નવો ધડાકો થયો ! 'ગાંડો થયો, ક્યાંક દબાઇ ગયા તો જીવથી જશું.'

'તું તો છે જ ડરપોક ! ચાલ ચાલ, હવે; બાયલો નહિ તો !' હું શું બોલું ? પાછળ ચાલ્યે જ છૂટકો.

અમે પૂલ નજીક પહોંચ્યા. પૂલ ઉપર હવે પાણી કેડ સુધી આવી ગએલું અને માણસો પોતાના જીવ બચાવવા છાપરા ઉપર ચડી ગએલા. ત્યાં તો અમને એક માણસ હાથમાં થેલી લઇને આવતો



અમે પૂલ નજીક આવ્યા

જણાયો. શું મૂંએ જોખમ ખેડ્યું! ગવર્નરે કહ્યું, 'જોયો પેલો નાણાવટી? મરવાનો થયો લાગે છે.' ખરેખર જ તે લથડ્યો ને હવામાં બૂમ સંભળાઈ: 'બચાવો, બચાવો.'

એ બૂમ સાંભળીને એક પણ મિનિટ ગુમાવ્યા વગર ગવર્નરે પાણીમાં ઝંપલાવ્યું. તેની પાસે જઈ બાવડાથી પકડ્યો અને પૂલ પકડી રાખવા કહ્યું. પણ નાણાવટી વાણિયો હતો. તેને પોતાના જીવ કરતાં થેલીની વધારે પડેલી. એક હાથે તેણે થાંભલો પકડ્યો ને બીજા હાથે થેલી. આમ ટકી રહેવું મુશ્કેલ હતું. ફરીથી તે તણાયો. ગવર્નરે તેના હાથમાંથી થેલી ઝૂંટવી લીધી ને પોતાનું પહેરણ કાઢી થાંભલા સાથે બાંધી દીધી. પછી નાણાવટીના બંને હાથ સળિયા ઉપર રખાવી, હાથનો ટેકો દઈ એ નાણાવટીને કિનારે લાવ્યો.' ત્યાં તો નાણાવટીએ પોક મૂકી: 'મારી થેલી! હાય હાય, શું થશે?' ગવર્નર મૂંગો મૂંગો પાછો ગયો, અને થેલી લઈ કિનારે પહોંચે તે પહેલાં પૂલનો આગળનો ભાગ કડડડ કરતો નીચે બેસી ગયો! મારો જીવ તાળવે બંધાયો હતો, કારણ કે તે વહેણમાં ખેંચાતો હતો. હું પણ કૂદ્યો. કઈ શક્તિની એ પ્રેરણા હતી એ તો હજુ આજે ય હું સમજી શકતો નથી. એકબીજાની મદદથી અમે બંને કિનારે પહોંચ્યા. નાણાવટી થેલી લઈ ચાલતો થયો. આજે ય અહીંથી એ જગ્યા જોઉં છું. પેલા નાના છોડ ઊગ્યા છે એ જ એ જગ્યા.

ને અમે આરામ લેતા કિનારા પર એ જળપ્રલયને નિહાળતા બેઠા હતા, ત્યાં અચાનક તે ધેરા અવાજે બોલ્યો: 'મધુ, તાણ પુષ્કળ છે. હજુ પાણી ઘણે ઊંચે ચડશે ને પેલી ગોંસાઈની અગાસીમાં ઊભેલાં બધાં હતાં ન હતાં થઈ જશે.'

'પણ હવે શું થાય? પૂલ તો ભાંગી ગયો છે.' મેં જણાવ્યું. પણ એનું ધ્યાન બીજે હતું. એ વિચારમાં તલ્લીન હતો. અચાનક તેણે મારો હાથ પકડ્યો ને અમે ચાલ્યા. પહોંચ્યા કાકાની દુકાને.

દુકાન ભરચક હતી. મહમદ, પશવો રાજા, રામજી બાપુ, બાબુ માંકડો ને છગન ગોર પત્તે રમતા હતા. કાકા હાથમાં સાણસી પકડી ચા બનાવતા હતા.

'આવો આવો, તમારી જ ખોટ હતી—' કાકાએ આવકાર આપ્યો.

'મહમદ, ચલોગે દોસ્ત? બહોત જરૂરી કામ હૈ.'

'હાં હાં, ચલો.'

'ઊભો રે' હવે, ચેડલે ચોડ આવ્યો છે ને અહા તો પીતો જા!' કાકાએ સંભળાવી.

'કાકા, ચા પીવાનો વખત નથી. વીસ જીવ જોખમમાં છે. પૂલ ઉપર પાણી વધતું જાય છે અને પેલી ગોંસાઈની અગાસીમાંથી 'બચાવો, બચાવો'ની રાડ સંભળાય છે.

કાકાએ તપેલી ઉતારી ધડાધડ દુકાનનાં પાટિયાં બંધ કર્યાં. 'ચાલ, ભાઈ બાબુ, પશવા, ભોગિયા ચાલો બધા.'

સૌ પૂલ નજીક આવ્યા. બધે જળજળાકાર હતું. આજુબાજુના બધાં મકાનો પાણી નીચે ડૂબ્યાં હતાં—માત્ર તરતી દેખાતી એક ઊંચી અગાસી ને તે પરનાં ભયભીત માનવી સિવાય.

આ દેખાવ જોઈ સૌ હેબતાઈ ગયા, છતાં તે હિંમત હાર્યો નહિ. જ્યાંત્યાંથી વાંસ, દોરડાં વગેરે ભેગાં કરી જેમતેમ બે તરાપા તૈયાર કર્યાં અને મને તથા મહમદને સાથે લઈ એણે ઝંપલાવ્યું. બાબુ, કાકા વગેરેને દોરડાં બાંધી દેવાની સૂચના આપી. અમે સામે પાર ઊતર્યાં. તેણે બધાંને કહ્યું, 'ભાઈઓ, પૂર વધે છે. જેને જાન બચાવવા હોય તે ચાલો, પ્રભુ ઈચ્છા હશે તો સહીસલામત ઊતરી જશું. બબ્બે ચારચાર કરી બધાયને સામે પાર ઉતાર્યાં. દયાકાકા પણ એમાંના એક હતા. તેમને જોઈ અમને ચીડવવાની ઇચ્છા થઈ ને અમે બોલ્યા, 'દાજી કાકા ગિલોડી!' 'બેટા, એક વાર નહિ સો વાર ગિલોડી!' એમ બોલતા તેઓ મારી નજીક આવ્યા અને આશીર્વાદ દીધો: 'મા દીકરા જણે તો આવા જ જણજો.'

ત્યાર પછી તો નવો પૂલ બંધાયો. ગવર્નરે આવી તે પૂલ ખુલ્લો મૂક્યો અને એનું નામ 'લૉર્ડ વિલ્સન ગવર્નર્સ બ્રિજ' પાડ્યું. એમ પણ અમારા ગોહિયાઓની એક મિટિંગ તે જ દિવસે ગોઠવી ને નારણનાં સાહસ તથા શૌર્યની પ્રશંસા કરી અંતે પ્રમુખ પશવા રાજાએ સૂચના કરેલી કે તે દિવસથી નારણનું નામ પણ ગવર્નર જ રાખવું. અને ત્યારથી એ ગવર્નર તરીકે ઓળખાયો. હવે નારણ નામે તો કોઈ ભાગ્યે જ તેને ઓળખે છે.

'ભઈ, ચાલોને, ક્યાં સુધી બેસી રહેશો? દસ વાગી ગયા' નાનુએ કહ્યું. હું તંદ્રામાંથી જાગ્યો ને અમે ત્રણે ય ઘર તરફ વળ્યા. જતાં-જતાં તારાના ટમટમતા પ્રકાશમાં પૂલની વચ્ચે ચોંટેલી એક આરસની તકતી જોઈ. એમાં લખેલું હતું: 'લૉર્ડ વિલ્સન ગવર્નર્સ બ્રિજ.'

નજર ફેરવી મેં નારણના મોં સામું જોયું. અંતરમાં થયું આ પૂલનો સાચો ગવર્નર કોણ? નારણ કે વિલ્સન? **અંબુભાઈ ઉપાધ્યાય**

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું તથા ત્રીજું ઇનામ મોકૂફ; બીજું ઇનામ: 'બાલપણના સાથી' ચન્દ્રકાન્ત પટેલ (અમદાવાદ); નોંધપાત્ર: (૧) 'ઘરભણી' મગ્રહર માસ્તર (પાલણપુર); (૨) 'સંધ્યા'–હીરાલાલ જાદવ (અમદાવાદ).

હરીફાઈનાં ચિત્રો હમણાંહમણાં ગુણ વિનાનાં આવતાં હોવાથી અમારે અનિચ્છાએ ઇનામો મોકૂફ રાખવાં પડે છે. આ મહિને પણ એક જ ચિત્ર ઇનામને પાત્ર જણાયું છે. બીજું ઈનામ જીતનાર ભાઈ ચન્દ્રકાન્તના 'બાળપણના સાથીદારો' ચિત્રમાં બે બાળક ગધેડાના બોલકા સાથે રમતાં નજરે પડે છે. છબી પડાવવા માટે જ તે બોલકાને રમાડતાં હોય તેવું એક પાત્રથી જણાઈ તો આવે છે. છતાં ચિત્રમાં બાળકોનું સંયોજન કુદરતી બનાવાયું છે ને તેમના હાવભાવમાં પણ સ્વાભાવિકતા ઝડપાઈ છે. પ્રકાશનાં કિરણો કૅમેરાના ડાબા ખૂણેથી પાછળથી આવતાં હોવાથી જનાવરની મુલાયમ રુવાંટી પ્રિન્ટમાં ફૂબહૂ ઊતરી છે. ચિત્રરચના અને ટેકનીક સારાં છે. પ્રિન્ટને એન્લાર્જિંગ વખતે નીચેથી વધુ ઘેરો કરવો જોઈએ.

ગામડાની ભાગોળે, સંધ્યા સમયે ઘર ભણી પાછાં ફરતા ગાડાંના ભાઈ મગ્રહરના ફોટો-ચિત્રનો વિષય સારો છે, પરંતુ તેમની હમેશની ટેકનીક આ ચિત્રમાં ઊતરી નથી. ફોકસિંગ ખામીવાળું છે. એક્સ્પોઝર અને પ્રિન્ટિંગ પણ બરાબર નથી. તે જ સ્થળેથી અનુકૂળ વાતાવરણમાં બીજીવાર ચિત્ર લેવાવું જોઈએ.

આથમતા સૂર્યના રંગે રંગાએલી cumulus–ચાસવાદળી-થી ભરચક આકાશના ભાઈ જાદવના ચિત્રમાં આકર્ષક કલાતત્ત્વો છે, પરંતુ તેનો સંપૂર્ણ ઉપયોગ કરાયો નથી. અરધો કલાક વાદળીના આકારોનો અભ્યાસ કરી, મનગમતી રચના મળતાં સમજીને એક્સ્પોઝર કર્યું હોત તો કદાચ સુંદર ચિત્ર ઉપજાવી શકાત. પ્રિન્ટને જમણી ધારથી લગભગ પોણાબે ઇંચ ટ્રિમ કરવાથી સંયોજન સાદું બનીને સુધરે છે.

બલવન્ત ભટ્ટ

કીટકવંશનો આદિકવિ


ઝ્યાં હાંરી ફાબ્ર

Jean Henry Fabre

'તમે હૅલિક્ટીને ઓળખો છો?'

આપણાં ઘરની ભીંત કે મોભિયાં પર, કબાટનાં ખાનાં કે છત્રી-માં, ક્વચિત્ ખીંટીએ લટકતા કોટટોપીમાં માટીનાં દર બાંધતી ભમરીઓ; જાળનાં જાળાંથી ઘરના ખૂણાખાંચરા ભરી દેતા કરોળિયા; ઓરડાનાં લીંપણની સાંધામાંથી વખતે-કવખતે ઉભરાતા નઘરાંમાંના મકોડામકોડ : આ બધું જન્મ્યા ત્યારથી જોતા આવ્યા છીએ. સદાય-ની આંખો મીંચાશે ત્યાં લગી જોયા કરીશું. અગવડ-સગવડે આ બધું નભાવીએ છીએ. અનેક વખત એ ભાંગીતોડી નાખીએ છીએ. છતાં એકે વખત આપણે વિચાર કર્યો છે કે આવી ભાંગતોડથી તે તે પદાર્થોના સર્જક જંતુની મનોદશામાં શા ફેરફાર થતા હશે? દર ભાંગતાં ભમરી ત્યાંને ત્યાં જ ફરીફરી દર બાંધતી નજરે પડે છે. ઓટલાની સાંધામાંથી ઊભરાતા મંકોડાનો ધોધ ખાળવા સીમેન્ટથી એના પથ્થરની સાંધો ભરી દેવા છતાં સાંજ પડતાં પહેલાં તો સાંધામાંનો સીમેન્ટ કોરી કાઢી મંકોડાની લંઘર ચાલી જ છે ને! ઝાડૂ મારીમારી થાકો પણ કરોળિયાના આતાન-વિતાન દોરથી છાપરાં-છાજલીના ખૂણા છવાયા જ જાય છે. જંતુની આવી બધી ક્રિયાઓ પાછળ કયું બળ કામ કરી રહ્યું છે? આ બધો અંધ પ્રેરણા-શક્તિ કે ટેવનો પ્રતાપ છે, કે આપણી પેઠે 'આ સારૂં, આ ખોટું; આથી બગડ્યું તો એને આ રીતે સુધારી લેવાય' આવી કોઈ વિવેક-બુદ્ધિનું પરિણામ છે? આ જાણવાની આપણને પડી નથી.

એ વિચારવાનું પ્રથમ સૂઝ્યું ઝ્યાં હાંરી ફાબ્રને. ફ્રાન્સના એ પ્રતિભાસંપન્ન કીટકવિદે આવો વિચાર કરવાની પ્રણાલિકા શરૂ કરી અને ચાળીસ વર્ષ પર્યંત એકધારા અભ્યાસ અને અવલોકન દ્વારા એણે કીટસૃષ્ટિના માનસ વ્યાપારની સમસ્યા ઉકેલવા ભગીરથ પ્રયત્નો કર્યાં. માનવીના વર્તનમાં દેખાતી વિસંગતતાઓ પાછળ જઈ, એના મનોવ્યવહારનો ઉકેલ કરનાર વિલિયમ જેમ્સ, હેવલૉક એલિસ અને સિગમંડ ફ્રોઈડ બાલમાનસની ચિત્રલેખા મૉન્ટેસોરી જેવાની હારમાં વિરાજતા આ મહાન કીટકવિદની અસાધારણ પ્રતિભા આગળ મૅટરલિંક અને ડાર્વિન જેવાએ પણ ઋણભારથી શિર નમાવ્યું છે. જંતુઓનાં ચગકારા મારતા કેવળ રૂપરંગથી ફાબ્ર આકર્ષાયો નથી. એણે તો, જેની જીવનક્રિયાગાં અસાધારણ વિ-લક્ષણતા, ગૂંચવણ અને અવનવી ક્રિયાપરંપરા દેખાય એવાં જ કીટકો (પછી ભલેને તે ક્ષુદ્ર રહ્યાં)ને અવલોકનપાત્ર ગણ્યાં છે. એ અવલોકન-માં રસ લેવા પ્રેરતો, કીટકસૃષ્ટિનો આ વાલ્મીકિ આપણને પૂછે છે: 'તમે હૅલિક્ટી Halicti*ને ઓળખો છો? કદાચ નહિ ઓળખતા હો. જીવનમાં આનંદની જે બેચાર ક્ષણો મળે એમાં, Halictiને ન ઓળખવાથી કશી ઊણપ આવવાની નથી. છતાં થોડી ખંતથી એ ક્ષુદ્ર જંતુઓને પૂછીશું તો એમના જીવનની કેટલી ય અવનવી વાતો તે આપણને કહેશે. અને એવાંની ઓળખાણ કરવામાં નાનમ પણ નથી. એમના સંબંધથી આ ચિત્રવિચિત્ર ગૂંચવણભર્યા જગત વિષેની આ-પણી સંકુચિત મનોવૃત્તિ જરૂર બદલાઈ જશે. આજે જરા નવરાશ



માનવીના મનોવ્યાપારનો ઉકેલ કરનાર વિલિયમ જેમ્સ, હેવલૉક એલિસ ને સિગમંડ ફ્રૉઈડ, તથા બાલમાનસની ચિત્રલેખા મૉન્ટેસોરી જેવાંની હારમાં વિરાજતા ફ્રાન્સના આ મહાન કીટકવિદની અસાધારણ પ્રતિભા આગળ મૅટરલિંક ને ડાર્વિન જેવાએ પણ ઋણભારથી શિર નમાવ્યું છે

★

લેખક · શ્રી હરિનારાયણ આચાર્ય

છે, તો ચાલો. આપણે એમનો પરિચય કરીએ. આપણી મહેનત નકામી નહિ જાય એની ખાતરી રાખજો.'

નાનાં છોકરાંને કલાવતો પટાવતો હોય એમ ફાબ્ર, ક્રાન્તદર્શી કવિની વાણી, તત્ત્વજ્ઞની પ્રજ્ઞા અને પ્રકૃતિપ્રેમીની સહૃદયતાથી આપણને પગ નીચે કચરાતાં Halicti જેવાં સામાન્ય પ્રાણીઓની ઓળખાણ આ રીતે કરાવે છે. પ્રાણિમાત્રમાં એને રસ હતો;—સવિશેષ કીટકસૃષ્ટિમાં. એમના જીવનવ્યાપારની વિચિત્રતા અને વિવિધતા એને આકર્ષતી હતી. વાડવેલા અને વાડીઓ તેમ અવેડ ખેતર ખરાબા એને મન પરીઓનો પ્રદેશ હતો.

ઈ. સ. ૧૮૨૩માં ફ્રાન્સમાં રૂહોન નદીના ફળદ્રુપ પ્રદેશમાં ગરીબ માબાપને ઘેર એનો જન્મ થયો હતો. 'મારાં દાદા-દાદી કાળા અક્ષરને કૂટી મારે એવાં હતાં. વારસામાં ગરીબાઈ મળેલી અને ભરવાડનું જીવન જીવતાં. એ વાતાવરણમાં પણ નાનપણથી જ મારામાં અવલોકનનો રસ ઉત્પન્ન થયો હતો. પાંચછ વરસની ઉમરે જ હું લવારાં વાછડાં અને મરઘાંબતકાંની વચ્ચે રહી વિચાર કરતાં શીખ્યો. આસપાસ છવાએલા અજ્ઞાનના ગાઢ અંધકાર વચ્ચે પણ મારામાં બુદ્ધિની ચીનગારી પડી. એની ચિરંજીવ જ્યોત હજુ પણ મારા અંતરમાં પ્રજ્વલિત રહી છે. સૂર્યનો પ્રકાશ, તીડ તમરાંનાં

* ભીના રેતીમાં દર કરી રહેતી મધમાખી ભારતવર્ષમાં પણ મળે છે.

સંગીત. ફૂલ અને પતંગિયાંની વર્ણમાળા—આ જોતાં, સમજતાં, વિચારતાં હું અવલોકનકાર બન્યો !'

સાતમે વરસે એ નિશાળે બેઠો. 'અમારી નિશાળ એટલે નિશાળ. રાંધણી, શયનગૃહ, ભોજનાલય અને કદીકદી તો મરઘાંબતકાં કે ભૂંડને પૂરવાની કોઢ ! અંધારી ગુફા જેવા એ ઓરડામાં પ્રકાશ અને પવન આવવા માટે એક જ નાની બારી હતી અને તેની આગળ જ અમારા ગુરુજી બેસતા. ભણવામાં બા બૂ પા જેવી બાળપોથી. ભણાવવા કરતાં ય ગુરુજીનું મહત્ત્વનું કામ તો અમારી લેખણો ઘડવાનું હતું. અમારી કોરી પોથીઓમાં મથાળે સુન્દર મરોડદાર અક્ષરે એ સાદાં અધરાં વાક્યો લખી આપતા અને એને અનુલક્ષી અમે અમારો હાથ બેસાડવા પ્રયત્ન કરતા. એ ઉપરાંત થોડું ફ્રેન્ચ, બાઇબલની વાતો અને લૅટિનના બેચાર પાઠ. ગણિતમાં સરવાળા બાદબાકી. ભૂગોળ અને ઇતિહાસના નામે મીંડું. પૃથ્વી ગોળ હોય કે ચપટી : એની ને અમારે શી લેવાદેવા ? અમારા ગુરુજી વિચક્ષણ પુરુષ હતા. અનેક મિલકતોનો એ વહીવટ કરતા. હજામની દુકાન પણ ચલાવતા. દેવળમાં પ્રાર્થના વખતે ઘંટ વગાડતા. ભજનમંડળી જમાવતા. ઘડિયાળી હતા. મરઘાં પાળતા. જરૂર પડ્યે ખેતરમાં નીંદવા લણવા પણ અમને લઇ જતા. અને આ બધાંમાંથી નવરા પડે ત્યારે અમને ભણાવતા !'

દસ વરસનો થયો એટલે એણે ગામ છોડ્યું અને રોડેઝની ધાર્મિક શાળામાં એ દાખલ થયો. ભણવા સાથે શાળામાં નોકરી પણ કરવાની હતી. છતાં એનો અવલોકનનો શૉખ અટક્યો નહિ. રજાના દિવસે એ આસપાસનાં ખેતર કે નદીતળાવનાં વાસીઓનો પરિચય કરવા નીકળી પડતો. પણ આ શૉખ ઝાઝો વખત ચાલ્યો નહિ. ઘરની ખરાબ દશાને લીધે એને અભ્યાસ છોડી દેવો પડ્યો અને આવીન્યોંની માધ્યમિક શાળામાં તે વિદ્યાર્થી-શિક્ષક બન્યો. ત્યાંનો અભ્યાસક્રમ પૂરો કરી, અઢાર વરસની કાચી ઉમરે કારપાંત્રાની પાઠશાળામાં 'સને ૧૮૪૩માં મેં શિક્ષકજીવનની શરૂઆત કરી. કહેવાય પાઠશાળા, પણ અભ્યાસક્રમ તો પ્રાથમિક શાળા જેટલો જ હતો ! છાત્રસંખ્યા માત્ર ૫૦ ! એમાંથી કોઈ મારી ઉમરના ને કોઇકોઈ તો મારાથી ય મોટા. ધોરણ કે વર્ગવ્યવસ્થા જેવું કાંઈ ન મળે. એટલે એમની આવડતના આધારે મેં ત્રણ વિભાગ પાડી દીધા. સૌથી નાનાને કેવળ વાંચતાં શીખવતો. વચલી શ્રેણિનો હાથ લખવામાં કેમ બેસે એ ઉપર ધ્યાન આપતો અને ઉચ્ચ પદને ગણિત તથા ભૂમિતિની અદ્ભુત દુનિયાની ઝાંખી કરાવતો. આ જ્ઞાનયજ્ઞની દીપશિખા સદોદિત રાખવાનાં મારી પાસે બે જ સાધન હતાં: છીંક અને ખડીનો કકડો !'

એના અદમ્ય ઉત્સાહ ને શિષ્યસમુદાય સાથે ભળી જવાની ટેવથી ખેંચાઇને ભણનારા વધવા લાગ્યા. એક વર્ગના બે વર્ગ થયા. મદદગાર ઉપશિક્ષક પણ મળ્યો ને એની પ્રતિષ્ઠા પણ વધવા લાગી. આ પ્રતિષ્ઠા ટકાવી રાખવા, ચાલુ અભ્યાસક્રમ ઉપરાંત 'મને થયું કે ચાલને રસાયનશાસ્ત્ર શીખવું. હું જાતે તો એ ભણ્યો ન હતો, પણ મારી ખાતરી હતી કે એના થોડા જ્ઞાનથી વિદ્યાર્થીઓને નુકશાન નહિ થાય.'

અને એ વૃત્તિથી પ્રેરાઇને એને આપણે રસાયનશાસ્ત્ર શીખવતો જોઇએ છીએ; બીજગણિતનું શિક્ષણ લેવા આવનાર વિદ્યાર્થી આગળ અજ્ઞાન દેખાડતાં શરમ આવવાથી, એને બીજે દિવસે આવવાનું કહી, શાળાના પુસ્તકાલયમાંથી બીજગણિતનું પુસ્તક છાનામાના ઉઠાવી લાવી, આખી રાત એ વાંચીને તૈયાર થઈ, બીજા દિવસથી બીજગણિત સફળતાથી શીખવતો જોઇએ છીએ. અહીંનો ઓછો પગાર ને ગૂંગળાવી નાખે એવું નીરસ જીવન તથા ગરીબાઇ ને અભ્યાસની તગાઇ : એ એની વયે એના કોમળ હૃદયને ખૂબ આઘાત પહોંચતો. છતાં શિક્ષણના કામમાં એ કદી પણ નીરસતા દેખાડતો નહિ. અને ગણિત, બીજગણિત, ભૂમિતિ, રસાયનશાસ્ત્ર વગેરે વિવિધ વિષયો સફળતાથી શીખવતો. સાથેસાથે પોતાનો અભ્યાસ પણ ચાલુ રાખી એણે ગણિતશાસ્ત્રવિશારદની પદવી મેળવી. એ જ અરસામાં કોર્સિકાની પાઠશાળામાં ભૌતિક અને રસાયનશાસ્ત્રના અધ્યાપક તરીકે એની નિમણૂક થઈ ને કારપાંત્રાના કારાગૃહમાંથી એ છૂટ્યો.

પ્રકૃતિએ જ્યાં છૂટે હાથે સુંદરતા વેરી છે, એવા એજેચીઓના પ્રદેશમાં જતાં જ એને પ્રકૃતિના અવલોકનનું વિશાળ ક્ષેત્ર મળી ગયું. 'મારે જો ક્ષ અને જ્ઞની જળોજથા ન હત તો હું પ્રત્યેક ક્ષણ અવલોકનમાં ગાળત. આ જ અરસામાં રેક્વીએં નામનો આવીન્યોંનો પ્રસિદ્ધ વનસ્પતિવિદ્ અહીં આવી ચડ્યો. બગલમાં વનસ્પતિના નમૂના દબાવવાની પેટી સાથે એને આખો દિવસ પહાડપત્થરમાં રખડતો જોઈ મને કુતૂહલ થયું. બીતાંબીતાં મેં એની ઓળખાણ કરી અને થોડા દિવસમાં તો અમારો સંબંધ ગાઢ થયો. પછી તો વનસ્પતિઓ ભેગી કરવા હું પણ એની જોડે આથડવા લાગ્યો. હું ત્યાંથી એકાદ તરણું, લીલ કે ઝાડની ડાંખળી ઉપાડી એની આગળ ધરું કે વીજળીવેગે એનું નામ એ કહી આપે. એના આવા જ્ઞાનથી હું દિગમૂઢ થઇ જતો. વનસ્પતિના અભ્યાસનો નાદ મને એણે જ લગાડ્યો. એ જો જીવ્યો હત તો હું એની ઉદારતાથી બીજું ઘણું યે શીખ્યો હત.

એની જ ભલામણથી મને તુલુઝના વિખ્યાત અધ્યાપક મોકવાં તાંદોંનો પરિચય થયો. એણે મારી આંખો ઉઘાડી અને ગણિતશાસ્ત્રનાં નીરસ વિવેચન ને શુષ્ક સિદ્ધાંતોને તિલાંજલિ આપી, જીવતીજાગતી વનસ્પતિસૃષ્ટિના અભ્યાસમાં જીવનસમર્પણ કરવા પ્રેર્યો.'

સને ૧૮૫૨માં આવીન્યોંની પાઠશાળામાં રસાયન અને ભૌતિકશાસ્ત્રના અધ્યાપક તરીકે એની નિમણૂક થઇ. એ વખતે એની ઉમર ભાગ્યે જ સત્તાવીસ વરસની હશે. છતાં ઊંડી જાણવાની, અદમ્ય ઉત્સાહ, અવ્યાહત પરિશ્રમ કરવાની ટેવ, નમ્રવૃત્તિ, સાદું જીવન અને વિશાળ જ્ઞાનસામગ્રી તથા એથી યે વિશાળ ભાવના અને વિચારશક્તિથી એણે અહીં ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું અને આ જ સ્થળે એણે વીસ વરસ સુધી એકધારું શિક્ષણકાર્ય કર્યું. શરૂઆતમાં ગરીબાઇ એને મૂંઝવતી, છતાં વાચન ને વિચારમાં એનું દુઃખ એ ભૂલી જતો.

આ અરસામાં એના જીવનમાં એક એવો બનાવ બન્યો કે જેનાથી એની સમગ્ર જીવનદશા પલટાઈ ગઇ. 'શિયાળાની રાત હતી. ઘર ઊંઘતું હતું. આખી રાત બળતણ બાળવાની શક્તિ ન હતી, એટલે હોલવાઈ ગએલા અંગારાની ગરમ રાખની હૂંફે હું એક પુસ્તક વાંચતો હતો. સારાં ઘરના ઘોડાવાળાને મળે એનાથી ઓછો પગાર કમાનાર મારા જેવા કમનસીબ અધ્યાપકને વ્યવહારનાં દુઃખ ને ચિંતાને ભૂલી જવાનો માત્ર આ એક જ માર્ગ હોવાથી હું પુસ્તક વાંચવામાં તદાકાર હતો. એ હતું લેઑં દુફુર્ નામના પ્રાણિશાસ્ત્રીનો લખેલો કીટક વિદ્યાનો એક નિબંધસંગ્રહ. આ પહેલાં પણ અન્ય પ્રાણીઓનો અભ્યાસ કરતાં મેં કીટકોનો પરિચય કર્યો હતો, પરંતુ આ પુસ્તકે મને નવી જ દૃષ્ટિ આપી. તે રાતથી હું કીટસૃષ્ટિનો પૂજારી બન્યો.'

એ દિવસના પરિવર્તન પછી ફાબ્રે કીટકસૃષ્ટિનાં પોતાનાં અવલોકન છૂટાંછવાયાં પ્રસિદ્ધ કરવા માંડ્યાં. જંતુઓનાં નામકરણની નમાલી અને નીરસ સંકુચિત દૃષ્ટિ છોડી દઇ, એમનાં વર્તન અને જીવનવ્યાપારનાં પ્રત્યક્ષ અવલોકન દ્વારા એ જીવનવ્યાપાર પાછળ રહેલી સમસ્યાનો ઉકેલ કરવાના એના પ્રયત્ન અને પરિણામોથી મુગ્ધ બની વિદ્વદ્વર્ગ એના તરફ ખેંચાવા લાગ્યો.

'એક દિવસ અચાનક પાસ્તરે મારાં બારણાં ખખડાવ્યાં. એ પ્રતિભાસંપન્ન વ્યક્તિને મારા આંગણામાં જોતાં જ ઘડીભર તો હું ગભરાઇ ગયો. ધ્રૂજતે સાદે મેં એને આવકાર આપ્યો. પણ એણે તો મને સમોવડિયો ગણીને મારો કચવાટ દૂર કરી દીધો. ઘરમાં પેસતાં જ સીધા એણે મારી પાસે રેશમના કીડાના કોશેટા જોવા માગ્યા. મારો ઘરધણી રેશમ ઉત્પન્ન કરનાર હતો. એટલે કોશેટા લાવી આપતાં વાર ન થઇ. પાસ્તરે એ હાથમાં લીધા, આડાઅવળા ફેરવી તપાસ્યા, કાન આગળ લઈ જઇ ખખડાવ્યા અને નવાઇ પામી બોલી ઊઠ્યા કે "અરે આમાં તો કાંઈક ખખડે છે ને!" મેં કહ્યું: "હા." એણે પૂછ્યું: "શું" મેં કહ્યું: "સુષુપ્તિ ભોગવતું પતંગિયું." "પણ દરેક કોશેટામાં આવું હોય છે?" મારી હા સાંભળી એ વિચારમાં પડ્યા. ઠંડે પેટે મૂઠી કોશેટા ખિસામાં સેરવી દીધા અને સાહેબજી સલામ કરી એ રસ્તે પડ્યા! રેશમનો કીડો શું છે, એનું પ્રાથમિક જ્ઞાન પણ ન હતું છતાં કોઇ અકળ રોગથી નાશ પામતા રેશમના કીડાના ઉદ્યોગને બચાવી લેવાની જવાબદારી લેનાર આ પ્રતિભાસંપન્ન વૈજ્ઞાનિકની આ આત્મશ્રદ્ધા જોઇ હું તો ડઘાઈ જ ગયો. અખાડામાં ઊતરનાર પ્રાચીન મલ્લો દિગંબર બનીને કુસ્તી કરતા. રેશમના કીડાનો તારણહાર બનવા ઈચ્છતો આ અદ્ભુત વિચારક પણ નાગા-કોઈ પણ જાતના પૂર્વાભ્યાસ જનિત પૂર્વગ્રહ કે કીડો કયું જંતુ છે એના પણ ભાન સિવાયના ચોખ્ખા-ચિત્તે આ યુદ્ધ ખેલવા તૈયાર થયો હતો. હું તો આશ્ચર્યમુગ્ધ થયો.' આગ ઓલવવા જવાનું છે, પણ આગ શું અને આગ ઓલવવાનો બંબો અને સૂંઢ શું, એનું ભાને ય ન હોય એના જેવો આ ઘાટ હતો. છતાં એવી જવાબદારી તો પાસ્તર જેવા જ ઉપાડી શકે. 'આની મારા ઉપર ખૂબ અસર થઈ. એનો દાખલો લઈ મેં પણ નિશ્ચય કર્યો કે જંતુઓની બુદ્ધિ સંપ્રજ્ઞાનાં પર્યેષણો મારે પૂર્વાભ્યાસ વિના જ હાથ ધરવાં. એટલે હું ભાગ્યે જ આ વિષયનું કોઇ પુસ્તક વાંચું છું. ચોપડીનાં પાનાં ઉથલાવતો નથી. કોઇને પૂછતો પણ નથી. પણ મારા જંતુઓને સામી છાતીએ ભેટું છું, એમનો જવાબ મળે ત્યાં સુધી ધીરજ રાખું છું આજે આ દિશામાં, તો કાલે બીજી દિશામાં, એમ જંતુઓનાં જીવન મને નવાનવા કોયડા શીખવે છે અને ઘણી વખત ઉકેલ પણ જાતે જ દેખાડે છે. ક્વચિત્ ચોપડીઓ ફેંદવી પડે છે તોપણ એનાથી મારું આખું મગજ ભરી દેતો નથી. એમાં થોડી જગ્યા તો કોરી રાખું છું જ.'

રસાયનશાસ્ત્રના અધ્યાપન સાથે જંતુઓના અવલોકનની પરંપરા પણ આમ એકધારી વહેતી ચાલી. એમાં એ રાચતો, પણ વ્યાવહારિક મૂંઝવણો એને સતાવતી. એક તો ગરીબાઈ. એમાં વધતો જતો પરિવાર. આથી મુંઝાઇને એને વધારે કમાણી કરવાના રસ્તા શોધવા પડતા. શરૂઆતમાં એણે પાઠ્ય પુસ્તકો લખવા માંડ્યાં. સાદી સરળ ભાષામાં જુદાજુદા વિષયનાં એણે સો ઉપરાંત પુસ્તકો લખી કાઢ્યાં. એમાંથી થોડી આવક થઈ. એ સાથે એણે મજીઠનો રંગ બનાવવાની સાદી સોંઘી રીત શોધી કાઢી અને એનું કારખાનું પણ બાંધવા માંડ્યું. પણ કમનસીબે એ તૈયાર થાય ત્યાર પહેલાં જ કોલસામાંથી લાલ રંગ બનાવવાની સસ્તી રીત જડી આવી અને મજીઠના રંગનો આખો ઉદ્યોગ પડી ભાંગ્યો. જાતે ઉદારમતવાદી હતો, એટલે એણે સ્ત્રીશિક્ષણની ઝુંબેશ પણ ઉપાડી. પોતાની જ પાઠશાળાના અન્ય સહકારીઓની અવકૃપા વહોરીને એણે કન્યાઓને ગૃહવ્યવસ્થા અને એના અંગનું સાદું રસાયનવિજ્ઞાન શીખવવા માંડ્યું. પરંતુ ગામલોકનો જ વિરોધ થયો, એટલે એની આ પ્રવૃત્તિ લાંબી ચાલી નહિ.

અણગમતા વિષયોનું શિક્ષણ, મનપસંદ વિષયો ખીલવવાની



સેરીન્યાંમાં ફાબ્રની પ્રયોગશાળાનો ઓરડો

સગવડનો અભાવ, સંકુચિત વાતાવરણ, આર્થિક સંકડામણ, ભાંગી પડતા મનોરથ: આમ અનેક દિશાએથી એના સુકોમળ હૃદયને આઘાત પહોંચાડનાર વાતાવરણ વચ્ચે એણે વીસ વરસ ગાળ્યાં. અંતે જર્જરિત દેહ તથા હૃદયે સુડતાળીસ વરસની ઉમરે આવીન્યોંનો ત્યાગ કરી એણે જગતની જંજાળથી દૂર, સેરીન્યાંના શાંત ગામડામાં નિવૃત્ત જીવનનો આરંભ કર્યો ને પોતાનું શેષ આયુ ત્યાં જ ગાળ્યું.

સેરીન્યાંનાં હવાપાણી અને શાંત વાતાવરણ એને ગમી ગયાં. એણે લખ્યું છે 'ચાળીસ વરસની તપશ્ચર્યાનું આ ફળ. અંતે હું પરમ આનંદનું ધામ, મારૂં નંદનવન પામ્યો છું—જેની ઝંખનામાં મારી અરધી ઉમર ગઇ.' સેરીન્યાંના સંતનું આ નંદનવન તે લાલ માટીથી રંગેલું નાનકડું ઘર, થોડાં ફળઝાડ અને બાકી ખરાબાનું ખાલી ખેતર. 'ચાળીસ ચાળીસ વરસની કઠોર તપશ્ચર્યાથી મેં ગરીબાઈ અને સંકટોનો સામનો કર્યો તે આ ક્ષણ સારૂ. જમીનનો એકાદ ટુકડો મળી જાય, એકાદ નાનુંસરખું ઘર હોય, તો એમાં હું મારી પ્રયોગશાળા જમાવી દઉં. આજે મારી એ સ્વપ્નસૃષ્ટિ સજીવ થઈ. મારાં પ્રિય જંતુઓ! ખૂબ મોડું થયું, હો. દાંત પડ્યા ત્યારે સોપારી ખાવા મળી! ઊગતી જવાનીનાં નિર્મર્યાદ કલ્પનાક્ષેત્ર આજે સંકડાઈ જતાં દેખાય છે. હોય. વીતી એનો શોક શો? હવે તો મહત્ત્વાકાંક્ષા પણ નથી રહી. માત્ર એક જ વિચાર આવે છે કે આ બધું સહી લીધું એનું ફળ શું? આવું જીવન જીવવાનો કાંઈ અર્થ હશે?' ભગ્નમનોરથ થઈ એનું બળતું હૃદય આશ્વાસન લેતું: 'જમીનદોસ્ત થએલાં આ સ્વપ્નમંદિરનાં ખંડિયેરમાંથી માત્ર એક જ ભીંત અખંડ ઊભી છે: સત્યની શોધનો મારો અદમ્ય ઉત્સાહ. એની મદદથી હું અધૂરાં મૂકેલાં સ્વપ્નાં સિદ્ધ કરીશ. સૂનાં પડેલાં મારાં પ્રિય જંતુઓ, હવે નીરાંતે તમારાં જીવન ઉકેલીશ. કોઈ તમને પૂછે તો કહેજો કે મારો ઝાઝો વાંક નથી. જ્યાં વખત જ વેરી નીવડ્યો ત્યાં મારૂં શું ગજું? એકલો અટૂલો, સ્વજનહીન હું પરાણે દહાડા કાઢતો. પેટમાં હાથનો ખાડો હોય ત્યાં જ્ઞાનગોષ્ઠી શી રીતે થાય? આટલું કહેજો અને એ મને માફી આપશે.'

અધ્યાપકજીવનમાં પોતાના પ્રિય વિષય—કીટ અવલોકનનાં સાધનો વસાવવાના અનેક મનોરથ એ ઘડતો. પણ એ વણપૂર્યા જ રહેલા. 'જિંદગીમાં મને થોડીક ચીજોની હમેશાં આકાંક્ષા રહી છે. એક તો મારા આંગણામાં નાની તળાવડી હોય: માણસોની અવરજવરથી છેટે રહી, એની ઓથે રહેતાં જળચરોની જીવનચર્યા હું નિરાંતે નિ-

હાળી શકું. પણ એવાં નશીબ ક્યાંથી? એટલે એના અભાવે મેં નાનકડા કાચના પાંજરામાં પાણી ભરી મારી પંપા બનાવી લીધી છે. મરેલાં પ્રાણીઓનાં હાડમાંસ ખાઇ, પ્રકૃતિનું ભંગીકર્મ કરતી જીવસૃષ્ટિને વગડામાં રસ્તા વચ્ચે બેસી અવલોકતો જોઈ, જનારઆવનાર મને ચસકેલો ધારતા. આ અપવાદમાંથી છૂટવાની મારી બીજી આકાંક્ષા એક સ્વતંત્ર ઘરની હતી. એ મળતાં જ મેં મોટું મનગમતું પાંજરૂં બનાવી આંગણામાં અધ્ધર લટકાવી દીધું છે. પછી મરેલા ઉંદર, સાપ વગેરે મંગાવી એમાં મૂકી દઉં છું અને એના આહાર કરવા આવનારા જીવજંતુઓને નીરાંતે અવલોકું છું.' પણ આ બધું તો ચલાવી લેવા પૂરતું જ. પ્રકૃતિનાં નૈસર્ગિક સાધનોની તોલે એ ન આવે, એનું એને પૂરૂં ભાન હતું. 'બનાવટી તળાવડાંથી ભલેને આખી પ્રયોગશાળા ભરી નાખો, પણ એકાદ ઝાપટાથી ભરાએલા ખરિયામાં ખદબદતી જીવાતની પડખે એ બીચારા તળાવડાની કોડીની યે કિંમત નથી.'

ખરાબો મળતાં જ એણે કીટકસૃષ્ટિનો એકાંતિક અભ્યાસ આરંભ્યો. એ એની પ્રયોગશાળા બની ગયો. એકલો ખરાબો જ નહિ: એનું આખું ઘર માખીઓ, વીંછી, પતંગિયાં, કીડા, કરોળિયા વગેરેથી ભરેલું સંગ્રહસ્થાન જ બની ગયું હતું. એમાં નવાં ઉમેરાય એટલે જગ્યાના અભાવે જૂનાંને જતાં કરવાં પડે. એમને છૂટાં કરતી વખતે વિરહવેદના ને મમતાથી એ વ્યાકુળ થઇ જતો. 'મારી આંખો આગળ તમે જન્મ્યાં. મારા હાથે મેં તમને ઉછેર્યાં, ખાવાનું આપ્યું. સુંવાળી રેતની પથારીમાં સુવાડ્યાં. ઊંઘમાંથી ઝબકીને હું જાગતો કે રખે તમારાં રૂપરંગ બદલાઈ ગયાં હોય અને હું એ જોતો રહી ગયો હોઉં. તમે તો મને ખૂબ શીખવાડ્યું. પણ તમને મારી પાસેથી કશું જ જાણવા ન મળ્યું. તમે તો વગર ગુરુ કર્યે બધું શીખ્યાં છો. ખેર. આપણો આટલો જ ઋણાનુબંધ. જાઓ સિધાવો. સ્વચ્છંદે ઊડો. મજા કરો. પણ જોજો. પેલી ખડમાંકડીના પંજામાં ન પડો. કાકીડો પણ વાટ જોતો બેઠો હશે. એમના હાથમાંથી છટકી જઇ તમારો વંશવેલો વધારજો, જેથી જીવનની જે થોડીઘણી આનંદની પળો તમારી પાસેથી પામ્યો છું, એવું જ સુખ તમારા વંશજો પાસેથી મારા જેવા બીજા પણ પામે.'

રાત પડે, અંધારૂં થાય અને એ ખરાબાનું સંગીત સાંભળવા નીકળે. 'આજે તો ગામમાં સ્વતંત્રતાદિનનું સંગીત ચાલી રહ્યું છે. હોળી ફરતાં છોકરાં નાચી રહ્યાં છે. શરણાઇઓ વાગી રહી છે. મંદિરના ઘંટાનાદ પણ સંભળાય છે. પણ મારા કાન આ બધું સાંભળતા નથી. મને તો કેવળ મારા ખરાબાનાં તમરાં-તીડનાં મધુર સંગીત જ સંભળાય છે. એમાં સાદાઈ અને સુંદરતા તથા શાંતિનાં બળ ભર્યાં છે. એ સાંભળવા માટે તો લોકોત્તર શ્રવણશક્તિ જોઇએ. 'ક્રુલક્': એક ખૂણેથી સ્વર નીકળે છે. 'ક્રિલક્': બીજો એમાં સૂર પુરાવે છે. 'ક્રુલૉક્': ત્રીજાની પૂર્તિ થાય છે અને પછી 'ક્રુલક્' 'ક્રિલક્' 'ક્રુલૉક્', 'ક્રુલક્' 'ક્રિલક્' 'કલૉક્'ની સ્વરપરંપરા ચાલી જ છે ને. આદિ યે નહિ અને અંત પણ નહિ. માત્ર શ્રુતિ રૂપે એ અત્યંત આહ્લાદ આપે છે.'

અભ્યાસમાં આટલી તન્મયતા છતાં અલ્પ અને પરિમિત સાધનોથી ક્વચિત્ એ અકળાઈ જતો. એવે પ્રસંગે એને થઈ આવતું કે 'પૃથ્વીના ખૂણે ખૂણે ફરી વળી, અનેક મહાસાગર ખૂંદતાં ઉત્તરથી દક્ષિણ ધ્રુવના પ્રદેશને પગ તળે કાઢી, અશેષ પ્રાણિજીવનના પ્રત્યેક આવિષ્કારને ઉકેલવા જેને સંપત્તિ મળી હોય, એ મનુષ્યને ધન્ય છે. રૉબિન્સન ક્રુઝોનાં પરાક્રમ વાંચી નાનપણમાં હું આવી મુસાફરીઓ કરવાનાં મધુર સ્વપ્નાં ઘડતો. પણ હાય નશીબ. ભૂખડી દશા અને વધતા જતા પરિવારની જળોજથામાં મારા એ મનોરાજ્યના ભાંગીને ભૂકા થઈ ગયા છે. ભારતવર્ષનાં સઘન જંગલો, બ્રાઝીલનાં આગ્નેયંત્રાં વન, ઍન્ડીઝની ગગનચુંબી ગિરિમાળાઓ, એ બધાંને હવે તો મારા ખરાબામાં, મારા ગરીબ આંગણાની વેંત ભોંયમાં જ સમાએલાં જોવાં રહ્યાં.' પણ એથી એ હતાશ થતો નહિ. 'હોય. એનો શોક શો કરવો? જેને કેવળ જ્ઞાનોપાર્જન જ કરવું છે, એણે આવી દૂરદૂરની યાત્રાઓ કરવી જ જોઇએ, એવું કાંઇ નથી. ઘરઆંગણું ચોકસાઇથી પણ અવલોકન દ્વારા અદ્‌ભુત આવિષ્કારો મળી આવે છે. એટલે મારી વાડામાં જ હું આવી દૂરગામિની યાત્રાઓ કરૂં છું. કોઈ વાર એકાગ્રતાથી. ચારે ખૂણાને આવરી લેતી, લાંબામાં લાંબી; ક્વચિત્ આ ખૂણેથી પેલા ખૂણા સુધી, નાની નાની. અહીં આ તરણાંને પૂછું; પણે પેલા ઠૂંઠાનો ઉત્તર માગું. વખતે તરત જવાબ મળે, વખતે દિવસો લાગે. પણ અહીંના એકે એક વસનારને હું ઓળખું છું. ક્યાં કોણ ભરાઇ બેસે છે, એ મારી ધ્યાન બહાર નથી હોતું.' આમ ગામડા ગામના રૂંધાતા જીવનમાં ભરાઈ બેસવા છતાં પણ એની ક્રાન્તદર્શી દૃષ્ટિએ કીટકસૃષ્ટિનાં અત્યંત દુર્ગમ અને લોકોત્તર સત્યો શોધી કાઢ્યાં છે. કદાચ દુનિયાની યાત્રામાંથી પણ એને આવું જોવાનું તો ન જ સાંપડ્યું હોત.

એના મનથી કીટકસૃષ્ટિમાં કોઈ હલકું, તુચ્છ ન હતું. પ્રત્યેક જંતુને એ પોતાનું સમકક્ષ ગણતો. એમનાં સુખદુઃખ સમભાવે જોતો. એમની પ્રવૃત્તિમાં રાચતો. એમની વેદના અને આનંદની લાગણીઓ સાક્ષાત સમજી અનુભવી શકતો. એ એમની સાથે વાતો કરે, એમને સમજાવે, એમને મદદ પણ કરે. આવી સમવૃત્તિને લીધે જ એ કીટકવૃંદનાં ચમત્કારી જીવન આલેખી શક્યો છે. ગુલીવરની મુસાફરી કે જુલે વર્ન અથવા ફેનીમોર કૂપરની અદ્‌ભુત પરાક્રમકથાઓને પણ ઝાંખી કરે એવી કીટકયોનિની જીવનવાર્તાઓ એણે સાંકળી છે. સત્યનું જ વર્ણન કરવાનું હોવાથી એનાં આલેખનમાં શાબ્દિક ઝબકારા કે ભાષાની કૃત્રિમતા નથી હોતી. કલ્પના ને વાગ્છલનો આશ્રય લીધા સિવાય એ કથાઓ એણે કહી છે. એમાં તન્મય બની ક્વચિત્ એ શાસ્ત્રીયતાને પણ વીસરી જાય છે. પણ એની એને પડી નથી. 'જહન્નમમાં જાય તમારાં એ વર્ગીકરણ. જંતુને છ પગ હોય કે આઠ પગ: એની જીવનક્રિયા અવલોકનારને એની સાથે શી નિસ્બત? ક્યાં એને ઝાંઝર લટકાવવાં છે?'

એના સહાયકોમાં તો એનાં સંતાનો: પૉલ, મારી અને આના. 'એમની ચપળ આંખો મારી ઊતરતી અવસ્થામાં ક્ષીણ થતી નજરને તેજ આપતી.' વખતે શ્રીમતી પણ હાથ લંબાવે. નોકર બાઈ પણ એમાં શામેલ હોય. પાદરો કે ચવાણાની લાલચ આપી ગામનાં છોકરાંની મદદ પણ એ લેતો. તેથી જુદીજુદી જાતના જંતુઓ પકડી લાવી એનું ઘર ભરી દેવાની ચડસાચડસી ચાલતી. 'એક દિવસ કાછીઆનો છોકરો શાક આપવા આવ્યો. શાક આપીને પૈસા માગી લીધા. પછી પોતાની બંધ મૂઠી મારી આગળ ધરીને બોલ્યો: "આનું કાંઇ આપશો?" મેં કહ્યું: "જરૂર. લાવ, લે આ પૈસો. બીજાં જેટલાં મળે એટલાં લાવજે. એ ખુશ થઇ ગયો." ફ્રાબ્રની આનંદની માત્રા પણ હજારગણી વધી ગઇ; કારણ એ હતો એક જાતના પતંગિયાનો કોશેટો, જે મેળવવા એ પાછલાં વીસ વરસથી તલસી રહ્યો હતો! એના આ સાથીઓ બધા યે ભણેલાગણેલા ન હતા. મોટે ભાગે તો ગામડાના મજૂરવર્ગનાં સંતાન હતાં. 'ગામના ભરવાડના છોકરાને છાણિયાં જીવડાંનાં દર ઉપર નજર રાખવાનું કહ્યું હતું. એક દહાડો અચાનક મારે ત્યાં આવી પહોંચ્યો. એના હાથમાં જામફળ જેવડો છાણનો દડો હતો. છાણિયાંના દરમાંથી ઉપાડી લાવેલો. એને ધારીને

જોતાં મારી અમુક કલ્પનાઓનો ભૂકો થઇ જતો મેં જોયો. બીજે દહાડે વહેલી સવારે હું એની સાથે ગયો. છાણિયાનું એક દર અમે શોધી કાઢ્યું. હાથેક ખોદતાં અંદર પહોળો ચોક નીકળ્યો. એની વચ્ચોવચ છાણનું બનાવેલું નાળિયેર પડ્યું હતું છાણિયાંની માદાએ, ઇંડાંમાંથી નીકળતાં બચ્ચાંના ખોરાકની ભાવિ જરૂરિયાત પૂરવા આ સંગ્રહ કર્યો હતો. પીરામીડ ખોદનારને અમારા જેટલો હર્ષ ભાગ્યે જ થયો હશે. હું હસી પડ્યાં. મને હસતો જોઇ મારો અજ્ઞાન સાથી પણ નિર્દોષ ભાવે હસી પડ્યાં. એને બીચારાને ક્યાંથી ભાન હોય કે મારા હસવા પાછળ તો, ત્રીસત્રીસ વરસ સુધી જેનો ઉકેલ લાવવા હું મથી રહ્યો હતો તે કોયડાનો ઉકેલ આજે અચાનક હાથ લાગવાથી ઉપજેલો સંતોષ અને સફળતાની લાગણી કારણભૂત હતી!

આને આ અવલોકનના આવિષ્કારોનો જ્ઞાનભંડાર તે એનાં Souvenirs Entomologique. સાહિત્યના ક્ષેત્રમાં એણે પ્રવેશ કર્યો, ભમરીના વંશનાં પરોપજીવી કીટકવિશેષના જીવનવ્યાપાર વિષે નિબંધ છપાવીને. આ પ્રથમ પ્રયાસથી જ એની પ્રતિષ્ઠા સ્થપાઇ ગઇ. ફ્રાન્સની સર્વોચ્ચ વિદ્વત્પરિષદે એને વગર માગ્યે પારિતોષિક આપ્યું. આ એક જ નિબંધના પરિશીલનથી સમર્થ અંગ્રેજ પ્રાણિવંશવિશારદ ડાર્વિને એનું પ્રથમ પંક્તિના વૈજ્ઞાનિક રૂપે અભિનંદન કર્યું. પછી તો એનો યશોરાશિ વિસ્તરવા લાગ્યો. કીટકનાં નામ તથા એમનાં રૂપરંગ અને અંગરચનાના આધારે કરાતાં વર્ગીકરણ વિષે તો અગાધ સાહિત્ય પડ્યું હતું. પરંતુ એમના સ્વભાવ વિષે એમની અહેતુક જણાતી વિચિત્ર ટેવો વિષે; કયા બળના પ્રેર્યા એ જીવનની વિવિધ ક્રિયાઓ કરે છે એ વિષે પ્રથમ વિચારમય લખનાર તો ફાબ્ર જ. એણે કશું ય નવું શોધી કાઢ્યાનો ડોળ કર્યો નથી. જે દેખાય છે તેને ઉકેલવાનો પ્રયત્ન માત્ર કર્યો છે. વિજ્ઞાનના અદ્ભુત આવિષ્કારોથી એણે વૈજ્ઞાનિક જગતમાં ખળભળાટ મચાવ્યો નથી. કેવળ સત્યના અન્વેષણથી જ એ આટલી અમોઘ કીર્તિ પામ્યો છે. છતાં એનો એણે ગર્વ કર્યો નથી. 'નદીતટની રેતીના બેચાર કણ ફેરવ્યા એથી હું શું અનંત મહાસાગરનાં નીરની અગાધતાનો તાગ થોડો જ પામી શકવાનો હતો? અરે, ભાઇ! જીવન તો અગણિત રહસ્યોથી ભરેલું છે. ક્ષુદ્ર મનાતા એકાદ દંશમશકના જીવનવ્યાપારની સમસ્યા ઉકેલતાં પહેલાં તો મનુષ્યનું નામ પણ પૃથ્વિતલ પરથી ભૂંસાઇ ગયું હશે.' એની આ નમ્રતાથી છેતરાઇ કેટલાક જરઠ વૈજ્ઞાનિકો એને પોતાના ચોકામાં લેવાની ના પાડે છે. પણ પ્રયોગશાળામાં પૂરાઈ રહેતા આવા વૈજ્ઞાનિકો એનાં અવલોકનોથી સંતોષાય ન સંતોષાય એની ફાબ્રને ચિંતા નથી. એને તો આખા જગતની આંખો ઉઘાડવી છે. ગરીબ હોય કે તવંગર, ભણેલો હોય કે અભણ: બધાયને આ ક્ષુદ્ર ગણાતી કીટકસૃષ્ટિની અદ્ભુતતાઓ જોતા, એથી અહ્લાદિત કરવા છે. એથી જ એણે, પોતાનાં અવલોકનોને પાંડિત્યનો ડોળ કરી શાસ્ત્રીય પરિભાષાનાં દુર્ગમ અટવિઅરણ્ય બનાવ્યાં નથી. ભાષા પર અસાધારણ કાબૂ, રજ પણ અતિશયોક્તિ વિના સત્ય વસ્તુને સાદી સરળ ભાષામાં કહેવાની ટેવ, આ એનાં લખાણના મુખ્ય ગુણો છે. કહીંક કવિત્વના ચમકારા દેખાય છે ખરા, પણ તે કેવળ કલ્પનામૂલક નહિ પણ વસ્તુસ્થિતિને રોચક બનાવવા પૂરતા. આ ગુણોને લીધે એનાં સુવેનીર્સ સામાન્ય જનતા તેમ શિક્ષિતવર્ગ ઉભયને આકર્ષે છે. એની આવી સરળતાનો ક્વચિત્ ઉપાલંભ પણ થયો છે એ લખે છે:

'કોઇને મારી શૈલી નથી ગમતી. ન જ ગમે. વિજ્ઞાનવેત્તાઓના જડબાંતોડ શબ્દોના ખડકલા કરતાં મને આવડતું નથી. એમના મનથી તો, જે સરળતાથી વંચાય સમજાય એ તે કંઇ વૈજ્ઞાનિક સત્ય કહેવાતું હશે? પણ એમને મારી અરજ છે કે મુરબ્બીઓ, આપ તો જંતુને ચીરીચૂંથી એનું રહસ્ય જાણવા મથો છો; હું એમને જીવતાં અવલોકું છું. આપના હાથમાં એમની કાયાના કકડા થઇ ભયંકર દેખાય છે; મારા હાથે એમનાં રૂપરંગ એવાં ને એવાં અખંડિત મનોહર રહે છે. આપ શવચ્છેદના ઓરડામાં ગોંધાઇ રહો છો; હું ખુશનુમા આકાશ અને આંખો ઠારતા વનવગડામાં એમની સોબત શોધું છું. આપને રજ અને રક્તાણુનાં રાસાયનિક સ્વરૂપ શોધવાં છે; મારે એમની વિચારશક્તિ અને સંવેદનના અદ્ભુત આવિષ્કારોનાં રહસ્ય જોવાં છે. આપ મૃત્યુમાં રાચો છો; હું જીવનની સમસ્યા ઉકેલવામાં હરખાઉં છું.' જીવનનું રહસ્ય તો જીવતાં પ્રાણી પાસેથી જ જડવાનું, એમ એ માનતો; એટલે જંતુઓના સ્વભાવ જાણવા માટે એમને કામ કરતાં જ અવલોકવાં જોઇએ, એ પર એ ખૂબ ભાર મૂકતો. એનાં હાડમાંસ ચૂંથવા રહેવા દઈ એથી સાચા જંતુશાસ્ત્રનો અભ્યાસ, અર્થાત્ જંતુની પ્રત્યેક ક્રિયા, એનું વર્તન, એની સ્વયંપ્રેરણાજનિત વિવિધ ટેવો, પ્રેમ અને ક્રોધ જેવી રાગદ્વેષની લાગણીઓ, આદિ એની જીવનક્રિયા તથા ચિત્તની વૃત્તિઓના આવિષ્કારો એ જ Souvenirsના લેખનનું પ્રધાન વસ્તુ હતું.

પ્રાણીઓનાં વર્ગીકરણ કરી, જંતુનાં નામ પાડી, ટાંકણીથી તેમને ભરાવી દેવામાં એણે કૃતકૃત્યતા માની ન હતી. વિભાગવ્યવસ્થાને એ સત્કારતો, પણ એમાં જ અભ્યાસની પર્યાપ્તિ ન થવી જોઇએ એવું એ માનતો. જંતુઓની સહેતુક દેખાતી પ્રત્યેક પ્રવૃત્તિનું રહસ્ય શોધવાનો પ્રયત્ન એ કરતો. દુરાગ્રહ કે પૂર્વગ્રહ અથવા સ્થાપિત સિદ્ધાંતની અબાધકતાના વિચારથી ન અટકતાં, જંતુજીવનના પ્રત્યેક આવિષ્કારને ઉકેલવાનો પ્રામાણિક પ્રયત્ન એ કરતો. (એથી જ એણે સુવેનીર્સનું અન્ય નામ 'Studies in Instincts and Habits of Insects' રાખ્યું છે.) આ અલ્પકાય પ્રાણીઓની પ્રત્યેક સ્વાભાવિક ક્રિયા પાછળ કોઈ ચોક્કસ હેતુ કે યોજના, રીતિ કે વ્યવસ્થા રહી છે કે કેમ, એ ક્રિયાનો બાધ કરતી કોઇ પ્રતિક્રિયા કે વિક્રિયા થાય તો એ પ્રસંગે જંતુ કેવુંક વર્તન દાખવે છે, વિક્રિયાને વિફળ કરવા એ જાતે વર્તન બદલે છે કે કોઈ પ્રતિરોધક નવી જ ક્રિયા કરે છે અથવા સ્વભાવાનુસાર જૂની ક્રિયા કર્યે જાય છે કે પછી હતબુદ્ધિ થઈ નિષ્ક્રિય બને છે, એનું આ બધું વર્તન એના અનેક પૂર્વજન્મના સંસ્કારનો જડ અનુવાદ છે કે એના નાના માથામાં રહેલો કોઈ સૂક્ષ્મ, સદસદ્વિવેકશક્તિપ્રેરિત બુદ્ધિવ્યાપાર છે,—આવા આવા પ્રશ્નોનો ઉકેલ શોધવા એણે પ્રયત્ન કર્યો. અનેક નવીન યુક્તિઓ રચી જંતુઓને જવાબ આપતાં કરવાના માર્ગ શોધી કાઢ્યા. એ માટે ન તો એણે ગ્રંથોની મદદ લીધી કે ન એ પૂર્વાચાર્યોના સંપ્રદાયને અવલંબ્યો. એનાં શાસ્ત્રો અને એની ગુરુપરંપરા એ જીવડાં પોતે જ. 'એને પૂછો તો ખરા. પહેલું હાથમાં આવ્યું એને નહિ પણ પેલી ભમરીનાં સગોત્રીને. એ ખરેખર સારુંખોટું પારખી શકે છે? પણ આ સદ્, અસદ્ વિવેકશક્તિનો અર્થ શો? તત્ત્વજ્ઞાનીઓ એની અનેક વ્યાખ્યાઓ આપશે; પણ આપણને એવા ભારેખમ થવું ન પાલવે. જંતુઓ પૂરતી એની વ્યાખ્યા કરતાં સદસદ્વિવેકવૃત્તિ એટલે જે ગુણ કાર્યમાંથી કારણની મર્યાદા આંકે, સાધનથી સાધ્યનું સ્વરૂપ વિચારે, અકસ્માત પ્રતિકૂળતા આવતાં એનો ઉપાય દર્શાવે. આવું કંઈ યે પ્રાણીઓમાં જણાય છે? કસ્માત્ તસ્માત્ વચ્ચેનો કાર્યકારણભાવ એ સમજે છે? એનાં વર્તનમાં એની કંઈ અસર જણાય છે?

વિઘ્ન ઉપસ્થિત થતાં એની સ્વાભાવિક ક્રિયાઓમાં પ્રસંગાનુરૂપ પરિવર્તન થતું દેખાય છે?'

ચાળીસ વર્ષના સતત પરિચય, અવલોકન અને અનુભવથી એ શીખ્યા કે 'આ નિષ્ણાત શસ્ત્રવૈદો, અદ્ભુત શરીરશાસ્ત્રીઓ કંઈ જ સમજતા નથી હોતા. એમનો શિકાર શા હેતુથી છે, એની પણ એમને ગતાગમ નથી હોતી. મનુષ્યની બુદ્ધિને કુંઠિત કરી નાખતી, એમની અદ્ભુત સ્વયં પ્રેરણાશક્તિમાં બુદ્ધિ કે વિચારનો છાંટો ય દેખાતો નથી. નથી એમનામાં ભાવિપ્રબંધના વિચારનો અણુ યે. પ્રત્યેક પ્રસંગે એમનામાં વિચાર અને વિવેકશક્તિનો અત્યંત અભાવ જ નજરે પડે છે.'

આવી નિરાશાજનક શોધ કરવા છતાં કીટકો પ્રત્યેનો એનો આદર અને મમતા એવાં જ ગાઢ રહેતાં જોઈએ છીએ. કારણ ક્રિયાઓ ભલે એ જડભાવે કરે, પણ એનાં પરિણામોની ચમત્કૃતિ કે મહત્ત્વ એથી રજ પણ ઓછાં નથી થતાં. આ અંધકારમાં જ્ઞાનનું એકાદ કિરણ પણ એણે જોયું હોત તો એને પરમ સંતોષ થાત. પણ અનેક પ્રયત્નને અંતે ય કીટકના વ્યાપારમાં એણે કેવળ 'ટેવ'નું જ બળ પ્રવર્તતું જોયું છે.

પણ આટલા ખુલાસાથી એનો અંતરાત્મા સંતોષાતો નથી. આ સમર્થ કીટકવિદ તત્ત્વાનુલક્ષી વિચારકની જિજ્ઞાસાથી આ 'ટેવ'નું રહસ્ય શોધવા મથે છે. કીટસૃષ્ટિના આ બધા પ્રત્યક્ષ વ્યાપાર પાછળ કોઈ ગૂઢ, અજ્ઞેય કે સત્તા દોરીસંચાર કરી રહી છે કે પછી આ બધું યદૃચ્છા વડે, અંધકારમાંથી, કોઈ જાતના પૂર્વાપર સંબંધ સિવાય જ ઉત્પન્ન થાય છે? 'જંતુની પ્રવીણતા, વંશપરંપરાનુગત અનુભવ અને આંધળાના ગોળીબાર સમી ક્રિયાઓનો જ પરિણામ છે? અંધકાર, અરાજકતામાંથી આવી નિયમબદ્ધ ક્રિયાશક્તિ, પ્રત્યવાયના ઉપાય રૂપ અગમચેતી, મૂર્ખતા સમી દેખાવા છતાં સાચી બુદ્ધિમત્તા જન્મી શકે ખરી? હું જેમજેમ વિચાર કરું છું તેમતેમ મને તો આ બધા અદ્ભુત વ્યાપાર પાછળ એક ચોક્કસ યોજના જ નજરે પડે છે.' એ યોજનાની ઉત્પાદક બુદ્ધિશક્તિને ઈશ્વર કહો, વિશ્વનું આદિકારણ કહો કે બ્રહ્મ અથવા અજ્ઞેય તત્ત્વ કહો. જાતે શ્રદ્ધાળુ હોવાથી એ શક્તિને ફાબ્ર 'ઈશ્વર' નામે સંબોધે છે, પણ નામની સાથે એને મારામારી નથી. માત્ર જગતની વિવિધતાનું સંચાલક બળ તો કોઈ, બધા કારણોનું આદિકારણ, બુદ્ધિઓનું ઉદ્ગમસ્થાન, એક અદ્ભુત સર્વજ્ઞ, સર્વશક્તિમત્, સર્વાધાર બુદ્ધિવાળું તત્ત્વ છે, એટલું તો એને મન ચોક્કસ છે. કીટક ગ્રંથરૂપી 'બૃહદ્' ગ્રંથના પરિશીલનમાંથી એણે સત્યનું આવું દર્શન કર્યું ને Souvenirs Entomologiqueદ્વારા જગતને કરાવ્યું.

આ 'સુવેનીર્સ' એક સળંગ ગ્રંથ નથી પણ છૂટા છૂટા નિબંધોનો સંગ્રહ માત્ર છે. મધમાખી, તીડ, તમરાં, વંદા, ઝાંખિયાં, ભમરી, વીંછી ને કરોળિયા જેવાં પરસ્પરવિરોધી સ્વભાવવાળાં અનેકવિધ જંતુઓનાં જીવનનો આ કથા-સરિત્સાગર હજાર હજાર પાનાંના દશ ગ્રંથમાં વહેંચાએલો છે. એમાંથી વીણીવીણી ભેગા કરેલા મહત્ત્વના નિબંધોના તેર સંગ્રહ અંગ્રેજી ભાષામાં અવતાર પામ્યા છે.

ફાબ્ર ફ્રાન્સનો વતની હતો. ફ્રાન્સ-એનું ગામ પણ-છોડીને એ બીજે કહીં યે ગયો ન હતો, એટલે એનાં બધાં અવલોકનો ફ્રાન્સમાં મળી આવતાં જંતુઓ વિષે જ છે. છતાં એમાંના ઘણાંખરા જંતુઓ અગર એમનાં નિકટનાં સગાંવહાલાં પૃથ્વીભરના મોટાભાગના દેશોમાં જડી આવતાં હોવાથી, એનાં અવલોકનો દરેક વાચનારને પૂરેપૂરું માર્ગદર્શન કરાવે છે. વળી ફાબ્રના પગલે ચાલી, જગતના પ્રત્યેક દેશના વૈજ્ઞાનિકો આજે પોતાના દેશની કીટકસૃષ્ટિની જીવનસમસ્યાઓ ઉકેલવા મથી રહ્યા છે. ભારતવર્ષનાં પણ અતિસામાન્ય ભમરી કરોળિયા જેવાં વિષે અવલોકન કરનાર એક પુરુષાર્થી નીકળ્યા છે. એનું નામ આર. ડબલ્યુ. જી. હિંગ્સ્ટન. હિમાલય અને ઉત્તર ભારતના પ્રદેશોમાં અઠ્ઠાવીસ વર્ષ પર્યંત એકચિત્તે અવલોકન કરી, આ નિપુણ અંગ્રેજ દાક્તરે એનાં પરિણામો ત્રણ ગ્રંથ રૂપે પ્રસિદ્ધ કર્યાં છે: A Naturalist in Hindusthan, A Naturalist in the Himalayas અને Problems of Instinct and Intelligence. જેને જીવનમાં ઝાઝી સગવડો મળતી નથી, ઉદરપોષણ અર્થે, આનંદ કે શાંતિની માત્રા સિવાય, જેની આખી જિંદગી જીવનસંગ્રામમાં જાય છે, છતાં સુંદરતા, સત્ય અને જ્ઞાન માટે જે તલસે છે, એવા ગરીબમાં ગરીબ અભ્યાસીને પણ ઘર આંગણે ઘણું જોવાનું, શોધવાનું, વિચારવાનું મળે તેમ છે અને એ બધું ય ખરચાળ સાધનો વિના: એની પ્રેરણા અને માર્ગદર્શન (ફાબ્ર અને) હિંગ્સ્ટનનાં અવલોકનોમાંથી મળી આવે છે. વળી ભૌતિક જીવનની પર જઈ, વિશ્વની સારાસારતાનો કે આદિકારણ અને અંત્યવ્યવસ્થાનો વિચાર કરનાર અધ્યાત્મવાદીની જિજ્ઞાસા પણ આ અવલોકનો દ્વારા કંઈક અંશે સંતોષાય છે.

આખી જિંદગી ઉપેક્ષા અને ઉપહાસના અંધકારમાં ડૂબી રહેવા છતાં અચાનક એક દિવસ કીર્તિ એનાં દ્વાર ઠોકતી આવી ઊભી. સને ૧૯૧૦માં નેવું વરસની ઉંમરે આવીન્યોંમાં એની જયંતિ ઊજવાઈ. ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્યનો પ્રમુખ પોંકારે એને અભિનંદન આપવા સ્વયં આવીન્યોં આવ્યો. દેશભરના વિદ્વાનો ને રાજપુરુષો આવ્યા. વિશ્વની અનેક વિદ્વત્પરિષદોએ પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા. માનચાંદનો એના પર વરસાદ વરસ્યો. પચાસ વરસથી બંધ પડેલું એનું પેન્શન આખુંય આપવામાં આવ્યું. એના પ્રયત્નોને આખરે મળેલા આ બહુમાનથી એને ખૂબ લાગી આવ્યું. ઉપકારભારથી નમ્ર વદને એ સત્કાર સમિતિનો આભાર માનવા લથડતે પગે ઊભો થયો, પણ બે બોલ બોલતાં તો એનું કોમળ હૃદય ભરાઈ આવ્યું. નાના બાળક પેઠે એ મુક્ત કંઠે ભર સભામાં રડી પડ્યો. આખી સભા પણ એની સાથે રડવા લાગી.

ઝાંખી થતી આંખો અને લથડાતા શરીરે એની જિંદગીનો અવશેષ ભાગ પૂરો કરતાં સને ૧૯૧૫ની સાલ આવી પહોંચી. વિશ્વયુદ્ધની નોબતો ગડગડતી હતી. પણ ભીષણ સંગ્રામમાં જંગલીઓના હાથે રહેંસાતા જાતભાઈઓના રક્તથી એની પ્રિય ભૂમિને રંગાતી જુએ ત્યાર પહેલાં જ, તા. ૧૧મી ઑક્ટોબરના રોજ સાંજના છ વાગ્યે ફાબ્રે આ લોકનો ત્યાગ કર્યો. જૂના વિચારને ડંખતાં એનાં અન્વેષણોથી, જીવતાં તો એ નાસ્તિક ગણાયો હતો, પરંતુ એના અવસાન બાદ એની મહત્તા સમજનાર ધર્મગુરુઓએ એના મૃત દેહને ખ્રિસ્તી વિધિથી પ્રાર્થનામંદિરની પવિત્ર ભૂમિમાં માન અને ભક્તિપુરઃસર ભંડાર્યો.

નવાં પુસ્તકો

ઐતિહાસિક વાતો (ભાગ બીજો): લેખિકા-દિવાળીબાઈ ઝીણાભાઈ રાઠોડ, પ્રકાશક-કેશવ ભિકાજી ઢવળે શ્રી સમર્થસદન, બનામ હોલ લેન, ગિરગામ, મુંબાઈ ૦-૪-૦; **શ્રી જાગનાથ મહાદેવ આણુંદ**: લેખક પ્રકાશક: ઉમિયાશંકર જી. ઠાકર, ધોરીકૂળિયું, આણુંદ, અમૂલ્ય; **સંગીત પ્રવેશપોથી** ભાગ પહેલો: લેખક-રતિલાલ રા. અધ્વર્યુ પ્રકાશક-ભૂપેન્દ્ર આર. અધ્વર્યુ શ્રી જંગલમંગલ આશ્રમ, પોલારપુર, (ભીમનાથ) બી. એમ. રેલવે (કાઠિયાવાડ) ૦-૮-૦; **ફુવારા** (હાસ્ય રસની ટૂંકી વાર્તાઓ): લેખક-'જંબુકાકા', પ્રકાશક-બાલકૃષ્ણ પ્રભાશંકર પુરોહિત, વિક્ટોરિયા જ્યૂબિલી લાયબ્રેરી પાછળ, રાજપીપળા(રેવાકાંઠા), ૦-૧૨-૦.

ભૂતકાળની શોધમાં

કચ્છના રણપ્રદેશ પર જ્યાં એક કાળે સાગર ઘુઘવતો તેના અવશિષ્ટ બેટો ને અંડિયેર બંદરોની ભાળ કાઢવા માટે કરેલા પગપાળા પ્રવાસની લેખમાળા

૩ વાછડાદાદા

વાછડાદાદાની દહેરીને ફરતાં દસબાર ગાડાં ઊભેલાં હતાં ને ત્રીસપાંત્રીસ માણસોની ત્યાં ઠઠ જામેલી હતી. બધાં મારી સામે જોઈ રહ્યા કે શહેરનો માનવી વળી અહીં ક્યાંથી આવી ચડ્યો. પાટલૂન પહેરેલી હોવાથી ઘણાખરાએ મને મુસલમાન ધારી લીધેલો, પણ મારા ભોગિયા ઢેઢે બધાંને જાણ કરી કે હું 'મુસલમાન નથી પણ મહારાજ' છું. મોટા શહેરનાં લોકો આવાં જ કપડાં પહેરે છે ને હું છેક અમદાવાદ જેટલેથી વાછડાદાદાની માનતાએ આવ્યો છું. અમદાવાદ જેવા મોટા અને દૂરના લોકો પણ વાછડાદાદાની માનતાએ આવવા લાગ્યા છે એ જાણી બધા દાદાના મહિમાને વખાણવા લાગ્યા. દહેરીની બાજુના ઝાડ નીચે મારાં ગાંસડાપોટલાં મૂકી દહેરીમાં જઈ દાદાને પગે લાગ્યો, નાળિયેર વધેર્યું અને લાડુનું નૈવેદ્ય ધરાવી પછી બધાંને એ પાંચ શેર વજનની પરસાદી વહેંચી દીધી. આ પછી ત્યાં તો ભૂરો કે જે એક રબારી હતો તેણે એક વાડકામાં રાંધેલી ખીચડી ભરી લાવીને મારી સામે ધરી દીધી. લોકોએ મને કહ્યું કે મહારાજ આ ખીચડી લેવાની ના પાડતા નહિ. તમે શહેરના માણસ છો એટલે તમે અજાણ્યા છો. દાદાના દરબારમાં હિંદુ-મુસલમાનનો ભેદ નથી. અહીં આ જૂથમાં કેટલા ય મુસલમાનો પણ માનતાએ આવેલા છે. આભડછેટ રાખ્યા વગર બધાંને આ ખીચડી ખાવી પડે છે. એ દાદાની પરસાદી છે. જો કોઇ ના પાડે તો દાદાનો કોપ વહોરવો પડે. ધર્મ કે નાતજાતના ભેદભાવ વગરની વાછડાદાદાની એ ખીચડી મેં આનંદથી આરોગી ને પછી ઝાડને છાંયડે ધોતિયું પાથરીને પડ્યો અને હવે અહીંથી આગળ ક્યાં જવું તેના વિચારમાં ગરકાવ બન્યો.

'મહારાજ, કઇ ચોપડી ભણો છો?' મારી સાથેની થોડીક ચોપડીઓ ને ઉમરનો વિચાર કરી બાજુમાં પડી રહેલા એક માણસે પ્રશ્ન કર્યો.

'હજુ તો ઘણું ભણવાનું બાકી છે.' મેં ગોળગોળ જવાબ આપ્યો.

'શાની માનતાએ આટલે આઘેથી દાદાના દરબારમાં આવ્યા છો?'

માનતા બાનતા તો મારે કશાની હતી જ નહિ; એ તો ફસાઈ પડેલો એટલે વગર માનતાએ માનતા ઉતારવી પડેલી. તો પણ પ્રશ્નકર્તાને સંતોષવા મેં ઉત્તર આપ્યો: 'ભાઈ, એ વાત તો દાદા જાણે કે હું જાણું. બીજા કોઇને કહેવા જેવી નથી.'

હવે વાત આગળ ચાલી. શહેરના માણસની આ વાતો સાંભળવા લોકોનું ટોળું જામી ગયું. 'મહારાજ! ગાંધી મહાત્મા હમણાં ક્યાં છે?' ટોળામાંના એકે પૂછ્યું.

'થોડાક દહાડા ઉપર તો રાજકોટમાં હતા; પછીની કાંઇ ખબર નથી.'

મેં વાત ફેરવીને ધાર્મિક પ્રસંગો ઉપાડ્યા કે શહેરના લોકો ધર્મ ખોઈ બેઠા છે ને ધર્મ તો ગામડાંઓમાં જ સચવાએલો છે. શાસ્ત્રની વાતો, ભક્તિનાં ઉદાહરણો અને પૌરાણિક પ્રસંગો વગેરેની ચર્ચા ચલાવી અને તેથી બધા લોકો મારા પ્રત્યે ખૂબ આકર્ષાયા. હવે સાડા ત્રણ વાગ્યા અને કેટલા યે લોકો ગાડાં જોડવાની તૈયારી કરવા લાગ્યા, પણ મારે હવે શું કરવું તેની ખૂબ ચિંતા થવા લાગી. રણમાં કાદવ હોવાથી પાછા ઝિંઝુવાડે જવાય તેમ નહોતું. અરે, સામે કાંઠે ફતેહપુર સુધી પણ પહોંચાય તેમ નહોતું. વળી રાત્રે વાછડાદાદાનો બેટ સૂનો પડ્યો હોય છે. માણસો બધા જતા રહે છે એટલે ત્યાં રાત રોકાવાય તેમ પણ નહોતું.

'મહારાજ, તમે તો ભારે ભગત છો; ખૂબ સાસ્તર ભણેલા છો' એક ડોશી એમ બોલતાં મારી પાસે આવીને ઊભા રહ્યાં.

'અમારે ગામ ચાલોને, ત્યાં મહાદેવ છે, ભારે પરચો આપે છે, એમનાં દરસન કરજો. બે'ક દિવસ રોકાજો ને આદરિયાણું ત્યાંથી ઢૂંકડું છે, જતાઆવતા કોઈક ગાડામાં તમને બેસાડી દેશું. આદરિયાણે મોટર મળે છે તે સીધા અમદાવાદ ચાલ્યા જજો.'

વાછડાદાદાએ જાણે કે પરચો બતાવ્યો હોય તેવું સહેજ વાર મને થયું. મારી ચિંતા મટી. મારે તો ગમે તેમ નિર્જન રણની વચ્ચોવચ્ચ આવેલ એ બિહામણો બેટ મૂકવો હતો, એટલે ડોશીનું ગામ કયું તે પણ મેં ન પૂછ્યું ને હા પાડી દીધી. ડોશીનું ગાડું જોડાવાને કલાકેકની વાર હતી. હવે મારી ચિંતા મટી, એટલે બેટ ઉપર સંશોધન કરવા નીકળી પડ્યો.

કાઠિયાવાડના બરડા બારાડી પ્રદેશમાં વાછડાદાદા ગામે ગામે પૂજાય છે. એનું થાનક આવે કે દરેક ઘોડેસવાર ઘોડા ઉપરથી ઊતરીને થોડેક સુધી ચાલે એટલું બધું એમને ત્યાં માન છે. હડકાયો કૂતરો કરડે એટલે લોકો વાછડાદાદાની માનતાએ આવે. જેમ અહીં વાછડાદાદાને હિંદુ અને મુસલમાન બન્નાં માને છે, તેવી જ રીતે બરડા બારાડીમાં પણ માને છે. ફેર એટલો છે કે ત્યાં મુસલમાનોએ વાછડા પીર તરીકે તેમની જુદી સ્થાપના કરી છે.

ગુર્જરભૂમિમાં અણહિલવાડ પત્તનના સોલંકી રાજ્યવંશનો દીપક હોલવાયો અને તેનું સ્થાન દિલ્હીની ઇસ્લામી શહેનશાહતે લીધું. સોલંકીઓ વેરણછેરણ થયા, અનેક શાખાઓમાં વહેંચાયા અને નાના રાજવીઓ કે ઠાકોરો તરીકે જ્યાંત્યાં નાનાનાના પ્રદેશો ઉપર રાજ્ય ચલાવવા લાગ્યા. મેવાડમાં રૂપનગરના અભેદ્ય કિલ્લામાં તેમની એક શાખા સ્થપાઈ, મહીં કાંઠે વીરપુરમાં એક સ્થપાઇ, લુણાવાડા અને ગોધરા વગેરે કેટલાં યે નાનાંમોટાં રાજ્યો મૂળરાજ અને સિદ્ધરાજના વંશજોએ સ્થાપ્યાં. એવી જ એક સોલંકી વંશની શાખા બેચરાજીની નજીક કાલરીમાં સ્થાપિત થઈ. આ શાખામાં મુસ્લિમ મધ્ય કાળના કોઈ સમયે વત્સરાજ સોલંકી નામના રાજવી સોળ વર્ષની ઉમરે કાલરીની ગાદીએ આવ્યા.

સિદ્ધપુર અને અણહિલવાડ પત્તનને પાવન કરનારી પ્રાચી સરસ્વતી ઉર્ફે કુંવારકા નદી પુરાતન કાળમાં જે સ્થળે કચ્છના રણસાગરને મળતી ત્યાં એના સંગમમુખે એક મોટું બંદર આવેલું હતું. કોલ્લાપુર પત્તન તેનું નામ હતું. એનું પુરાતત્ત્વ સંશોધન હવે પછીના હપ્તામાં આવશે. રણસાગર સુકાતાં કોલ્લાપુર પત્તન પડી ભાંગ્યું અને તેણે કુંવર નામ ધારણ કર્યું. કુંવારકા નદી જે સ્થળે આવીને સાગરને મળી એ સ્થળને લોકસમાજે કુંવર નામ આપ્યું. કુંવારકાના આ કુંવર નગરને આંગણે મુસ્લિમ મધ્ય યુગમાં એક રાજપૂતી સત્તા તપતી હતી. એ કઈ સત્તા ને કયો વંશ તેની ભાળ મને હજુ મળી નથી. એ ગમે તે હો, પણ કુંવરના રાજવીની કુંવરીનું સગપણ કાલરીના નવજુવાન રાજવી વત્સરાજ સોલંકી સાથે થએલું અને પછી લગ્નનો પ્રસંગ આવ્યો. મોટી ધામધૂમથી કાલરીથી વત્સરાજની જાન જોડાઇને કુંવર આવી. ચોરીમાં પરણવા બેઠા. ત્રણ ફેરા પૂરા થયા ત્યાં તો કુંવર ગામ ઉપર કચ્છના આયરો તૂટી પડ્યા ને ગામનું

ધણ વાળી જવા લાગ્યા. ચોરીએ સાદ સંભળાયો:

પોપટ પારેવાં તણી રાણા રમતું મેલ્ય,
ધણ આવ્યું ધાંગેસર, વેગડ નાવી વાછરા.*

ચોથો ફેરો અધૂરો રાખી સોળ વર્ષનો મીંઢળબંધો વત્સરાજ ગાયોની વહારે ધાયો ને આયરોની પૂંઠ પકડી. આયરોએ રણના માર્ગે કચ્છ તરફ દોટ મૂકી કુંવરથી ચાર પાંચ ગાઉ આઘે રણમાં આવેલા એક નાના બેટ પાસે વત્સરાજે આયરોને પકડી પાડ્યા. ખૂબ ધીંગાણું જામ્યું અને કમનસીબે મીંઢળબંધો વત્સરાજ સોલંકી ત્યાં મરાયો. કાલરી અને કુંવરના પ્રદેશોમાં હાહાકાર વર્તી રહ્યો. વત્સરાજ (વછરાજ–વાછરો) સોલંકીની એ બેટમાં લોકોએ ઉત્તર-ક્રિયા કરી પાળીઓ રોપ્યા. તેની સાથે તેનો વફાદાર કૂતરો પણ મરાયો હતો એટલે તેને પણ માણસની પેઠે ચિતાપર બાળી તેનો પણ પાળીઓ રોપ્યો. હાલ પણ એ સ્થળે એ બંને પાળીઆ મોજૂદ છે. લોકસમાજ વછરાજને પૂજવા માંડ્યા ને એ વછરાજ ઉર્ફે વાછરો દાદો કહેવાયા અને તેમના નામ ઉપરથી એ બેટ પણ વછરાજબેટ કહેવાવા લાગ્યો. વત્સરાજ ગાયોનું રક્ષણ કરતા મરાયા, એટલે ચારણ અને રબારીઓ કે જેઓનું જીવન ગાયભેંસો પર નભે છે, તેમનામાં બીજી કોમો કરતાં વધુ પ્રમાણમાં એમની માનતા પ્રચાર પામી. વાછડાદાદાનો ભુવો પણ હમેશ રબારી જ હોય છે. કચ્છના વાગડ પ્રદેશની દક્ષિણે રણમાં એક વેણુ નામનો બેટ છે, તેમાં પણ વાછડા-દાદાનું સ્થાનક છે અને ત્યાં તેઓ વેણુના નામથી પૂજાય છે. ઉત્તર ગુજરાતના વઢિયાર, જતવાડો અને ખારોપાટ પ્રદેશ, કાઠિયાવાડના ઝાલાવાડ અને કચ્છના વાગડ પ્રદેશમાં વાછડાદાદાની માનતા બહુ પ્રચલિત છે અને આ પ્રદેશોના લોકો તેમની માનતાએ વછરાજ બેટમાં આવેલા તેમના થાનકે આવે છે. ભાગ્યે જ એવો દિવસ જાય કે જ્યારે આ પ્રદેશોનાં પાંચદસ ગાડાં ત્યાં ન આવ્યાં હોય. અલબત્ત, ચોમાસામાં રણમાં પાણી ભરાવાથી આ જાત્રા બંધ રહે છે.

કાઠિયાવાડના બીજા કોઈ ભાગમાં નહિ ને વાછડા-દાદાની માનતાના વિસ્તારથી ખૂબ દૂર અને વેગળા એવા બરડાબારાડી પ્રદેશમાં એમની માનતા ક્યારે અને શી રીતે પહોંચી તે વિષે હાલ હું કાંઈ કહી શકતો નથી. આ પ્રદેશના લોકો માનતાએ વછરાજબેટ આવતા નથી ને તેની તેમને ખબર પણ નથી. પણ પોતાના પ્રદેશમાં ઠેકઠેકાણે તેમણે એમનાં થાનકો સ્થાપેલાં છે ને ત્યાં જ માનતાએ જાય છે.

વછરાજબેટમાં વાછડાદાદાના થાનકની બાજુમાં જ તેમનો અને તેમના કૂતરાનો પાળીઆ લોકોએ મને બતાવ્યા. કમનસીબે રબારીઓએ કુહાડીઓ ઘસીઘસીને એ પાળીઆઓનો ઉપરનો ભાગ એટલે સુધી ઘસી નાખ્યો હતો કે તેની ઉપરનું લખાણ તો તદ્દન સાફ થઈ ગયું હતું. એ સચવાયું હોત તો વાછડાદાદાના સમય તથા તેમના મરણપ્રસંગ વિષે કેટલુંક જાણવાનું મળત.

વાછડાદાદાની દહેરીની બાજુમાં પાણીનો એક કુંડ હતો. તે બાંધેલો નથી, પણ જમીનમાં ખાડારૂપે છે. તેમાં ખારૂં અને ડહોળું પાણી ભરેલું રહે છે પણ લોકો ભક્તિપૂર્વક તેનું પાન કરે છે.

જે ડોશીમા મને સાથે લઈ જવાનાં હતાં તેમનું ગાડું હવે જોડાયું. ગાડાવાળો મુસલમાન હતો અને તે પણ વાછડાદાદાની માનતાએ આવેલો હતો. છકડીઆંમાં ડોશીમા, તેમની દીકરી અને હું એમ ત્રણ જણાં હતાં. ગાડું ઊપડ્યું પણ ક્યે માર્ગે જવા ઊપડ્યું તેની મને કાંઈ ખબર નહોતી. પૂછવાની પણ મારે કાંઇ જરૂર નહોતી, કારણકે મારે તો આજે વછરાજ બેટ મૂકી દેવો હતો, અને જહાન્નમમાં ય જવાનું થાય તો પણ મને મંજૂર હતું. હું સવારે આવેલો તેની સામેની દિશાએ ગાડું ચાલ્યું જતું હતું. આ બાજુ જરાપણ કાદવ નહોતો, કારણ આ વિસ્તારમાં રાતે વરસાદ પડ્યો નહોતો. એક માઈલ ચાલ્યા પછી રણમાં અમારા ગાડાની જમણી બાજુએ બે તદ્દન નાના પણ ઝાડપાનથી ભરપૂર એવા બેટો પસાર થયા. ડોશીમા અને તેની દીકરી વાતો કરવા લાગી કે અહીંથી સામે કાંઠે રૂપેણ નદી (પંચાસરવાળી) રણને મળે છે અને ચોમાસામાં તેના પૂરનું મીઠું પાણી આ બેટો લગી આવી પહોંચે છે.

સાંજ પડવા લાગી. આશરે પાંચ થયા હશે. અમારૂં ગાડું રણના કાંઠાની નજીક આવ્યું. રણના આ તટપ્રદેશની પાળે ઊગેલાં ઝાડોનાં જૂથોની લાંબી હાર દેખાવા લાગી. દેખાવ દરિયાકાંઠાના જેવો જ હતો અને એવો ભાસ થતો હતો કે જાણે હું હોડીમાં બેઠો છું, ગાડામાં નહિ. હવે કાંઠો આવ્યો, ગાડાને ઊંચી જમીન ઉપર ચડવું પડ્યું. ડોશીમા બોલ્યાં કે હવે તારાનગર ઢૂકડું આવ્યું. સામે એક બંગલો દેખાતો હતો. ડોશીમા અને ગાડાવાળો વાતો કરવા લાગ્યા કે એમાં લાઈનદોરીનો સાહેબ રહે છે.

સૌરાષ્ટ્ર ઉપર શાપ સમી વીરમગામની લાઈનદોરી ખંભાતના અખાતમાં ધોલેરાથી માંડી તેની બસો માઇલ ઉત્તરે આવેલા કચ્છના મોટા રણને કાંઠે નગરપારકર સુધી લંબાએલી પડી છે. દરેક માઇલે એક એક ચોકી છે. એ દરેક ચોકીદાર પોતાના તાબાના એક માઈલના વિસ્તાર ઉપર નજર રાખે છે કે રખેને કાઠિયાવાડ અને કચ્છ તરફના કોઈ વટેમાર્ગુ જડતી લીધા વગરનો લાઈનદોરીને ઓળંગી જાય! દર પાંચ ચોકીએ બે ઘોડેસવાર અગર તો સાંઢિયા સવાર નીમાએલા છે. એમનું કામ પાંચ માઇલના વિસ્તારમાં રાત્રે સતત ચાલ્યા કરીને ચોકી ભરવાની. દર દશ કે પંદરમે માઇલે એક ગોરો ઈન્સ્પેક્ટર છે. એવી આ વીરમગામની લાઈનદોરીની વ્યવસ્થા છે. લાઇનદોરીની પોતાની સડક છે, જેના ઉપર રાતદિવસ ઇન્સ્પેક્ટરો કે બીજા અમલદારોની મોટરો ફર્યા કરે છે. આવો કરડો પહેરો છતાં કચ્છના રણમાં થઇ આવતા ઊંટોના કાફલા લાઇનદોરીવાળાઓની આંખો આંજી સિફતથી પસાર થઈ હારીજ, રાધણપુર ને પાટણની બજારોમાં પોતાનો માલ ઠાલવ્યા કરે છે એવી વાતો મારા સાંભળવામાં આવી.

તારાનગર આવ્યું. નામ ઉપરથી મને લાગ્યું હતું કે એ કોઈ મોટું ગામ હશે, તેમાં બજાર વગેરે હશે. પણ ત્યાં તો આઠ દસ ઝૂંપડાં જ નજરે પડેલાં. ત્યાં પાણી પી કરી આગળ ચાલ્યા. હવે રાત પડી ગઇ હતી. મને ગાડામાં બેઠાં બેઠાં જરા ઝોલું આવી ગએલું એટલે રસ્તામાં શું બન્યું તેની ખબર નથી. રાત્રે આઠ વાગ્યે ગાડાવાળાએ મને ઉઠાડીને કહ્યું કે 'ઊતરો મહારાજ! કુંવર આવી ગયું. ચાલો તમારા ઉતારાની સગવડ કરી આપું.' કુંવર આવ્યું? એ તો વાછડાદાદનું જ ગામ! મને નવાઈ લાગી. ઠેક ગાડામાંથી ઊતરતી વખતે જ મને ખબર પડી કે મારે આજે કુંવર આવવાનું હતું!

(ચાલુ) અમૃતલાલ વ. પંડ્યા

* આ દુહો બરડા–બારાડી તરફ પ્રચલિત છે તે છે. વાછડાદાદાના મૂળપ્રદેશ વઢિયારમાં તેમના ચરિત્ર વિષે આવા દુહા કે રાસ પ્રચલિત છે કે કેમ તેની તપાસ હું કરી શકયો નથી. તેનું કારણ મારી મુસાફરીમાં ડગલે ને પગલે આવતી મુસીબતો હતી. બરડા–બારાડીમાં મુસલમાનોએ એમને પીર માન્યા છે ને આ પ્રસંગ વિષે તેમનામાં જુદો જ કચ્છી દુહો પ્રચલિત છે.

વાથ ઉઠાયું વાછડા, મક્કે મદીના,
ખાતરી અલી સેનજો, બડ કુસેન જો વીરા.

જીવનનું પરોઢ ભાગ ચોથો

પ્રકરણ ૩જું
વીંધાએલું હૈયું



● લડતમાં જે નિર્દોષ ગરીબો મરાયા તેમનાં બલિદાન સાથે તેમજ પાછળ રહેલાઓનાં ઘવાએલાં હૈયાં સાથે તદાકાર થવા માટે બાપુજીએ પોતાની તપશ્ચર્યા અને ત્યાગમાં વધારો કરવા, જેલમાંથી છૂટી આવીને બીજે જ દિવસે એ ગરીબ મદ્રાસી ગિરમિટિયાઓનાં લૂંગી ને પહેરણ (ને ઉઘાડા પગ)નો લેબાસ ધારણ કરવાનું વ્રત લીધું.

બાપુજી અણધાર્યા છૂટી આવ્યા તેથી અમે બાળકો હરખઘેલાં થઈ ગયાં. અમારૂં રોજનું કામ ભૂલી દોડાદોડ કરવા લાગ્યાં અને બાપુજીનાં દર્શન આડે લડતને ને જેલવાસીઓને ઘડીભર વિસરી ગયાં. પરંતુ બાપુજી તો પોતે જેલમાંથી છૂટ્યા કે ક્ષણભરનો યે વિલંબ કર્યા વિના લડતના કામમાં પરોવાઇ ગયા. થાકેલું, સુકાએલું એમનું શરીર ખૂબ જ વિસામો માગતું હતું. હજારો હડતાલિયાઓની સાથે જ્યારે તેઓએ કૂચકદમ કરી ત્યારે એમની કાયા જાણે ચોગાસથી જર્ણ જર્ણ થઇ રહી હતી. શરીરનાં હાડચામ એક થઈ ગયાં હતાં. જેલમાં જઇ બેઠા ત્યારે મહિનો સવા મહિનો આરામ મળ્યો, પણ તેમાં ફળમેવા કંઇ માગ્યા મળે? સુકાએલું શરીર તો ખૂબ પોષણ માગે, જ્યારે જેલમાં મુઠ્ઠીભર સુકોમેવો, બે લીંબુ, ચાર ટમેટાં એમ ગણ્યું-તોળ્યું ખાવાનું મળતું. તેમાં યે તેમનું એકટાણું ચાલતું. એમાં શરીર કેટલુંક વળે? લોકો કહેતા કે 'બાપુજીએ જેલમાં શરીર ઠીક સુધારી લીધું', પણ મને તો એ સુધરેલું શરીર પણ ટકામણું દેખાતું હતું. તેઓ રાત્રે આવ્યા ત્યારે તો કેવળ એમના પાતળા સાંઠી જેવા કદ અને ક્ષીણ અવાજથી જ એમની નબળાઇની અટકળ કરી શકાઇ, પણ પછી જ્યારે દિવસને અજવાળે એમનાં દર્શન થયાં ત્યારે મહાન કૂચ દરમ્યાન એ દેહયષ્ટિ કેટલી વધુ સુકાઈ ગઇ હશે એની અટકળ બાંધવી પણ અશક્ય થઇ પડી. કાનથી માંડીને નાક સુધીનાં જડબાંની ઉપરનાં હાડકાં બંને બાજુ ઉપસી આવ્યાં હતાં ગોળ ચહેરો લાંબો લાંબો થઇ ગયો હતો હાથપગ એટલા પાતળા કે જાણે એ બાપુજીના જ ન હોય. અને છતાં જેલમાંથી છૂટીને તરત એમણે રાત દિવસ એક કરી નાખ્યા! શરીર નહિ, અંદરનો આત્મા-પ્રાણ જ જાણે ઝળહળી રહ્યો હતો.

સત્યાગ્રહીઓ અને હડતાલિયાઓનો ઊછળતો માનવસાગર બહાર છોડી જેલમાં જઇ બેઠા કે તરત ભગવાનની લીલા ભગવાનને સોંપી પોતે તામિલ ભાષાના અધ્યયનમાં ડૂબી ગયા. જે હજારો ગરીબ હિંદી ભાઇઓનો આફ્રિકામાં હતાં તેમાંનો ઘણો મોટો ભાગ તામિલ બોલનારો હતો. એમની સાથે દિલ ખોલી વાતો ન કરી શકાય, પોતાના હૈયાની હૂંફ એમને આપી ન શકાય એ બાપુજીને ખટકતું રહેતું, એટલે જેલમાં તામિલ ગ્રંથોનું પાન કરી જનતાની સાથે તદ્રૂપ થવાનો રચનાત્મક કાર્યક્રમ બાપુજીએ ચલાવ્યો. એક અદના વિદ્યાર્થીની જેમ પોતાના ભણતર સિવાય બહારની રાજનૈતિક ઉઠાફટને તેમણે કોરે મૂકી દીધી. પણ એ જ બાપુ અણધાર્યા છૂટ્યા કે તરત એમણે જનતાનાં દુઃખશોકનાં પૂર ખાળવા માટે પાછી કમર કસીને આખી લડતના સેનાનીનું કામ સંભાળી લીધું.

પોતાની ગેરહાજરીમાં લોકોએ કેવાંકેવાં બલિદાન આપ્યાં, સરકારે કેવાકેવા ભોગ લીધા એ જેમજેમ તેઓ સાંભળતા ગયા, જેમજેમ જોતા ગયા, તેમતેમ એમને અંગ અંગે લ્હાય લાગી. પણ ક્રોધ-બળતરા કોના પર કાઢે? બધી આપદા પોતાની જ નોતરેલી હતી. પોતે અનંત દુઃખ વેઠવા તત્પર હતા. પોતાના ફીનિક્સવાસી સાથીઓ પાસે પણ માંદા પડતાં ને મરતાં સુધી પાછા ન ખસવાના સોગન લેવડાવ્યા હતા. પણ આહીં તો અકલ્પિત બલિદાનો હતાં. હરબતસિંહ ગોઆેસો વરસનો બુઢ્ઢો જેલમાં મરણ શરણ થએલો. અને બહાર ઍન્થની મુત્તુનો બાપ તથા બીજા હડતાલિયાઓ ગોળીએ વીંધાઇ મરણ શરણ થએલા. ગોળીથી ઘવાએલો ઍન્થની મુત્તુ, એનો નાનો ભાઇ અને ડૂસકાં ભરતી તેની વિધવા મા ફીનિક્સ આવેલાં ત્યારે તેમનું દુઃખ જોયું નહોતું જતું. સૂગ્રાંઇનો કિસ્સો પણ સાધારણ ખેદજનક ન હતો. આ ઉપરાંત બાપુજીના જેલમાંથી છૂટી આવ્યા પછી ત્રીજે જ દિવસે જોહાનિસબર્ગમાં કુમારી વાલિયામાનું જેલમાંથી છૂટતાંની સાથે મરણ નીપજ્યું. એ બધાંની એકસામટી અસર બાપુજીના કુમળા હૃદય પર ખંજર ભોંકાયાથી યે વધુ થઈ. ફૂલકળી સમી, જે હજુ ઘરની શીળી છાયામાં લાંબું આયુષ્ય ભોગવી શકે એવી હતી તે કુ. વાલિયામાનું બલિદાન સ્વેચ્છાનું હતું. એની મા અને સખીઓને આ ઘા કારમો હતો. બાપુજી એમના શોકમાં શો ભાગ લે?

ઊકળતા તેલના પેણામાં કૂદી પડનાર ભક્ત સુધન્વા બાપુજીની અનેક ધ્યાનમૂર્તિઓમાંની એક રહેલી છે. અસહ્ય વેદનામાંયે શીતળતાનો અનુભવ માણવાનો ઉમંગ એ સત્યાગ્રહની ખરી કસોટી બાપુજીએ માની છે. એટલે પોતાનું કે પારકાનું દુઃખ ગમે એટલું અસહ્ય હોય તો યે બાપુજી પાસે જીવનને ભરખી જનારી ગ્લાનિ, ક્લાન્તિ કે લાચારી જેવી વસ્તુ ફરકી જ શકતી નથી. રોનારા ભેગા પોતે પણ આંસું સારવા લાગે તો લડાઈનું-ત્યાગ તપસ્યા અને બલિદાનનું પાણી ઊતરી જાય. અને બીજી તરફ સેનાનીની કઠોરતાને ઘાતકીપણાની છાયામાંથી ઉગારી લેવી હોય ત્યારે ઘવાએલાં હૈયાં સાથે તદાકાર થયા વિના પણ કેમ ચાલે?

આ બધાનો ઉકેલ હતો કેવળ પોતાની તપસ્યા અને ત્યાગમાં વધારો કરવો. પણ બાપુજીએ એ તો જેલ જતાં પહેલાં જ છેલ્લી ટોચે પહોંચાડી દીધેલાં. ત્રણચાર કલાકની ઊંઘ અને અલ્પ ફળ પર એ ગુજારો કરતા હતા. શરીરની અપાય તેટલી આહુતિ આપ્યા પછી દુઃખી લોકો સાથે સમવેદના માટે વધુ શું થઈ શકે? બાપુજીની અમોઘ





ડાબી બાજુથી : જેલમાં મરણુશરણુ થએલો પોણોસો વરસનો બુઢ્ઢો હરબતસિંહ; વચ્ચે–જેલમાંથી આવીને તરત મરણુ પામેલી કુ. વાલિયામા; છેલ્લે–જેનો બાપ ગોળીથી વીંધાઇ મરણુ પામેલો અને પોતે ગોળીથી ઘવાએલો તે ઍન્થની મુત્તુ, નેનો નાનો ભાઇ તથા વિધવા માતા.

બુદ્ધિએ આનો પણુ તોડ કાઢ્યો અને જે ગરીબડાં મરાયાં એમનો જ લેબાસ ધારણુ કરવાનું વ્રત લીધું. એટલે છૂટીને ફીનિકસ આવ્યા એ જ રાતે બાપુજીએ મગનકાકાને જે વાત કરી એનો સાર આ હતો:

'મારે કહે ભોળા, નિરક્ષર હજારોએ પોતાની આહૂતિ આપી. તેઓ કેવળ મારી પાછળની શ્રદ્ધાને બળે લડાઇના દાવાનળમાં કૂદી પડ્યાં. દેખ્યું ન જાય એટલું દુઃખ તેમણે વેઠ્યું છે. એમનાથી વેગળો હું કેમ રહું? હવે મારે એમનામાંના જ એક બનીને રહેવું જોઇએ. ગોરાઓ વચ્ચે જવું પડે કે રાજધાનીમાં જવું પડે, જ્યાં સુધી સત્યાગ્રહની આ લડતનો અંત નહિ આવે ત્યાં સુધી કોટપાટલૂન નેકટાઈ હું નહિ પહેરૂં. ઊજળા સમાજમાં માઝા વિનાનો દેખાઈશ તો તેની હરકત નહિ. એ નાના સમાજમાંના એક બની રહેવાની કંઈ જરૂર નથી. મારે તો આ હજારો દુઃખિયા ગિરમિટિયામાંના એક બનીને રહેવું જોઇએ. લડતને વાંકે થએલી વિધવાઓનાં આંસુ લૂવાને મારે આટલું તો કરવું જ જોઇએ. આવતી કાલથી એક લૂંગી ને એક સાદું પહેરણુ એટલો જ મારો વેશ રહેશે. ચાકુ, પેન્સિલ, કાગળિયાં, રૂમાલ વગેરે ચીજો રાખવા માટે ડરબનમાં આવતી કાલે એક બગલથેલો સીવડાવી લઈશ. લૂંગી પહેરણુ આજે જ તૈયાર કરી આપો.'

મગનકાકાએ દલીલ કરતાં કહ્યું, 'લૂંગી કરતાં ધોતિયું પહેરો તો કેમ? હરવા ફરવામાં પણુ એ ફાવશે અને એ આપણો અસલી પહેરવેશ પણુ રહ્યો.'

બાપુજીએ કહ્યું, 'વાત સાચી, મને ધોતિયું ગમે પણુ ખરૂં; પરંતુ અત્યારે સવાલ ગિરમિટિયાઓનો છે. એમાંનો મોટો ભાગ મદ્રાસી, એટલે એમના સમોવડિયા થવા માટે મારે મદ્રાસી લૂંગી જ પહેરવી જોઇએ. મારી લૂંગી ચીંથરેહાલ નહિ હોય એટલો ફેર. તેઓ ઘણાખરા માથે તો કંઈક ને કંઇક બાંધે છે, પણુ આપણે માથે પહેરવાનું પહેલેથી જ છોડ્યું છે, એટલે એ ફરી શરૂ કરવાની જરૂર નથી. પગમાં સૅન્ડલ્સ(ચંપલની એક વિશિષ્ટ બનાવટ)પણુ હું નથી રાખવાનો. અસંખ્ય ગિરમિટિયાઓને પગમાં ક્યાં કંઈ પહેરવાનું મળે છે?'

'પણુ આપના પગ એટલા કસાએલા નથી. પાનીમાં કાંકરા પીડશે. અને ચાલવાનું તો આખો દિવસ રહેવાનું.'

'એ ખરૂં: મારા પગનાં તળિયાં તમારા બધા કરતાં વધુ આળાં છે, પાની તરડાએલી રહે છે; પણુ લોકોને દુઃખમાં ધકેલું ત્યારે મારે યે કંઈક તો દુઃખ ખમવું જોઇએ ના? બહુ પીડા થશે તો થોડું ધીમે ચલાશે એટલું જ ને?'

આમ ફીનિકસના એકાંત ખૂણામાં મધ્યરાત્રિએ મગનકાકા અને બીજાઓની સાક્ષીમાં એક વિસ્મયજનક પગલું બાપુએ ભર્યું. આજે તો તેઓ લંગોટીબાબા તરીકે પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે અને કચ્છ ધારણુ કર્યાં એ પહેલાં તેઓ મહાત્માની ખ્યાતિ પામી ચૂક્યા હતા, એટલે અહીં હિંદુસ્તાનમાં બાપુજીના વસ્ત્રત્યાગનો મહિમા કલ્પનામાં આવી શકે એમ નથી. પણુ ત્યાં દક્ષિણુ આફ્રિકામાં જ્યાં કોટપાટલૂન, કૉલર–નેકટાઇ અને મોજાં પહેર્યાં વિના શહેરના રસ્તા પર કે રેલ અને ટ્રામ પર પગલું દેવું અભદ્રતાનું લક્ષણ ગણાય ત્યાં બાપુજીનો વસ્ત્રત્યાગ એમના લાંબા અપવાસ અને એકટાણાંની કોટિથી યે અમુક માત્રામાં વિશેષ હતો. અપવાસ–એકટાણાં હાલતાંચાલતાં નજરે પડે એવી ચીજ ન હતી, પણુ બૅરિસ્ટરના જમાનાથી સતત પહેરેલો સૂટનો પહેરવેશ છોડી તે કફની ને લૂંગી પહેરે એ રસ્તે જનાર દરેક પર સારીમાઠી અસર કર્યાં વિના ન જ રહે. આંગ્લ વસ્તીની વચ્ચે આવો ફેરફાર તો એક બાપુજીની જ હિંમત કરી શકે.

હું નથી કહી શકતો કે દક્ષિણુ આફ્રિકાની જનતા પર બાપુજીના આ વેશપલટાની શી અસર થઈ. એ વેશપલટો ઉપરથી લાદેલો ન હતો, પણુ અંદરથી વીંધાએલા હૈયાનું પ્રતિબિંબ હતું, એટલે લોકોએ વધાવ્યો નહિ તો યે એણે ધારી અસર કરી. લોકોમાં નમ્રતા અને હિંદમાતાનું નાક ન કપાવા દેવાની દૃઢતા વધ્યાં. મને પોતાને ફરી એકવાર કોટપાટલૂનમાં બાપુજીને જોવાની ઇચ્છા વારંવાર થતી, પણુ તે કદી પૂરી ન થઈ. ત્રણુ પાઉંડના કરની લડતનું સમાધાન થયા પછી પણુ બાપુએ વિલાયત માટે ઊપડતાં સુધી પોતાનો એ જ વેશ રાખ્યો. જોહાનિસબર્ગમાં છેલ્લે દિવસે ફરી કોટપાટલૂન પહેર્યાંનું સાંભળ્યું, પણુ એનો તો ફોટો જ જોવા મળ્યો.

વળતે દિવસે બાપુજી ડરબન ચાલ્યા ગયા અને ફીનિકસના વાતાવરણમાં નવા જ રંગ જામ્યા. "જનરલ સ્મટ્સે કમિશન નીમ્યું. પણુ એ બધા ગોરાઓ છે અને પ્લૅન્ટરોના ને ખાણુવાળાના મળતિયા છે. બાપુજીએ અને મિ પોલાકે સ્મટસ સાહેબને લખ્યું છે કે એમાં ઓછામાં ઓછો એક અમે કહીએ તે માણુસ હોવો જોઈએ. જો અમારો

માણસ ન હોય તો હિંદી કોમ જુબાની નહિ આપે. જુબાની ન આપવાના સોગન નહિ લે એ દેશદ્રોહી ગણાશે.”

‘આવા દેશદ્રોહી તે કોણ થશે ભલા? સ્મટ્સ સાહેબની ઠીક ફજેતી થવાની!’ ઇત્યાદિ ચર્ચા અમ બાળકો સુધી પહોંચી ગઈ. અને આનંદની નવી વાત એ ગણી કે બાપુજી ચાર્લ્સટાઉનની કૂચ કરતાં યે એક મોટી કૂચ ફરી પાછા ડરબનથી કરશે. ફરી પાછા જેલ જશે; સ્મટ્સ સાહેબના કાવાદાવામાં બાપુજી નહિ ફસાય.

અને અમે નાતાલની (ક્રિસ્ટમસની) છુટ્ટીઓના દિવસ પૂરાં થઈ અંગ્રેજી નવું વરસ આવવાની રાહ જોવા લાગ્યા. વચ્ચે દસ દિવસ પણ પૂરા ન હતા. અમને સૌથી વધુ આનંદ એ વાતનો હતો કે અમારી ફીનિક્સની સોળ જણની પહેલી ટુકડી બેત્રણ દિવસ પછી છૂટીને આવશે એ પાંચ છ દિવસ ફીનિક્સમાં રહી શકશે એને તરત જ જેલ નહિ જવું પડે અને પાંચસાત દિવસ ખૂબ લહેર કરીશું.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

શ્રી અનંત કાણેકરનો નિબંધ

જ્યોત અને જ્વાળા

થોડાક દિવસ પર મેં એક ઘણી જ રસભરી વાર્તા વાંચી. પોતાને લોકોમાં કાંઈક અદ્વિતીય સ્થાન મળે,—દુનિયા પોતાને કોઈ બહુ મોટા માણસ તરીકે ગણે, એવી તીવ્ર ઈચ્છા એક મહત્ત્વાકાંક્ષી માણસને થઇ. ઘણા જ પ્રયાસ કરી એણે સેતાનને પ્રસન્ન કરી લીધો અને એની પાસેથી એવું વરદાન માગી લીધું કે બીજા બધા લોકોને હોય છે એવી છાયા એને ન રહે! સેતાને ઘણી જ ખુશીથી એવું વરદાન એને આપ્યું. પેલા માણસને થયું કે છાયા વગરનો એકનો એક માણસ હું, એટલે આખી દુનિયા મને માન આપશે. પણ પરિણામ તો ધાર્યા કરતાં ઉલટું જ આવ્યું. એ કોઇ ભૂતપિશાચ છે એમ ધારી લોકો એનાથી ભાગતા ફરવા માંડ્યા. એનાં બૈરીછોકરાં સુદ્ધાં એને નજીક ઊભો પણ ન રહેવા દે. લોકોએ તો આખરે એને મારી નાખવાનો નિશ્ચય કર્યો. છેવટે આ બધું અસહ્ય થવાથી એને બિચારાને આપઘાત કરવો પડ્યો.

જાણીતા અંગ્રેજ લેખક એચ. જી. વેલ્સની પણ એવી જ એક નવલકથા છે. આખી દુનિયા પોતાને શરણે આવે એવું કાંઇક કરવાની મહત્ત્વાકાંક્ષાથી પ્રેરાઇને એક માણસ અદૃશ્ય થવાની શક્તિ મેળવે છે. પણ આખરે ટોળાંમાંથી નીકળી ગએલા પક્ષીને જેમ તેની જાતનાં બધાં પંખી ચાંચ મારીમારીને ખલાસ કરી નાખે છે તેમ, બધા લોકો ભેગા મળી પેલા અલોપ થઈ શકતા માણસને હેરાન કરે છે અને આખરે એને મારી નાખે છે.

નાનાં છોકરાંનું મનોરંજન કરે એવી લાગતી આ ટચૂકડી વાતો પાછળ મને તો એક ભવ્ય સત્ય સંતાયું છે એમ લાગે છે. પોતાને માટે શ્રેષ્ઠતા મેળવવાનો અથવા દુનિયા પર એકહથ્થુ અધિકાર જમાવવાનો કે એવો જ સ્વાર્થ તમે સાધવા માગતા હો, તોપણ કેવળ તમારૂં વ્યક્તિગત મહત્ત્વ વધારે એવું દુનિયાથી નિરાળું કોઈ સ્વરૂપ મેળવવું અથવા માત્ર તમારૂં એકલાનું જ વ્યક્તિગત હિત કરે એવી કોઈ અલૌકિક શક્તિ પ્રાપ્ત કરવી, એ તેમ કરવાનો રસ્તો નથી. સ્વાર્થ સાધવા માટે પણ તમારે પરમાર્થ તરફ ધ્યાન આપવું જ જોઇએ. નેપોલિયન અથવા સિકંદરે જગજ્જેતા થવાની સ્વાર્થી મહત્ત્વાકાંક્ષા ભલે સેવી હોય, પરંતુ તેની સાથોસાથ પોતાના રાષ્ટ્રનું સામર્થ્ય વધારવાનો અથવા પોતાના દેશની કીર્તિસૌરભ જગતભરમાં ફેલાવવાનો ઉચ્ચ આદર્શ પણ એમણે સેવ્યો અને એટલે જ એમને જનતા કે સમાજ તરફથી પ્રચંડ મદદ મળી.

એમ તો દુનિયામાં નિઃસ્વાર્થી કોઈ છે જ નહિ. કોઈ પણ દેશભક્તે વેઠેલી વિપત્તિઓનું અથવા એણે કરેલા સ્વાર્થત્યાગનું હું જ્યારે જ્યારે વર્ણન કરૂં છું, ત્યારેત્યારે હમેશાં મણકાકા મને કહે છે: ‘હવે ભાઇ, રહેવા દેને એ વાત! જાણું છું એ સ્વાર્થત્યાગ અને બીજું બધું! નેતા તરીકે વટમાં ફરી શકાય અને હજારો લોકો તરફથી જય બોલાય એટલે બધી સ્વાર્થત્યાગની વાતો!’

મણકાકાને હું એવો જ જવાબ આપું છું કે ‘એમનો હેતુ કદાચ સ્વાર્થ ભરેલો હશે તેની, આપણા વાદ માટે, ક્ષણભર હું ના નથી પાડતો; છતાં યે કોઈપણ હેતુથી એ લોકો પોતાના દેશના—પોતાના બાંધવોના કલ્યાણ ખાતર જ પ્રયાસ કરતા હોય છે ને? બસ, ત્યારે.’

એટલે જ હું કહું છું કે મેં શરૂઆતમાં વર્ણવેલી બે વાર્તાઓનો અર્થ એ જ કે, દુનિયાનું કંઈ પણ કલ્યાણ કરી શકે, માનવ સમાજને કોઈ પણ રીતે કામ આવે એવી શક્તિ તમારે મેળવવી જોઇએ અથવા એવી શક્તિ તમારામાં હોય તો લોકોના કલ્યાણ ખાતર જ તમારે એનો ઉપયોગ કરવો જોઇએ. એમાં જ તમારૂં વ્યક્તિગત સુખ કે સ્વાર્થ છે. નહિ તો તમારૂં અદ્વિતીયપણું અથવા જગતથી નિરાળું વ્યક્તિત્વ તમારા દુઃખ અથવા નાશનું જ કારણ થશે.

વ્યક્તિની જો કંઈ પણ કિંમત હોય તો તે સમાજના એક ઘટક તરીકે જ હોઈ શકે. જે માણસને આવી સમજણ પડી નથી તે કોઈ દિવસ સુખી નહિ થઇ શકે. તમારે સુખ જોઈતું હોય તો પણ બીજાને તમારે સુખી કરવા જોઇએ, એ જ મારા માનવા પ્રમાણે અંતિમ સત્ય છે. પોતાના વ્યક્તિત્વની અથવા વ્યક્તિજીવનની નાની સરખી જ્યોત મહાપ્રયત્ને વસ્ત્રના છેડા નીચે સંતાડી જગતનાં સુખદુઃખના વાવાઝોડાથી એને બચાવવાનો કાકલૂદીભર્યો પ્રયત્ન કરી આખું જીવન વિતાવવામાં સુખ કેવું ને માણસાઈ કેવી? પણ એ જ જ્યોતને સમાજજીવનની જ્વાળામાં મિલાવી દીધી—એકજીવ કરી દીધી પછી એને કોઈ દિવસ બુઝાઈ જવાનો ડર નહિ રહે. ‘માણસ’ મરી જાય છે, પણ ‘માનવતા’ જીવે છે; એટલું જ નહિ પણ દિનપ્રતિદિન એ મોટી થાય છે, એની પ્રગતિ થાય છે. આપણા વ્યક્તિજીવનની જ્યોત એ પેલી રોજરોજ અધિકાધિક તેજશાળી અને વૈભવશાળી થતી અમર જ્વાળાનો એક અભેદ્ય ભાગ છે, એ વિચાર જ કેટલો આશાદાયક અને ઉત્સાહવર્ધક છે! આ જ્યોત બુઝાય તોપણ પેલી જ્વાળા તો સતત પ્રજ્વલે છે, એ અંતિમ સત્યની મનોમય જાણ એ જ અમરત્વનો અનુભવ. અમરત્વ, અમરત્વ એ વળી બીજું તે શું હોતું હશે?

(મરાઠી પરથી) **વસન્ત જોષી**


માણસે પોતાની જાતને હમેશાં બે જ સવાલો પૂછવાના હોય છે: મેં મારા પોતા માટે શું કર્યું, ને મેં મારા દેશ માટે શું કર્યું. પણ આપણામાંના ઘણાખરા પહેલો જ સવાલ પૂછીને અટકી જાય છે.

અંતરીક્ષમાં ઉડ્ડયન

ગયા અંકને અનુસંધાને હવે પૃથ્વી પરથી સો માઈલ ઊંચાઇ સુધીના અંતરીક્ષનું અજાયબીભર્યું ને શાસ્ત્રશુદ્ધ જ્ઞાન આપતો સંપૂર્ણ ભાગ

બંને જણા આ પ્રમાણે વાતો કરતા હતા ત્યાં નોકરે બે જોડી વિચિત્ર, નાક, કાન વગેરે સહિત આખું શરીર ઢંકાઇ જાય તેવાં, બુરખા જેવાં કપડાં લાવ્યો. આણે પોતે તો એ બુરખો ઓઢી જ લીધો હતો. પ્રોફેસરે એક સનતને આપ્યો અને પોતે પહેરવા મંડ્યા. આવાં કપડાં શા માટે પહેરવાં જોઇએ એ તો સનત સમજ્યો નહિ, પરંતુ કોઇ બાબતમાં શંકા ઊભી થાય તોપણ પહેલાં તો પ્રોફેસર કહે એ પ્રમાણે કરવું અને પછી જ શંકાનું નિરાકરણ તેમની પાસે માગવું એમ તેણે મનથી નક્કી કર્યું હતું, એટલે તેણે એ બુરખો લઈ લીધો અને પહેરવા માંડ્યો. અને તેને પૂછવાની જરૂર પડી નહિ. પ્રોફેસરે પોતે જ બોલવું શરૂ કર્યું: 'તેં કદાચ જાંબુલાતીત (Ultra-violet) અને વિશ્વ (Cosmic) કિરણોનાં નામ તો સાંભળ્યાં હશે. જાંબુલાતીત પ્રકાશકિરણો તો અસ્તિત્વમાં છે; જ્યારે વિશ્વકિરણો વિષે હજુ કંઇ નક્કી કહી શકાતું નથી. ઉપરાંત, તેઓ પૃથ્વી પર ક્યાંથી આવે છે એ પણ વૈજ્ઞાનિકોના સંશોધનમાં હજુ નક્કી માલૂમ પડ્યું નથી. એ સંશોધન અર્થે જ આજની આપણી આ સફર ખેડાઈ છે, અને એ કિરણોની અસર આપણા રૉકેટની અંદર રહેલાં સ્વનિયંત્રિત યંત્રો નોંધતાં જાય છે. આ કિરણોની અનહદ શક્તિ (energy) જોઇને અમુક વૈજ્ઞાનિકો માને છે કે અવકાશમાં દૂરદૂર આવેલી નિહારિકાઓમાં પદાર્થોના નાશ થઇ તેમાંથી આ કિરણો ઉદ્ભવતાં હશે. આ કિરણોનો ઘણો મોટો ભાગ પૃથ્વીની લોહચુંબકતાને અંગે ધ્રુવો તરફ ખેંચાઈ જાય છે. ઉપરાંત વાતાવરણમાં થોડેઘણે અંશે તો તે શોષાઈ પણ જાય છે. તેમ છતાં જે થોડોઘણો ભાગ પૃથ્વીની સપાટી સુધી પહોંચે છે તેની આપણા જીવન પર શી અસર થાય છે એ અત્યારે કહી શકાતું નથી. પૃથ્વીની સપાટીથી આપણે જેમજેમ ઊંચા જઇએ તેમતેમ આ કિરણોની અસર વધતી જાય છે અને ખાસ કરીને જે વસ્તુઓ વિદ્યુતની મદદથી ચાલતી હોય છે તેમના પર ખૂબ અસર થાય છે. આ કિરણો વિષે એક ખૂબ જ રસિક વાત જાણવા જેવી છે. પૃથ્વી પર મનુષ્યની ઉત્પત્તિ શી રીતે થઈ એ એક મહાન પ્રશ્ન છે અને એના માટે કેટકેટલા યે ઉકેલ રજૂ કરવામાં આવ્યા છે. એમાં કોઈ એક વૈજ્ઞાનિકે વાંદરામાંથી માણસના વિકાસ કઈ રીતે થયો હશે એ સમજાવવા કહ્યું હતું કે કોઇ એક વાંદરાના જીવકણ (germ plasm) પર આ વિશ્વકિરણોના આઘાતથી તેમાં મૂળભૂત ફેરફાર થયા હશે—જે સાધારણ સંજોગોમાં શક્ય નથી —અને તે પછી તેનાં સંતાનો માણસ જેવાં થતાં ગયાં હશે. આપણે જાણીએ છીએ કે હમેશાં પિતાપુત્રમાં ઘણું જ સામ્ય હોય છે. આ સામ્ય માટે વૈજ્ઞાનિકો જીવકણને જવાબદાર ગણે છે. જો આ જીવકણમાં ફેરફાર થાય તો જ સંતાનોમાં મૂળભૂત ફેર પડે; એ સિવાય પિતામાં થતા કાંઈ પણ ફેરફારો સંતાનોને અસર કરતા નથી. હું જાણું છું કે મનુષ્યની ઉત્પત્તિ વિષેના આ મતમાં આજે કોઇને શ્રદ્ધા નથી.

વિશ્વકિરણોના ઉદ્ભવસ્થાનની કોઇને ખબર નથી, પરંતુ જાંબુલાતીત કિરણો તો સૂર્યમાંથી પૃથ્વી પર આવે છે. એ વિષે કોઇને



પૃથ્વીપરથી ૧૫૦ માઈલ ઊંચાઈ સુધીના અંતરીક્ષનું શાસ્ત્રશુદ્ધ વૈજ્ઞાનિક જ્ઞાન આપતો આલેખ

શંકા નથી. આ કિરણો આપણાં શરીરોને ખૂબ જ નુકસાનકારક છે અને એટલા માટે જ આજે આ બુરખા ચડાવવાની જરૂર પડી છે. જો ભૂલેચૂકે આપણાં શરીરો થોડા વખત સુધી પણ આ કિરણોની આડાં ધરવામાં આવે તો આપણું મૃત્યુ જ નીપજે. આ નાશમાંથી સમગ્ર પ્રાણિસૃષ્ટિને બચાવવા માટે કુદરતે એક કરામત કરી છે.

સાધારણ રીતે પ્રાણવાયુના અણુ (molecule) માં બે પરમાણુ (atom) હોય છે; પણ જ્યારે પ્રાણવાયુના ત્રણ પરમાણુનો એક અણુ બને છે ત્યારે ઑઝોન નામનો એક વાયુ બને છે, જે, આપણે આગળ જોયું તેમ, વાતાવરણમાં રહેલા ઊંચા ઉષ્ણતામાન માટે જવાબદાર છે. આ વાયુમાં સૂર્યમાંથી આવતાં લગભગ બધાં જાંબુલાતીત કિરણોને અટકાવવાની શક્તિ છે. આ વાયુનું પ્રમાણ તો ઘણું ઓછું છે—ઇંચના પાંચસોમા ભાગ જેટલા જાડા તથા પૃથ્વીને વીંટળાઈ વળે તેટલા કાગળનું વજન થાય તેટલું તેનું વજન છે. પણ એટલો વાયુ આપણને સર્વનાશમાંથી ઉગારવા પૂરતો છે. આ વાયુનું પડ પૃથ્વીથી ઊંચે લગભગ અઢાર અને ચોત્રીસ માઈલ વચ્ચેના વિસ્તારમાં આવેલું છે.

ઑઝોન વાયુનું પડ લગભગ બધાં જાંબુલાતીત કિરણો ગળી જાય છે તે છતાં થોડાંક ગળાઇને પૃથ્વી સુધી પહોંચે છે. પણ તે પ્રમાણમાં થોડાં હોવાને અંગે નુકસાનકારક થવાને બદલે મનુષ્યને લાભકારક બને છે. આપણી ચામડીમાં એક એવો પદાર્થ છે કે જેના પર આ કિરણો પડે તો જીવનતત્ત્વ ઘ (Vitamin D–વિટામિન 'ડી') તૈયાર થાય છે. આ જીવનતત્ત્વના અભાવથી હાડકાં પૂરેપૂરાં મજબૂત થતાં

નથી અને વધારે વજન ઉપાડવાનું આવે ત્યારે વળી જાય છે. ઉપરાંત, આપણાં દાંત પણ ખામીભર્યાં રહે છે. આટલા માટે જ ઑઝોન વાયુ બધાં કિરણોને અટકાવતો નથી, પરંતુ થોડા ભાગને જવા દે છે. જો ઘરનાં બારીબારણાં સાધારણ કાચનાં હોય તો આ થોડો ભાગ પણ આપણા ઘરમાં પ્રવેશ પામી શકતો નથી, કારણકે કાચ આ કિરણોને અટકાવી દે છે.

આ કિરણો આપણા અસ્તિત્વ અને નાશ માટે કેવો ભાગ ભજવી શકે છે એ તો તને સમજાયું હશે, પરંતુ જ્યારે એમ ખબર પડશે કે એકલી મનુષ્યજાત જ નહિ, પરંતુ દરેક જાતનાં પશુ, પક્ષી અને વૃક્ષોની પૃથ્વી પરની અત્યારની હસ્તી માટે ઘણા વૈજ્ઞાનિકો આ કિરણોને જવાબદાર ગણે છે, ત્યારે જ તેમની ખરી કિંમત આંકી શકાશે. પૃથ્વી હતી એ કાળમાં વાતાવરણમાં ઑઝોન વાયુનું પડ તો નહોતું જ, પરંતુ પ્રાણવાયુ પણ નહોતો. વૃક્ષોએ હવામાં રહેલા અંગાર-વાયુ (Carbon dioxide કાર્બન ડાયોક્સાઈડ)માંથી પ્રાણવાયુ છૂટો કર્યો અને એ પ્રાણવાયુમાંથી જ ધીમેધીમે આ જાંબુલાતીત કિરણોની અસરને અંગે ઑઝોન વાયુ ઉત્પન્ન થયો.

હં, ત્યારે એ જૂના કાળમાં પ્રાણવાયુ ઑઝોનવાયુ નહોતા. સાથે-સાથે પાંદડાંઓનો લીલો રંગ જેને આભારી છે એ વસ્તુ હરિત્-રંજિકા (Chlorophyl–ક્લોરોફિલ, પણ એ જમાનામાં નહોતી. સૂર્યનાં દૃશ્ય અને અદૃશ્ય કિરણોમાંથી શક્તિ (energy) લઈને ખોરાક બનાવવાનું કામ આખી સૃષ્ટિમાં આ એક હરિત્-રંજિકા જ કરી શકે છે. કેરીનો રસ, કેળાંનો ગર્ભ કે નારિયેળનું કોપરું, આ બધી જ ચીજોનો સર્જન-હાર આ હરિત્-રંજિકા છે. પરંતુ જે વખતમાં હરિત્-રંજિકા નહોતી ત્યારે પણ વનસ્પતિ તો હતી જ. તો પછી ત્યારે તેનું કાર્ય કોણ ચલા-વતું હશે એ પ્રશ્ન સહેજે થાય છે. આ માટે ઘણા વૈજ્ઞાનિકો માને છે કે ત્યારે જમીન અને હવાના સાદા પદાર્થોમાંથી વૃક્ષોના જીવન માટે જરૂરી એવા સંકિલષ્ટ (complex) પદાર્થો સર્જવામાં સૂર્યનાં આ અનર્ગળ શક્તિવાળાં કિરણોનો જ ઉપયોગ થતો હતો. પણ આ તો જીવનશાસ્ત્રીઓ અને રસાયણશાસ્ત્રીઓના પ્રદેશમાં આપણે વગર રજાએ પહોંચી ગયા; એટલે કોઈ આફત ઊતરે એ પહેલાં જ બંધ કરીએ એ સારું છે. ઉપરાંત તારું પણ કાંઈ ધ્યાન હોય એમ લાગતું નથી!

અને ખરેખર તેમ જ હતું. જેમજેમ રાત જામતી જતી હતી તેમતેમ સનતને વધારે ને વધારે બગાસાં આવતાં જતાં હતાં અને વિરુદ્ધ પ્રયત્ન કરવા છતાં યે આંખ બંધ થઈ જતી હતી. સનત વિચાર કરતો હતો કે અત્યારે એકાદ પ્યાલો ચાનો મળે તો સ્વર્ગના દેવોને અમૃત મળવાથી થતા આનંદ કરતાં પણ તેને વધારે આનંદ થાય. પહેલાં તો ચા બનાવવાની કશી સગવડ રાખી છે કે નહિ એ પ્રોફે-સરને પૂછતાં એ શરમાયો, પરંતુ જેમજેમ નિદ્રાનું ધારણ વધતું ગયું તેમતેમ શરમ દબાતી ગઈ. છેવટે તેનાથી ન રહેવાયું ને તેણે પૂછી લીધું. પ્રોફેસરે હસતાંહસતાં કહ્યું: 'અહીં હવાનું દબાણ એકદમ ઓછું થઈ જવાથી પાણી પડચુંપડચું જ ઊકળવા મંડે અને ગરમ ન થઈ શકે; એટલે આટલી ઊંચાઈએ ચા બનાવવી શક્ય નથી. ઊંચા પર્વતો ચડતા પાર્વતિકોને આ મુશ્કેલી ઘણી વાર આવે છે. આપણે તો ચા તૈયાર લીધી છે એટલે કોઈ જાતની મુશ્કેલી નહિ આવે. પણ હવે આપણે અઢાર માઈલની ઊંચાઈએ પહોંચી જવા આવ્યા હોઈશું, એટલે પહેલાં બલૂનને રજા આપીએ ને પછી જ ચા-નાસ્તાને ન્યાય આપીએ.'

આમ કહી બંને ઊઠ્યા અને ઇજનેર તરફ ગયા. તે રૉકેટ છોડ-વાની તૈયારી જ કરતો હતો. પ્રોફેસર તથા સનત રૉકેટને બલૂનની સાથે બાંધી રાખનાર દોરડાં એક પછી એક કાપવા મંડ્યા. છેલ્લું દોરડું તૂટ્યું, રૉકેટ ચાલુ કર્યું અને બલૂન સડસડાટ કરતું આકાશની ઊંચાઈમાં ગાયબ થઈ ગયું. સનત તે તરફ જોઈ રહ્યો. ત્યાં તો ઇજ-નેરનો અવાજ આવ્યો: 'ચા પીવા ચાલો.' એટલે બલૂનને જોવું પડતું મૂકી સનત તરત મેજ તરફ વળ્યો. તેઓ બધા એક નાના મેજની આસપાસ ગોઠવાયા. ચા પીતાંપીતાં પ્રોફેસરે એક નવી વાત શરૂ કરી: 'તને ખ્યાલ હશે, સનત, કે ૧૯૧૪ના વિશ્વયુદ્ધ દરમ્યાન ફ્લૅ-ન્ડર્સમાં એક ખૂબ જ દારુણ તોપયુદ્ધ થયું હતું. આ તોપ ફૂટવાના અવાજ ઇંગ્લંડના પશ્ચિમ કિનારા સુધી સંભળાયા હતા, જ્યારે વચમાં આવતા ફ્રાન્સના કિનારા પરના થોડા ભાગમાં સંભળાયા નહોતા! આ બનાવથી વૈજ્ઞાનિકો ખૂબ જ વિચારમાં પડી ગયા હતા. એટલે દૂર સુધી એ અવાજ કઈ રીતે સંભળાય? અને તે પણ વચલા પ્રદે-શમાં સંભળાતો ન હોય ત્યારે? આ વિષયમાં બીજી કોઈ રીતે તો શોધખોળ કરવી શક્ય નહોતી; પરંતુ વિશ્વયુદ્ધ જ્યારે પૂરું થયું ત્યારે દરેક સરકારની સમક્ષ, લડાઈના સમય દરમ્યાન ભેગા થયેલા અન-ર્ગળ દારૂગોળાનું શું કરવું એ પ્રશ્ન ખડો થયો. આ વખતે થોડાક વૈજ્ઞા-નિકોને એ વિચાર આવ્યો કે આ દારૂગોળાનો ઉપયોગ આ વિષયમાં શોધખોળ કરવામાં કર્યો હોય તો? ઇંગ્લંડ અને ફ્રાન્સની સરકાર આ બાબતમાં સંમત થઈ. પરિણામે જે શોધખોળો થઈ એ પરથી એવું નક્કી થઈ શક્યું કે જેમ રેડિયોનાં મોજાં વાતાવરણના કોઈ પડમાંથી પરાવર્તિત થઈને પાછાં આવે છે તેમ અવાજનાં મોજાં પણ વાતા-વરણના લગભગ ૩૦ માઈલ ઊંચા એક પડમાંથી પરાવર્તિત થઈને પાછાં આવે છે, અને અવાજો દૂર સુધી સંભળાય છે. જે વચલા થોડા પ્રદેશમાં આ પરાવર્તિત મોજાં પહોંચી શકતાં નથી ત્યાં કશા અવાજો સંભળાતા નથી.'

પ્રોફેસરે પૂરું કર્યું એટલે સનતે પૂછ્યું: 'શું રેડિયોનાં મોજાં પણ ચાળીસ માઈલની ઊંચાઈએથી પરાવર્તિત થાય છે?'

'ના, રેડિયોનાં મોજાંને પરાવર્તિત કરનારાં પડો ૬૦ અને ૨૦૦ માઈલની વચ્ચે આવેલાં છે. જ્યારે રેડિયોની શરૂઆત થઈ ત્યારે એમ માનવામાં આવતું હતું કે હિંદમાંથી મોકલવામાં આવતુ સંગીત અમેરિકામાં સંભળાય એ શક્ય નથી, કારણકે રેડિયોનાં મોજાં સીધી લીટીમાં મુસાફરી કરે છે, અને પૃથ્વી ગોળ છે. પરંતુ પ્રયોગો કરતાં કરતાં જ્યારે યુરોપના કાર્યક્રમો અમેરિકાના દેશોમાં સંભળાવા લાગ્યા ત્યારે તે સમજાવવાનો એક જ રસ્તો હતો અને તે એ કે આ મોજાંને પરાવર્તિત કરનારું કોઈ પડ વાતાવરણમાં હોવું જોઈએ. અનેક પ્રયોગો પછી આવાં ચાર મુખ્ય પડો વાતાવરણમાં છે એમ સાબિત થયું છે. આમાંનું ચોથું પડ તો દિવસ દરમ્યાન સૂર્યનાં જાંબુલાતીત કિરણોની અસરથી ઉત્પન્ન થાય છે અને રાત્રે પાછું અદૃશ્ય થઈ જાય છે. ચારે પડો જુદીજુદી જાતની તરંગ-લંબાઈ (wave-length)નાં મોજાંને પરાવર્તે છે. આ ચારે પડો વિદ્યુતમય છે.'

'અવાજનું પરાવર્તક પડ પણ વિદ્યુતમય છે?' સનતે પૂછ્યું.

'ના, અવાજના પરિવર્તન માટે વિદ્યુતમય પડની જરૂર પડતી નથી. અવાજ જે માધ્યમ (medium)માંથી પસાર થતો હોય તેના ઘનત્વ કે ઉષ્ણતામાનમાં જો ફેર પડે તો અવાજ ત્યાંથી પરાવર્તાય છે. ત્રીસ માઈલની ઊંચાઈએ હવાનું ઉષ્ણતામાન વધે છે. અને પરિ-ણામે ત્યાંથી અવાજનાં મોજાંનું પરાવર્તન થાય છે.'

હજુ તો આમ વાતો ચાલે છે ત્યાં સનતને આકાશમાંથી અ-ગ્નયાસ્ત્ર ઊતરતું હોય એવું લાગ્યું. અમારા રૉકેટ સાથે એ અગ્નયાસ્ત્ર ભટકાશે તો? અને અમારું રૉકેટ સળગી ઊઠશે તો? એ ભયે એ મિનિટ એ બોલી પણ ન શક્યો. પરંતુ તેણે જોયું કે એમાંથી રૉકેટને બચા-

જવા માટે ઇજનેર ભગીરથ પ્રયત્ન કરી રહ્યો હતો. અચાનક તેની આંખ અંજાઈ ગઈ અને તેણે આંખો બંધ કરી દીધી—સનસનાટ કરતી આગ ચાલી ગઈ અને તેઓ બચી ગયા!

ઇજનેરે કપાળેથી પરસેવો લૂછ્યો. પ્રોફેસર એ ઊતરતી આગ તરફ જોઈ રહ્યા ને પછી બોલ્યા: 'જેના ડરને અંગે ચંદ્રમા પર જનારા માણસોને અહીંથી અનેક તૈયારીઓ કરવી પડે છે તેવો એ ખરતો તારો છે. તેં આકાશમાં ઘણી વાર ખરતા તારાના પ્રકાશિત લીસોટા જોયા હશે, પણ કદી ખ્યાલ આવ્યો છે ખરો કે એ આટલા ભયંકર હશે? ખરતા તારાની ઝડપ એટલી હોય છે (બંદૂકની ગોળી કરતાં લગભગ સો ગણી) કે હવાના ઘર્ષણને અંગે જે ગરમી ઉત્પન્ન થાય છે તેનાથી એ સળગી ઊઠે છે; જેમ આપણે વાંચીએ છીએ કે કોઈ તોફાનમાં ઝાડની બે ડાળીઓ વચ્ચે થતા ઘર્ષણને અંગે પ્રકટતા અગ્નિથી આખાં ને આખાં જંગલો સળગી ઊઠે છે. આ ઉલ્કાઓની ઝડપ સેકંડના દસથી સાઠ માઇલની હોય છે. જેમ વાતાવરણ આપણને જાંબુલાતીત કિરણોની ખરાબ અસરથી બચાવે છે, તેમ આ ઉલ્કા (meteor) અને ખરતા તારા (shooting stars)થી પણ તે આપણને બચાવે છે; કારણકે જો વાતાવરણ ના હોત અને ઉપર ને ઉપર સળગી ઊઠ્યા વગર આ ખરતા તારાઓ જો નીચે આવી શકતા હોત તો બકરીની લીંડી જેવડા નાનાનાના તેના ટુકડા પણ માણસનું માથું ભાંગી શકે એટલા વેગથી આવતા હોત. ચંદ્ર ઉપર વાતાવરણ નથી, એટલે ત્યાં ખરતા તારાઓ બધા માથા પર જ આવે. એટલે જ આગળ કહ્યું તેમ ચંદ્રપ્રિયાને ચંદ્રમાં બહુ મજા આવે તેવું નથી. વાતાવરણને અંગે દર ૨૬ ખર્વમાંથી એક જ ખરતો તારો પૃથ્વીની સપાટી પર પહોંચી શકે છે, અને તે પણ ઘસાઈઘસાઈને એકદમ નાનો થઈને. આ ખરતા તારાઓ પૃથ્વી પરથી લગભગ સો માઈલની ઊંચાઇએ નરી આંખે દેખાવા શરૂ થાય છે અને સળગી ઊઠવા શરૂ થાય છે ત્યાંથી ને લગભગ પચાસ માઈલની આસપાસ તેમની રાખ થઇ જાય ત્યાં સુધી દેખાય છે. આ ખરતા તારાનું ઉષ્ણતામાન લોઢું ગાળવાની ભઠ્ઠીની અંદરના ઉષ્ણતામાન કરતાં પણ ક્યાંય વધારે હોય છે.

પણ 'ખરતા તારા'ના નામ પરથી તું રખે એમ માની લેતો કે રાત્રે ઊંચે દેખાતા તારાઓમાંથી કોઇ પડી ગયા હશે. જે અનેક ધૂમકેતુઓ સૂર્યની પરિક્રમ્મા કરે છે તેમાંનો કોઈ ધૂમકેતુ ગુરુ કે એવા બીજા કોઈ મોટા ગ્રહોની નજીક આવી જાય છે ત્યારે તેના ટુકડેટુકડા થઈ જાય છે. આ ટુકડાઓ અવકાશમાં મૂળ ધૂમકેતુની કક્ષામાં આડાતેડા રખડતા હોય છે. તેમના રસ્તામાં જ્યારે ફરતાં ફરતાં પૃથ્વીનું વાતાવરણ આવી જાય છે ત્યારે આપણને તે ખરતા તારાઓ જણાય છે.

આ પ્રમાણે તેઓ બંને વાતચિત કરી રહ્યા હતા તે દરમ્યાન તેમના ઇજનેરે રૉકેટનું સુકાન ઉત્તર બાજુ ફેરવ્યું હતું અને તેઓ ધીમેધીમે ઉપર જવાની સાથેસાથે ઉત્તર ધ્રુવ બાજુ જતા હતા. ઉત્તર ધ્રુવ હજુ દૂર હતો, ત્યાં સનતની નજરે જે દૃશ્ય પડ્યું તે જોઇને તેના સાનંદાશ્ચર્યનો પાર જ ન રહ્યો. એ દૃશ્ય એટલું તો સુંદર હતું, એમાં એટલું તો રંગલાલિત્ય ભર્યું હતું કે એક વખત તો સનતને થયું કે જગતની જે સુંદરતમ ચીજ છે એને મેં નિહાળી લીધી છે,—હવે પ્રાણ જાય તો તેની પણ પરવા નહિ. પ્રોફેસર પણ તેની પાછળ આવીને નિસર્ગદેવીનું આ મનોહર સર્જન નિહાળી રહ્યા હતા. ક્યાંય સુધી સૌંદર્યપાન કર્યા પછી પ્રોફેસરે કહ્યું:

'એ અરુણા (Aurora ઑરોરા) છે. પૃથ્વી પરથી પણ એ ઉત્તર અક્ષાંશ પરથી જોઇ શકાય છે. જો તેં કોઈ ઉત્તર ધ્રુવના એટંચાની સફરનું વર્ણન વાંચ્યું હશે તો તેણે ગાએલી અરુણાની પ્રશસ્તિ તેં તેમાં જરૂર વાંચી હશે. વિશ્વકિરણો તથા સૂર્યમાંથી પૃથ્વીમાં આવતાં કેટલાં યે વિદ્યુતમય કણો પૃથ્વીના લોહચુંબકત્વને લીધે ઉત્તર અને દક્ષિણ ધ્રુવ તરફ ખેંચાઈ જાય છે અને તે કારણે અરુણાની આ મનોહર આકૃતિ ઊભી થઈ છે. અરુણા એ જુદીજુદી ઊંચાઇએ થાય છે: ૫૦થી ૨૦૦ માઇલે અને ૩૫૦થી ૬૦૦ માઇલે. ખૂબ જ ઊંચે થતી અરુણાને સૂર્યપ્રકાશિત (Sun lit) અરુણા કહે છે, કારણકે એટલી ઊંચાઇએ ગમે તેટલી રાત્રે પણ સૂર્યપ્રકાશ ત્યાં પહોંચી શકે છે. એ પ્રકાશ અને વિદ્યુતકિરણોના સંગમમાંથી અરુણા ઉત્પન્ન થાય છે.'

એટલામાં ઈજનેરે આવીને કહ્યું: 'અત્યારે આપણે લગભગ સોએક માઈલની ઊંચાઇએ છીએ. હવે આગળ જવું હિતાવહ નથી, કારણકે લગભગ દોઢસો માઇલની ઊંચાઇએ વાતાવરણનું ઉષ્ણતામાન ૮૦૦ અંશ જેટલું થઈ જાય છે અને ઉપર જતાં વધતું જ જાય છે; એટલે હવે આપણે નીચે ઊતરીએ તો સારું.'

પ્રોફેસર કહે: 'બરાબર, હવે આપણે નીચે ઉતરવું જ જોઇએ. ચાલો, બધાને વિમાનની છત્રી સોંપી દો. સનત, રશિયન લોકો દોઢ કલાકમાં દસ માઈલ કરતાં પણ વધારે ઊંચાઇએથી પડ્યા હતા. આપણે ફક્ત સો માઈલથી પડવાનું છે!'

સનતને તો હા-ના કશું કહેવાનું જ નહોતું. ધ્રુજતે હાથે તેણે વિમાની છત્રી લીધી. ઈજનેરે રૉકેટનું યંત્ર બંધ કર્યું અને રૉકેટ નીચે પડવું શરૂ થયું. શરૂઆતમાં ધીમેધીમે . . . પણ પછી તો ઝડપ વધતી જ ગઈ. પ્રોફેસર ઊંચાઈમાપક યંત્ર પાસે, અમુક ઊંચાઈ આવે ત્યારે બધાને trap-doorsમાંથી કૂદી પડવાનો આદેશ આપવા હાથમાં વિમાની છત્રી લઇને ઊભા હતા. મગજ બહેર મારી જાય એટલી ઝડપે તેઓ ઊતરતા હતા. આકાશનો રંગ બદલાતો હતો. સૂર્ય બેહદ ઝડપથી ક્ષિતિજ તરફ ધસ્યો જતો હતો—અરે, પણ આ બધું વિચારવા જેવાનો વખત જ ક્યાં હતો? હમણાં પ્રોફેસરનો આદેશ આવશે ને જો એક સેકંડની પણ કૂદી પડતાં ઢીલ થઈ તો પૃથ્વી પરથી આણુ-આણુ જેવડા ટુકડા સાંધવા પણ મુશ્કેલ પડશે. રશિયનોની એ જ દશા ૧૯૩૪માં થઈ હતી ને? કદાચ અત્યારે પણ એવું . . . . . .

'કૂદો!'

લો! પ્રોફેસરનો આદેશ! સનત, રૉકેટની બહાર કૂદ્યો અને કૂદતાવેંત વિમાની છત્રી ઉઘાડી ધીમેધીમે ને આસાનીથી એ નીચે ઊતરવા માંડ્યો. ક્યાં ગઈ એ ઝડપ? ક્યાં ગઈ એ અસ્થિરતા? ક્યાં ગયાં એ માનસિક નબળાઈ અને ડર? આ નીચે મુંબાઈના દરિયાનું પાણી દેખાય, હમણાં પગ અડશે, હવે તો માંડ પાંચ દસ વારની જ ઊંચાઈ હશે, એ પગ અડ્યાં-આ ભીનું લાગ્યું . . . .

આરામખુરશીમાં સૂતેલા સનતની આંખ ઊઘડી ગઈ. ગોળા પાસે ભરેલો પાણીનો પ્યાલો ઢોળાઈ ગયો હતો અને ઓરડામાં પથરાએલા પાણીમાં તેનો પગ આળોટતો હતો. બારી બહાર કબૂતરો બોલતાં હતાં, પૂર્વમાં રજકણોને અંગે ઊષા સોહી રહી હતી એ તે સમજી શક્યો અને પ્રાઈમસ નજીક લઈ ચા બનાવવા માટે સ્પિરિટનો કાકડો શોધતાંશોધતાં તેણે બગાસું ખાધું.

ગુલાબરાય સી. પારેખ
અને એમ. એન. પારેખ

પોતાની નિષ્ફળતાની કબૂલાત ઘણી વાર સફળતાનું પહેલું પગથિયું બની રહે છે.

દાન એ માણસનું મનુષ્યત્વ બગાડવાનો સાદો ને સરળ રસ્તો છે.

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્ર

'કુમાર' મારફત આ પત્રમિત્ર મેળવનાર કનુભાઇ મો. પટેલ બાદરણ

137 Heward Avenue TORONTO (Ontario, Canada)
Dec. 31, 1940

પ્રિય કનુ,

તમારા છેલ્લા પત્રનો આ જવાબ લખું છું. આજે ડીસેમ્બર પૂરો થાય છે, છતાં બરફ બહુ થોડો પડ્યો છે. ક્રિસ્ટમસમાં પણ લીલું દેખાય છે. બરફનું નામ નથી. તમારે ત્યાં વરસના કોઈ ભાગમાં બરફ પડે ખરો કે? હિંદુસ્તાનનાં છોકરાછોકરીઓએ કદી સાન્ટા ક્લૉઝનું નામ સાંભળ્યું નહિ હોય. એ એક લોકકલ્પિત પાત્ર છે અને તે યુરોપમાં થઈ ગયા. તેનું કામ લોકોને સુખી બનાવવાનું હતું. હજુ પણ બાળકો તેને યાદ કરે છે, કારણકે ક્રિસ્ટમસમાં તમને માટે તે રમકડાં લાવે છે. હિંદમાં તેને મળતું કોઈ પાત્ર છે કે?

તમારા પત્રમાં તમે અહીંની કૅનેડિયન ગવર્નમેન્ટ વિષે લખવા કહ્યું છે, પણ હું જ તે વિષે બહુ જાણતો નથી; છતાં જાણું છું તેટલું લખીશ. અમારે ત્યાં યુનાઇટેડ સ્ટેટ્સ અથવા હિંદુસ્તાન એમાંથી એકેને મળતું બંધારણ નથી. કંઇક બ્રિટિશને મળતું ખરૂં. યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રતિનિધિત્વવાળું બંધારણ છે, જ્યારે અમારે ત્યાં જવાબદાર ગવર્નમેન્ટ છે.

યુનાઇટેડ સ્ટેટસમાં એક પક્ષ પાંચ વર્ષની પૂરી મુદત સુધી હોદ્દા પર રહી શકે છે; પછી ભલેને તેમનું એકાદ બિલ આખું ખોટું ગયું હોય. આ જ કારણથી યુનાઇટેડ સ્ટેટસના કેટલાયે પ્રમુખોનાં કાળજાં ગોળીએ વીંધાયાં છે. લોકોની બહુમતિ તેમનાથી અકળાય તોપણ પાંચ વર્ષ સુધી તો તેઓ હોદ્દા પરથી દૂર થાય જ નહિ. તમે જાણતા જ હશો કે હાલના પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ ત્રીજી વારના ચુંટાયા છે.

પણ અમારે અહીં કૅનેડામાં તો એકાદ ધારો પસાર ન થઇ શક્યો તો આખું પ્રધાનમંડળ રાજીનામું આપી દે અને જે પક્ષ મજબૂત હોય તે નવું પ્રધાનમંડળ રચે. વડા પ્રધાન જ પોતાના પક્ષમાંથી ચૂંટણી કરે છે. કોઈ સાધારણ ધારો પાછો પડે ત્યારે પ્રધાનમંડળમાં માત્ર ખાતાના ફેરફારો થાય,—ન્યાય, કેળવણી, વેપાર, રક્ષણ, અર્થભાગ વગેરેમાં. અમારી પાર્લમિન્ટમાં બેસનારા બધા પક્ષો ને સભ્યોની ચૂંટણી પ્રજાજનો જ કરે છે. હાલ અહીં સત્તા પર આવેલ લિબરલ પક્ષના નેતા વિલિયમ લીઑન મૅકેન્ઝી કિંગ છે, તેથી તે કિંગ ગવર્નમેન્ટ કહેવાય છે. સામે જે કૉન્ઝર્વેટિવ પક્ષ છે તેના નેતા મિ. હેનફાન છે. આ મૅકેન્ઝી કિંગનો દાદો ટૉરૉન્ટોનો મેયર ને એક બળવાખોર હતો. તેણે ઈ. ૧૮૩૭માં ટૉરૉન્ટો કબજે કરવા પ્રયત્ન કર્યો હતો અને જવાબદાર રાજતંત્ર લાવવામાં તેનો બહુ ફાળો હતો.

મેં તમને જે ફાઉન્ટન પેન મોકલી છે તે યુનાઇટેડ સ્ટેટસમાં બનેલી છે. કૅનેડામાં ફાઉન્ટન પેન બહુ નથી બનતી, કારણકે યુ. સ્ટે. માંથી ખૂબ સસ્તે ભાવે તે આયાત થાય છે. આ પેનમાં નવી કરામત એ છે કે તેમાં માત્ર પાણી ભરવાથી લખી શકાય છે. અંદર કોઈ રસાયણ છે તેને લીધે શાહી આપમેળે બની જાય છે. હું પોતે ફાઉન્ટન પેન વાપરતો નથી; ટાંક કલમથી વધારે સારૂં લખી શકાય છે.

કેટલી યે ચીજો અહીં એવી મળે છે કે જે કૅનેડામાં બને છે કે યુ. સ્ટે.માં તે વિષે અમે કંઈ જાણતા નથી, કારણકે એક જ જાતની ચીજો બંને મુલકમાં બની રહી છે. યુ. સ્ટે.નાં પણ કૅનેડામાં કેટલાંયે કારખાનાં છે અને તેથી સરહદ પસાર કરતાં આપવાની જકાત બચે છે. આ જકાતખાતાને લઇને ઘણા ઉદ્યોગો કૅનેડામાં સ્થપાય છે અને પરદેશી માલ દૂર રાખી શકાય છે.

તમે મને હિંદુસ્તાનનાં ચિત્રોવાળાં થોડાં પોસ્ટકાર્ડ મોકલશો? હું તમને થોડાં માસિકો હવે પછી મોકલીશ. આ વખતે એક વિનોદી માસિક મોકલું છું તેમાં વચલાં પાનાંઓ પર પત્રમિત્રોનાં ઉમેદવાર છોકરાછોકરીઓનાં સરનામાં છે. તમારે તેમને કોઇને લખવું હોય તો થોડાકને પોસ્ટ કાર્ડ લખજો.

તમે કૃપા કરી કોઇને મારૂં નામ પત્રમિત્ર તરીકે ન આપતા, કારણ કે મને હમણાં બહુ મળી રહ્યા છે.

તમે મને થોડો ઇતિહાસ લખી મોકલવા કહ્યું છે, પણ તમે સ્પષ્ટ નથી કર્યું કે તમે મારો ઇતિહાસ માગો છો કે મારા દેશનો? ગયા ઉનાળાની રજાઓમાં (જુલાઈ-ઑગસ્ટમાં) મારા પિતા અને ભાઈઓની જોડે એક બાંધકામ કંપની સાથે હું ગયો હતો. એ કંપની ટ્રાન્સ-કૅનેડા હાઇ વે બાંધી રહી છે. આખા કૅનેડાની આરપાર જતો મોટર રોડ હજુ સુધી થયો નથી. ઉત્તરે ૩૮૦ માઈલ ઉપર અર્લસ્ટન કરી ગામ છે ત્યાં સુધી અમારે રસ્તો પહોંચાડવાનો છે. ત્યાં વસ્તી માત્ર ૮૦૦ જણની છે.

દર શનિવારે અમે નવ માઈલ દૂર બીજા શહેરમાં સીને શો જોવા જતા હતા, કારણકે પેલા ગામમાં તો કોઈ થીએટર નથી, પણ આ બીજું શહેર ઇંગલહર્સ્ટ ૨૦૦૦ની વસ્તીવાળું છે. તમે નકશામાં રેલવે લાઈન ઉપર તે જોઈ શકશો. હું કામ કરતો હતો ત્યાં અગિયાર પ્રજાઓનાં માણસો હતાં. તેમાં અરધોઅરધ ફ્રેંચ કૅનેડિયન, બાકી ઘણા જર્મન, આયરીશ, સ્કૉચ, કેટલાક અંગ્રેજ, ચેક, ડચ વગેરે.
મારા પિતા એક કલાન ચલાવે છે. મારા ભાઈ તેલ પૂર્યાં કરે છે અને ભાંગતોડ સમી કરવામાં મદદ કરે છે, વર્ષ પહેલાં કામ કરતાં એક અકસ્માતમાં તેણે એક આંખ ગુમાવી. મારે એક બેન છે તે ઘણી નાની છે અને હજુ નિશાળે જાય છે. તમારા બાદરણ વિષે કંઈક લખોને? મને નકશા ઉપર તે નામ નથી જડયું. બરોડા મળ્યું ખરૂં.

કૅનેડામાં ૧૧½ મિલિયન લોકો છે. તેમાંની ૯૦ટકા વસ્તી યુ.સ્ટે.ની હદ પરના ૨૦૦ માઈલ પર વસેલી છે. ૩½ મિલિયન ફ્રેંચ બોલનારા છે. ૫½ મિલિયન ઍંગ્લોસૅક્સન (અંગ્રેજ, આઇરિશ ને સ્કૉચ મળીને); બાકીના યૂરોપિયનો છે જે કૅનેડામાં વસવા આવ્યા છે.

કૅનેડામાં પહેલા વસવા આવનાર ફ્રેંચ લોકો હતા. ક્વીબેક શહેર ફ્રેંચ છે અને ૧૬૦૮માં સ્થપાએલું કૅનેડાનું સૌથી જૂનું નગર છે.

કૅનેડાનું બીજા નંબરે મોટું શહેર ટોરૉન્ટો માત્ર ૧૦૬ વર્ષનું છે. મોન્ટ્રીલ દુનિયામાં ફ્રેંચ બોલનારી પ્રજાનું ત્રીજા નંબરે આવતું અને કૅનેડાનું સૌથી મોટું શહેર ૧૬૪૨માં સ્થપાયું હતું.

તમે મને પોસ્ટકાર્ડો મોકલવાનું ભૂલતા નહિ. હું તેનો સંગ્રહ કરૂં છું. અફઘાનિસ્તાન, નેપાલ, ભૂતાન ને બર્મામાં ટિકિટો ચાલે છે ખરી? તમારી પાસે કોઈ આવી છે?

આવતી કાલે ટોરૉન્ટોમાં દરેક જણ મેયરની ચૂંટણી માટે મત આપશે, કારણકે દરેક નવા વર્ષને પ્રથમ દિવસે એ કામ થાય છે.

ચાલો, સલામ અને શુભ કિસ્મત.

તમારો દોસ્ત વિક્ટર બ્રસાર્ડ

તા.ક. તમારૂં વય કેટલું છે? મારો પત્ર ઠીક લાંબો છે, નહિ? તમે ટિકિટો મોકલો તો હિંદુસ્તાનની અને નજીકના દેશોની જ મોકલજો. આભાર સાથે, નવું વર્ષ સુખરૂપ હો.



માધુકરી

જીવનદીપ

માટીનું માટકું કોડિયું કાચું ને તેલની ના લવ આય,
તૂટું એનું હાડ હેતનતતાંમાં પ્રાણ માંડી ઢબી જાય
અંધારામાં આતમડા અથડાય.

નાંખો પ્રભુ! એને પાવકભઠ્ઠીમાં, પાકીને એ પલટાય;
ભરો, ભરો પછી અક્ષય એમાં દેવોનાં ઘૃતની આય—અંધારામાં૦
જીવનતંતુ અનંત વાણી એની દિવેટ કોડિયા માંહ્ય;
ચાંપીએ ચેતન લોચન જાગ્રત, ચોરી ન કોથી કરાય—અંધારામાં૦
સત્યસૂરજની તેજસળીએ પેટાવો દીપકરાય:
કાળજૂના અંધકાર હઠીલા પ્રલીન પળમાં થાય—અંધારામાં૦


—પૂતલાલ

શ્રી ડી. એન. વાડીઆ

(એમ. એ., બી. એસસી., એફ. જી. એસ., એફ. આર. જી. એસ., એફ. આર. એ. એસ. બી., એફ. એન. આઇ.)

હિંદી વિજ્ઞાન પરિષદના ૨૯મા અધિવેશનના પ્રમુખ

હિંદુસ્તાનના રાજકીય ક્ષેત્રમાં રાષ્ટ્રીય મહાસભા જે ઉચ્ચ અને મહત્ત્વનું સ્થાન ભોગવે છે એટલું જ ઉચ્ચ અને મહત્ત્વનું સ્થાન હિંદુસ્તાનના વૈજ્ઞાનિકક્ષેત્રમાં હિંદી વિજ્ઞાન પરિષદ (The Indian Science Congress) ભોગવે છે. મહાસભાની જેમ વિજ્ઞાન પરિષદ પણ દર વર્ષે જુદેજુદે સ્થળે ભરાય છે. ચાલુ વર્ષે એ પરિષદનું ૨૯મું અધિવેશન ગુજરાતમાં વડોદરા મુકામે ભરાયું હતું. ગુજરાતમાં વિજ્ઞાન પરિષદનું એ અધિવેશન પ્રથમ હતું, એટલા જ માટે કેવળ નહિ, પરંતુ તે ઉપરાંત એના પ્રમુખ શ્રી. ડી. એન. વાડીઆ એક ગુજરાતી ગૃહસ્થ છે, એ માટે પણ ગુજરાતને એ પ્રસંગ અભિમાન અને આનંદનો ગણાય. કેમકે હિંદી વિજ્ઞાન પરિષદના પ્રમુખ બનવું એ કોઈ પણ વૈજ્ઞાનિકને માટે મહાગૌરવ ગણાય છે અને એ પદને માટે સંપૂર્ણપણે લાયક શ્રી વાડીઆ ગુજરાતનાં ગણ્યાંગાંઠ્યાં રત્નોમાંના એક વિદ્વાન અને ઉજ્જવળ કારકિર્દિવાળા ગૃહસ્થ છે.



શ્રી દારાશાહ નોશરવાન વાડીઆનો જન્મ સુરતમાં પારસી કોમમાં ઇ.સ. ૧૮૮૩માં થયો હતો. તેઓએ પોતાની બધી જ કેળવણી વડોદરામાં લીધી છે, ને મુંબાઈ યુનિવર્સિટીની એમ. એ. અને બી. એસસી. એમ બેવડી ઉપાધિ પ્રાપ્ત કરી છે. અભ્યાસ દરમ્યાન એમનો મુખ્યવિષય ભૂસ્તરવિદ્યા (Geology) હતો ને એ જ વિષય એમનો જીવનસાથી બની ગયો છે. એ જ વિષયે એમને દ્રવ્ય અને એથી યે વધુ કિંમતી એવી કીર્તિ મેળવી આપ્યાં. યુનિવર્સિટીની પોતાની એ બે ઉપાધિઓથી શ્રી વાડીઆ ક્યાં યે જાણીતા થયા નથી, પરંતુ ખંત, મહેનત અને તીવ્ર બુદ્ધિપૂર્વક પોતાના અત્યંત પ્રિય એવા ભૂસ્તરના વિષયમાં જે અતિ મૂલ્યવાન ને ઊંચા પ્રકારનું સંશોધનકાર્ય એમણે કર્યું છે એનાથી એમનું નામ સમસ્ત વિજ્ઞાનજગતમાં જાણીતું થયું છે. એમનું બધું સંશોધન હિંદુસ્તાનના ભૂસ્તરને લગતું છે અને એમાં પોતે એટલી બધી કીર્તિ પ્રાપ્ત કરી છે કે 'હિંદુસ્તાનનું ભૂસ્તર' અને 'શ્રી વાડીઆ' જાણે એકબીજાના પર્યાય શબ્દો બની ગયા છે. આવું ઉચ્ચ કોટિનું જ્ઞાન અને સંશોધન જેને વર્યાં છે, એમણે યુરોપ-અમેરિકાની કોઈ શ્રેષ્ઠ શ્રેણીની વિદ્યાપીઠમાં જરૂર અભ્યાસ કર્યો હશે, એમ લાગવાથી મેં સહજ પ્રશ્ન પૂછ્યો કે 'આપ મુંબાઇ યુનિવર્સિટીમાં આપનો અભ્યાસ પૂરો કર્યા પછી એમાં પારંગત થવા માટે પરદેશમાં ક્યાં ગયા હતા?' અને એનો જવાબ સાંભળીને હું તો આશ્ચર્યમુગ્ધ બની ગયો. આ રહ્યો એ આનંદ અને મગરૂરીપૂર્વક આપેલો જવાબ: 'હું મારા વિષયમાં પારંગત થવા માટે પરદેશમાં કોઇ પણ ઠેકાણે ગયો નથી, એટલું જ નહિ પણ આપણા દેશમાં વસતા કોઇ પણ પરદેશી પ્રોફેસરના હાથ નીચે ભણ્યો નથી. હું તો સંપૂર્ણરીતે હિંદની પેદાશ છું. અલબત્ત, પરદેશીઓના આમંત્રણથી હું એક વખત રશિયા અને ત્રણ વખત વિલાયત ગયો છું. લંડનમાં આવેલા બ્રિટિશ મ્યુઝિયમના ભૂસ્તરવિભાગને વ્યવસ્થિત કરવા માટે મને આમંત્રણ મળ્યું હતું.' પરદેશી વિદ્યાપીઠની ડિગ્રી વિના પોતાના અભ્યાસને અને જીવનને અધૂરૂં ગણનારને આ ઉત્તર અર્પણ છે.

હિંદમાં જન્મીને, હિંદી વિદ્યાપીઠમાં, હિંદી અધ્યાપકોના હાથ નીચે અભ્યાસ કરીને, હિંદી ભૂસ્તરમાં કરેલા સંશોધનથી વિજ્ઞાનજગતમાં વિખ્યાત બનવું અને એ જ વિષય ઉપર પ્રકાશ પાડવા, હિંદીઓને કુછ બિસાતમાં નહિ ગણનાર અંગ્રેજો તરફથી જ આમંત્રણ મેળવવું એના જેવી 'સંપૂર્ણરીતે હિંદની પેદાશ' બીજી કઇ હોઈ શકે? આ સદ્ભાગ્ય કેટલા હિંદીઓને મળ્યું હશે? પરંતુ આને સદ્ભાગ્ય માનનાર અને એમાં અભિમાન લેનાર કેટલા હિંદીઓ નીકળશે?

આ મહિનો (મે) ઇતિહાસમાં

તા. ૩ ઇટાલિયન લેખક અને મુત્સદ્દી નીકોલો મૅકિયાવેલીનો જન્મ–ઇ. ૧૪૬૯. (Prince નામનો રાજનીતિનો એનો ગ્રંથ અમૂલ્ય ગણાય છે જેમાં રાજનીતિના ટકાવ માટે કોઈ પણ ધોરણ નીતિમાન કે અનીતિમાન નથી એ એણે પ્રતિપાદિત કર્યું છે.)

તા. ૬ સ્પેનના રાજા આલ્ફૉન્ઝો ૧૩માને પદભ્રષ્ટ કરી ઝામોરાના પ્રમુખપદે પ્રજાએ પ્રજાસત્તાક જાહેર કર્યું–ઈ. ૧૯૩૧.

તા. ૮ સીપાહીઓના બળવામાં સર હ્યૂ રોઝે તાત્યાટોપેને કુંચ મુકામે હરાવ્યા–ઇ. ૧૮૫૬.

તા. ૯ શાહજહાંએ જહાંગીરની હયાતીમાં જ પોતાને હિંદનો શાહેનશાહ જાહેર કરી દિલ્હી પર ચડાઈ કરી—ઈ. ૧૬૨૨.

તા. ૧૧ ગુજરાતમાં પ્રાર્થના સમાજના સ્થાપક ને ભક્તિમય ઇશ્વરભજનોના કર્તા સરદાર ભોળાનાથ સારાભાઈનું અવસાન ઈ. ૧૮૮૬.

તા. ૨૦ પ્રાણીઓની સમગ્ર સૃષ્ટિના નામકરણ પર Nomenclator Zoologicus નામનો અજોડ ગ્રંથ લખનાર મહાન નિસર્ગશાસ્ત્રી લુઇ આગાસિસનો સ્વિટ્ઝરલાંડમાં જન્મ–ઇ. ૧૮૦૭.

તા. ૨૪ બંગાળના નવાબ સિરાજુદ્દૌલાની પરવાનગી વિના અંગ્રેજો છાની રીતે કિલ્લા બંધાવી કાવતરાં કરતા હોવાથી નવાબે તેમ ન કરવા તેમને ચેતવણી આપતાં છતાં તે ન માનવાથી સિરાજુદ્દૌલાએ ચડાઈ કરી કાસિમબજારની કોઠી જીતી લીધી.ઇ.૧૭૫૬.

આ માસની વ્યક્તિવિશેષ

પંડિત મોતીલાલ નેહરૂ



તન અને મનની આમરણાંત સેવાઓ, વિપુલ બુદ્ધિવૈભવ તથા એટલો જ વિપુલ ધનવૈભવ અને પોતાથી સવાયું કરી બતાવે એવો બત્રીશલક્ષણો પુત્ર —આવું ત્રિવિધ અર્પણ રાષ્ટ્રને ચરણે ધરી જનાર પંડિત મોતીલાલ નેહરૂ ભારતભક્તોની નામાવલિમાં, એ વિશિષ્ટ અર્પણને કારણે અજોડ બની ગયા છે.

સમસ્ત ઉત્તર હિંદમાં પોતાનાં દેહસૌન્દર્ય અને બુદ્ધિપ્રતિભા બંનેને માટે પ્રખ્યાત કાશ્મીરી બ્રાહ્મણ જાતિમાં, રવીન્દ્રનાથ ટાગોરની જ જન્મતિથિએ, ૧૮૬૧ના મેની ૬ઠ્ઠીએ તે જન્મેલા. એમના પિતા પંડિત ગંગાધર નેહરૂ કાનપુરમાં કોટવાળ હતા. જન્મ પહેલાં ત્રણ મહિને ગુજરી ગએલા એ પિતાના સુખ વિહોણા મોતીલાલને મોટા ભાઈ નંદલાલે જ ભણાવીગણાવી મોટા કર્યા. ૧૨ વર્ષની વય સુધી મુસ્લિમ મુખ્તાબમાં ફારસી ને અરબીનું ભણવાથી એમને સારૂં જ્ઞાન મળ્યું હતું. તે પછી કાનપુરની સરકારી હાઇસ્કૂલમાં અને અલાહાબાદની મ્યૂર સેન્ટ્રલ કૉલેજમાં અભ્યાસ કર્યો; પણ મોટા ભાઇના સંસર્ગને કારણે કાયદા બાજીમાં છેક બાળપથી જ રસ લેતા થએલા હોઈ, બી. એ. ન થતાં એ હાઇકોર્ટ પ્લીડરની પરીક્ષામાં બેઠા ને પહેલે નંબરે પાસ થઈ ભાઇ સાથે વકીલાતના ધંધામાં જોડાયા. કમનસીબે થોડા જ વખતમાં નંદલાલ ગુજરી ગયા અને મોતીલાલ વિજયની સીડીનાં પગથિયાં આપબળે જ ચડ્યા.

ઇ. ૧૮૮૨માં શ્રી સ્વરૂપરાણી નેહરૂ સાથે એમનું લગ્ન થયું અને જવાહરલાલ, વિજયાલક્ષ્મી ને કૃષ્ણા એ ત્રણ સંતાન એમને થયાં.

ઈ. ૧૮૮૩માં કાનપુરમાં વકીલાત શરૂ કર્યા પછી ત્રણ જ વરસમાં એ ક્ષેત્ર સાંકડું લાગતાં તે અલાહાબાદ ગયા, ને ત્યાં એવો ધીકતો ધંધો જમાવ્યો કે ૧૯૨૦ના અસહકારમાં એમણે વકીલાત છોડી ત્યારે સમસ્ત ઉત્તર હિંદમાં પીઢ અને અગ્રણી ધારાશાસ્ત્રી તરીકે એમની બોલબાલા હતી.

૧૯૦૭માં યુ.પી.ની પ્રાંતિક પરિષદના પ્રમુખસ્થાને ચુંટાયા ત્યારથી એમના જાહેર જીવનની શરૂઆત થઇ; પણ ૧૯૨૦માં અસહકારમાં જોડાયા ત્યાં સુધી એ વિનીત જ હતા. ૧૯૦૯માં મોરલી-મિન્ટો સુધારા પછી એ યુક્તપ્રાંતની ધારાસભામાં ગયા અને ત્યાં હિંમત અને ધીટતાથી પોતાનો મુદ્દો રજૂ કરી તેને પાર ઉતારવાની શક્તિ વડે સ્વાભાવિક રીતે જ ત્યાંના નેતા બની ગયા. ૧૯૧૬ની હોમરૂલ ચળવળમાં મિસિસ બેસંટ પકડાતાં એમણે પોતાનું કર્તવ્ય જોઇ લીધું અને તરત આગળ પડી નેતાગીરી લઈ લીધી. પરિણામે એમને વિનીત પક્ષ અને એ પક્ષના દૈનિક પત્ર 'લીડર'ની બોર્ડ ઑવ ડિરેક્ટર્સમાંનું પોતાનું પદ છોડવાં પડ્યાં તરત પોતે ઉદ્દામ વિચારસરણીનું નવું પત્ર 'ઇન્ડિપેન્ડન્ટ' શરૂ કર્યું જેની પાછળ એમણે જંગી આર્થિક ભોગ આપ્યા.

૧૯૧૯માં ગાંધીજીએ રૉલેટ ઍક્ટ સામે સત્યાગ્રહ કરવા નેતૃત્વ લીધું તેમાં પંડિતજી જોડાયા, અને ત્યારથી જીવનની પળેપળ એમણે દેશકાર્યને જ આપી. જલિયાંવાલા બાગની કતલની રાષ્ટ્રતપાસ સમિતિને અગ્રપદે અને ત્યાર પછી એ જ વર્ષે અમૃતસરમાં ભરાએલી કૉંગ્રેસને પ્રમુખપદેથી એમણે રાષ્ટ્રને દોરવણી આપવાની શરૂઆત કરી. ૧૯૨૦માં અસહકારમાં આગેવાનીભર્યો ભાગ લઇ ધીકતી વકીલાત છોડી ને રાષ્ટ્રચરણે પોતાનો ધનપ્રવાહ વહેવડાવ્યો; પ્રિન્સ ઑવ વેલ્સ હિંદ આવતાં તેમના બહિષ્કાર માટેની કારવાઇમાં સકુટુંબ જેલ ગયા; બહાર આવ્યા બાદ, વડીધારાસભામાં જઈ સરકારનો કટ્ટર સામનો કરવાથી વધુ સંગીન કાર્ય થઇ શકશે એમ લાગવાથી પોતાના મિત્ર સ્વ. સી. આર. દાસ જોડે સ્વરાજ પાર્ટી સ્થાપી ધારાસભા સર કરી અને ૧૯૨૫માં દાસબાબુનું અવસાન થતાં ઉત્તર ભારતની નેતાગીરીનો તાજ એમને શિરે આવ્યો.

દેશે બહિષ્કૃત કરેલા સાઇમન કમિશનના નાટકી સુધારાઓની સામે રાષ્ટ્રની સાચી માગણી રજૂ કરતા સ્વરાજ્ય-બંધારણનો જે વિખ્યાત 'નેહરૂ રીપોર્ટ' એમણે તૈયાર કર્યો એ એમનું એક મહાન કાર્ય ગણાયું. ૧૯૨૮માં ફરી કૉંગ્રેસે કલકત્તા બેઠકનો તાજ એમને પહેરાવ્યો; ને બીજે વરસે લાહોરમાં એમના પુત્ર જવાહરલાલના પ્રમુખપદે મળેલી કૉંગ્રેસે સ્વાતંત્ર્ય જાહેર કર્યું, એટલે એમણે ધારાસભાનો અંતિમ ત્યાગ કરી ૧૯૩૦ની સત્યાગ્રહ ચળવળમાં ઝંપલાવ્યું તેમજ ૨૮મી માર્ચ ૧૯૩૦ના રોજ પોતાનો 'આનંદભવન' નામનો મહાલય રાષ્ટ્રને અર્પણ કરી દઈ એ જન્મજાત અમીરે સંપૂર્ણ ફકીરી લીધી.

૧૯૩૦ના એપ્રિલમાં જવાહરલાલ પકડાતાં કૉંગ્રેસનો તાજ એમને માથે આવ્યો, અને એની પ્રતિષ્ઠા સાચવતાં એ પણ જેલ ગયા. આ જેલવાસમાં એમની તબિયત એવી લથડી કે અધવચ્ચે સરકારે એમને છોડવા પડ્યા. પણ ફેફસાં અને કલેજાની એ બીમારી અંતે જીવલેણ નીવડી અને ૧૯૩૧ના ફેબ્રુઆરીની ૬ઠ્ઠી તારીખે એમણે દેહ છોડ્યો. રાષ્ટ્રધ્વજથી ઢંકાએલું એમનું શબ મહાત્મા ગાંધીજીને ખભે ચડી બહાર નીકળ્યું અને અલાહાબાદે એના ઇતિહાસમાં નહિ અનુભવેલી એવી વિરાટ માનવ મેદનીની અંજલિ વચ્ચે ઉત્તર ભારતના એ બેતાજ બાદશાહનો દેહ સુખડની ચિતામાં ભસ્મસાત થયો.

કાણાં પડેલી જૂની પણ અતિ કીમતી શાલને એક રાજવીએ દરજીને આપી તેમાંથી રાજકુટુંબ માટે બંડીઓ બનાવવાનું કહેતાં દરજી તો દિંગ થઇ ગયો. અને કુટુંબના નાનાં-મોટાં માણસોએ પણ જ્યારે જૂની શાલની બંડી પહેરવા બાબત અણગમો બતાવ્યો ત્યારે એમણે પોતે જ એની બંડીઓ શીવડાવી પહેરી. કુટુંબ વચ્ચે કરકસરનો જીવંત બોધપાઠ બનનાર એ રાજવી તે કચ્છના સમૃદ્ધ મહારાવ સ્વ. ખેંગારજી.

અનેકાર્થી શબ્દઃ **સારવું**=વીંધ પાડવું, શ્રાદ્ધ કરવું, ખેરવવું કે ટપકાવવું, પરોવવું, આંજવું કે લગાડવું, કરવું કે પાર પાડવું, પહેરવું કે શણગારવું, તારવવું, સરકાવવું.

કહેવતો કેમ પડી ?: 'અક્કલ બડી કે ભેંશ?' —એમ તેવા પ્રાણની ભૌતિક પદાર્થ કરતાં પણ બુદ્ધિ-જ્ઞાન-વધી જાય છે એ દર્શાવવા માટે વપરાતી આ કહેવત માટે વાત છે કે શિકારે નીકળેલા એક રાજા તરસ્યા થયા. તેને કણબીના બે છોકરાએ પાણી પાયું તેથી રાજાએ પ્રસન્ન થઇ ઇનામ માગવાનું કહ્યું. મોટાએ તો પોતાની કણબી-બુદ્ધિ ચલાવી તરત ભેંશ માગી; પણ નાનાએ ખૂબ વિચાર કરી અક્કલ માગી ને રાજાએ તેને ભણાવીગણાવી હોશિયાર કરતાં તે દરબારમાં સારે હોદ્દે ચડ્યો. વખત વીત્યે એક દિવસ સવારીએ નીકળેલા રાજાએ મોટા ભાઇને તેની ભેંશના સમાચાર પૂછતાં તેણે કહ્યું કે એ તો મરી ગઇ. એથી રાજાએ તેને પૂછ્યું કે 'અક્કલ બડી કે ભેંશ ?'

ગણિત ગમ્મતઃ કોઈ પણ રકમ ધારો. તેને બમણી કરો. જે આવે તેમાં તમારી ધારેલી રકમ પછી તરત જ આવતી રકમ ઉમેરો. જે આવે તેમાંથી ધારેલી રકમ પછી તરત જ આવતી રકમનો એક એક સુધીનો સરવાળો બાદ કરો. આવે તેમાં ધારેલી રકમનો એક એક સુધીનો સરવાળો ભેળવો. જે આવે તેને ત્રણ વડે ભાંગો. ભાગમાં આવે તે તમારી ધારેલી રકમ! —કાન્તિલાલ મ. દેવી

પૃથ્વી પોતાની ધરી પર એક ચક્કર પૂરું કરે છે તે સંપૂર્ણ ૨૪ કલાકનો દિવસ નથી થતો; પણ ૨૩ કલાક, ૫૬ મિનિટ અને ૩૬ સેંકડ જેટલો હોય છે.

આ મહિનાનું નામ મે—આ માસની પહેલી તારીખે રોમન દેવતા મર્ક્યુરી (બુધ)ની માતા 'માયયા'ને બલિદાન-નૈવેદ્ય ધરાતાં એ પરથી પડ્યું છે.



દેશદેશના શિરસ્ત્રાણ • બાજુએ છે તે જાપાનના વતનીનો

વીંછીના ડંખ ઉપર મૂળાનાં પાનનો રસ નીચોવી ટીપું પાડવાથી વીંછી ઊતરી જશે.

શબ્દોની વિશિષ્ટતા

તંડુલ=ડાંગર; છોતરાં સાથેના ચોખા;

અક્ષત=છોતરાં કાઢેલા—છડેલા ચોખા;

ઓદન=રાંધેલા ચોખા (ભાત).

ભાત શબ્દ મૂળ સંસ્કૃત भक्त ઉપરથી થયો છે.

'મારી સ્ત્રી બહુ મોટા કુટુંબમાંથી આવી છે.'
'મારી તો એ સાથે જ લેતી આવી છે!'

યુદ્ધમાં વપરાતી પેલી ભીષણ અને જબરું બખતરગાડીનું નામ 'ટૅંક' તો ગયા મહાયુદ્ધમાં દુશ્મનોને તેની બનાવટની જાણ ન પડી જાય એટલા માટે એવું ભુલામણું રાખવામાં આવેલું. પૅલેસ્ટાઈનના નપાણિયા મુલકમાં સૈનિકોને પાણી પૂરું પાડવા માટેની ટાંકીઓ તરીકે તેને, તેના ઘાટ પરથી, ઓળખાવેલી.

ન્યૂમોનિયા કે ક્ષયરોગ ઉપર લસણ ગુણકારી હોવાની કલ્પના શાસ્ત્રીય પ્રયોગોએ ખોટી ઠરી છે.

'વહુ જોઇએ છે' એમ જણાવી પત્ની મેળવવાની જાહેરખબર પહેલવહેલી ઇ. ૧૬૯૫માં લંડનમાં એક માણસે છપાવી હતી.

ક્લૉરોફૉર્મ, કૅલ્શ્યમ લૅક્ટેટ અને કાર્બોલિક ઍસિડ, એ ત્રણ રસાયણો હિંદુસ્તાનમાં હજી હમણાં જ તૈયાર થવા લાગ્યાં છે.

અશુદ્ધ જોડણીના અનર્થ

મરીચિ=દશપ્રજાપતિમાંના એક; કિરણ. મરીચી=સૂર્ય
વિજન=એકાંત; વેરાન .... વીજન=પંખો
શરુ=એક જાતનું ઝાડ .... શરૂ=આરંભાયેલું
સારુ=ને માટે; વાસ્તે .... સારું=ઠીક; સુંદર
અંશ=ભાગ; વર્તુલનો ૩૬૦મો ભાગ ... અંસ=ખભો
કંબુ=શંખ; દશ લાખની સંખ્યા ... કંબૂ=ચોકું; ઠગારું
પરુ=પાચ ... પરું=અળગું; શહેર બહારનું ઉપનગર
નશો=કેફી ચીજથી ચડતો કેફ .. નગો=બદમો; ગંદકી
સંભારવું=યાદ કરવું .... સંભાળવું=સંભાળ રાખવી
(રમણ અંબાલાલ શાહ)

ઑસ્ટ્રેલિયાની ૭૦ લાખની આગજનતામાં પુરુષોની સંખ્યા સ્ત્રીઓ કરતાં ૮૨ હજાર જેટલી વધી; પણ શહેરોની લોકસંખ્યા લીધી તેમાં પુરુષો કરતાં સ્ત્રીઓ ૧૬૦૦૦ જેટલી વધુ થઈ!

જર્મનીએ યુદ્ધસામગ્રીના ઉપયોગમાં લેવા માટે બધાં દેવળોના કાંસાના ઘંટ ઉતરાવી લઇ ઍલ્યુમિનિયમના ઘંટ આપ્યા છે.



વનસ્પતિ ખોરાકમાંના ફોસ્ફેટ દ્રવ્યો ગાય દૂધ માર્ફત માણસને પહોંચાડે છે. ◘ મન અને તનના વિકાસ માટે માણસને ફોસ્ફરસ જરૂરનું તત્વ છે. ◘

ગાય ઘાસપાન ખાઇને આપણને દૂધ અને છાણ આપે છે. તેમાંથી દૂધ દ્વારા આપણને વનસ્પતિના ફાયદા તો મળે છે; પણ તેના છાણમાં ઊતરતા વનસ્પતિના ગુણ આપણે એ છાણનાં છાણાં થાપી તેનું બળતણ કરીને વેડફી નાખીએ છીએ. એ છાણમાં કેટલાં ઉપયોગી તત્ત્વો હોય છે તે નીચેનું ચિત્ર કહેશે. (Our India by M. Masani ઉપરથી)

કીમતી ખાતરનું બળતણ





શિવ-પાર્વતી　　　　　　　　　　શિલ્પી : શ્રીધર મહાપત્ર







ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

જમણી બાજુ: 'બાળપણના સાથીદારો'-ચન્દ્રકાન્ત પટેલ (અમદાવાદ) બીજું ઇનામ; ડાબી બાજુ મથાળે: 'સંધ્યા'-હીરાલાલ જાદવ (અમદાવાદ) નોંધપાત્ર; નીચે: 'ઘરભણી પ્રયાણ'—મઝહર માસ્તર (પાલણપુર) નોંધપાત્ર.

ધરતીકંપને સ્મરણાંકિત કરતી ટપાલની ટિકિટો




મધ્ય અમેરિકાના ઇતિહાસમાં અશ્રુતપૂર્વ એવો એક ભયંકર ધરતીકંપ ઇ. ૧૯૩૧ના માર્ચની ત્રીજી તારીખે ત્યાંના નિકારાગુઆ પ્રાંતમાં થયો. જેમાં અસંખ્ય માનવજીવોની અને લાખોની મિલ્કતની હાનિ થઈ. એ પ્રસંગને સ્મરણાંકિત કરવાના તેમજ એ આપત્તિથી પીડિતોને રાહત આપવાના ફાળામાં સહાય કરવાના ઉદ્દેશથી ત્યાં ટપાલની ટિકિટોનો એક મોટો સેટ કાઢવામાં આવેલો, જેમાંનું એક જોડકું ઉપર આપેલું છે. એ ધરતીકંપમાં દેશના અનેક સુંદર અને ભવ્ય મહાલયોનો નાશ થએલો. તેમાંનાં થોડાકને ચૂંટીને એ સેટ પર છાપવામાં આવ્યાં,—એવી રીતે કે જોડકાંના પહેલી ટિકિટ પર એ મકાનનું અસલ દૃશ્ય અને બીજી ટિકિટ પર ધરતીકંપની પાયમાલીવાળું દૃશ્ય. એ ઉપરાંત ટિકિટો પર કિંમત પણ બે છાપેલી છે: ડાબી બાજુએ ટિકિટની પોતાની કિંમત અને જમણી બાજુને ખૂણે ધરતીકંપના ફાળામાં જવાની રકમ. ખરીદનારે એ બંને ભરીને ટિકિટ ખરીદવાની. ટપાલની ટિકિટોની તવારીખમાં આ એક અપૂર્વ સેટ ગણાય છે. અમુક કારણોસર એ ટિકિટો વપરાશમાં મુકાઇ નહિ, અને તેથી ટિકિટસંગ્રાહકોને માટે એ એક રસપ્રદ વિષય થઈ પડ્યો છે.

(શ્રી હરિલાલ બેંકર-વઢવાણ કૅમ્પ-ના સંગ્રહમાંથી)



રમકડાંના રંગ

ચિત્રકાર • ભીખુભાઈ આચાર્ય (ગુજરાત કલાસંઘ ચિત્રશાળા)



ગાડારસ્તો

ફોટો · આબીદમિયાં સૈયદ · પાલણપુર

(એક્સ્પોઝર : ૧/૫૦ સેકંડ F·8; ફિલ્ટર : લાઈટ યલો; ફિલ્મ : પૅનૅટૉમિક)